ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલ વર્ષ ૬૩)

અંક-૭ • ઑક્ટોબર, ૨૦૧૫ • પાનાં ૫૨ • કીમત રૂ. ૨૦

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 3, ISSUE : 7, OCTOBER 2015, PAGES 52. PRICE 20/-



# જિન-વચન

**જેઓ કોઈની નિંદા કરતા નથી કે તિરસ્કાર કરતા નથી, તેમ જ ક્રોધ કે માનનો ત્યાગ કરે છે તેઓ પૂજ્ય છે.**

तहेव डहरं व महल्लगं वा
इत्थी पुमं पव्वइयं गिहिं वा ।
नो हीलए नो वि य खिंसएज्जा
थंभं च कोहं च चए स पुज्जो ।।
(द. ९-(३)-१२)

બાળક હોય કે મોટા માણસ, સ્ત્રી હોય કે પુરુષ, દીક્ષિત હોય કે ગૃહસ્થ, ગમે તે હોય, પરંતુ જેઓ કોઈની નિંદા કરતા નથી કે તિરસ્કાર કરતા નથી, તેમ જ જેઓ ક્રોધ કે માનનો ત્યાગ કરે છે તેઓ પૂજ્ય છે.

A person who deceives or beguiles others in the matters of penance, speech, complexion, behaviour and feelings becomes a kilbish, i.e. deity of an Inferior category, in the next birth.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૩.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબ સાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

# આચમન

## આ માણસ વેપારી ન હોય!

પોતે હજારોના વેપાર ખેડતા, હીરા મોતીની પરખ કરતા, વેપારના કોયડા ઉકેલતા. પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો – વિષય – પુરુષાર્થ તો આત્મઓળખ – હરિદર્શન – હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપાર વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે. તેમના લેખોનો જે સંગ્રહ પ્રગટ થયો છે તેમાંનો ઘણો ભાગ તો આ નોંધપોથીમાંથી લેવાયેલો છે. જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહીં પણ અનેક વેળા થયેલો. મેં તેમને કદી મૂર્છિત સ્થિતિમાં નથી જોયા. મારી જોડે તેમને કશો સ્વાર્થ નહોતો, તેમના અતિ નિકટ સંબંધમાં હું રહ્યો છું. હું તે વેળા ભિખારી બારીસ્ટર હતો. પણ જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે.

□ મહાત્મા ગાંધીજી
(સત્યના પ્રયોગોમાંથી)

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મિચ્છા મિ દુક્કડં | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | અહિંસા-ગાંધીજી અને જૈનધર્મ | કાકુલાલ મહેતા | ૫ |
| ૩. | ગાંધી વાચનયાત્રા : 'બિલવેડ બાપુ' | સોનલ પરીખ | ૧૨ |
| ૪. | ઉપનિષદમાં કાળ (સમયતત્ત્વ) વિચાર | ડૉ. નરેશ વેદ | ૧૬ |
| ૫. | શ્રી મું. જૈન યુ. સંઘઃ ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન | — | ૧૮ |
| ૬. | તારંગા તેરી યાદમેં... | કિશોરસિંહ સોલંકી | ૨૧ |
| ૭. | 'ક્ષણભંગુર' | નટવરભાઈ દેસાઈ | ૨૫ |
| ૮. | વનસ્પતિમાં પ્રેમ,ભાવનાઓ,આત્મીયતા ભરેલી છે | રવિલાલ કુંવરજી વોરા | ૨૬ |
| ૯. | અહિંસાપ્રેમીઓ જાગો, કતલખાનાની વસ્તુના વપરાશ પર રોક લગાવો | સુબોધિ મસાલિયા | ૨૭ |
| ૧૦. | અવસર | — | ૨૯ |
| ૧૧. | ભાવ-પ્રતિભાવ | — | ૩૩ |
| ૧૨. | રશ્મિભાઈ ઝવેરી : એક વિનીત પુરુષનું અરિહંતશરણ | — | ૩૭ |
| ૧૩. | નિર્ગ્રંથસ્થિતિ : ઉચ્ચ જીવનનો રાજમાર્ગ | શાંતિલાલ ગઢિયા | ૩૮ |
| ૧૪. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૯ |
| ૧૫. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૪૨ |
| 16. | Seekers Diary : Pearl of Wisdom | Reshma Jain | 45 |
| 17. | `Victory of Navkar Mantra | Muni Vatsalyadeepji Trans. : Pushpa Parikh | 46 |
| 18. | Gandhi Katha | Umashankar Joshi Trans. : Divya Joshi | 47 |
| 19. | Enlighten yourself by Self Study of Jainology Leson 8 (1)–Anekantvad, Syadvad, Nayavad & Saptbhangi | Dr. Kamini Gogri | 48 |
| 20. | The fifth Chakravarty King Shantinath | Dr. Renuka Porwal | 50 |
| 21. | The fifth Chakravarty King Shantinath Pictorial Story (ColourFeature) | Dr. Renuka Porwal | 51 |
| ૨૨ | પંથે પંથે પાથેય : આશાની છીપમાં સિદ્ધિનાં મોતી | ગીતા જૈન | ૫૨ |


મુખપૃષ્ઠ સૌજન્યઃ
મુનિ કૈવલ્યજિત વિજયજી સંકલિત 'જ્ઞાનજ્યોત' ગ્રંથમાંથી

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩ (કુલ વર્ષ ૬૩) • અંક : ૭ • ઑક્ટોબર ૨૦૧૫ • વિક્રમ સંવત ૨૦૭૧ • વીર સંવત ૨૫૪૧ • આસો સુદ તિથિ ૩ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •

• • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## મિચ્છા મિ દુક્કડં

***ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે,***
***મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ.***

-વંદિત્તું સૂત્ર-ગાથા ૪૯

**('હું બધાં જીવોને ખમાવું છું, બધાં જીવો મને ક્ષમા આપો, મારે બધા જીવો ઉપર મૈત્રી ભાવ છે, કોઈ જીવ સાથે મને વેર નથી.)**

મિચ્છા, – મિથ્યા,
મિ, – મારા,
દુક્કડં, – દુષ્કૃત્યો-પાપો

મારા દુષ્કૃત્યો – પાપો મિથ્યા થાવ. એટલે મારા પાપોને આપ ક્ષમા આપો.

**આ અંકના સૌજન્યદાતા**

**રીટાબેન ઉમંગભાઈ શાહ**
**કુ. શૈલી ઉમંગભાઈ શાહ**
**ચિ. ઝુબીન ઉમંગભાઈ શાહ**

આજથી લગભગ પચ્ચીસ વરસ પહેલાં આ સંસ્થાના તે વખતના માનદ મંત્રી અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના યશસ્વી સંચાલક અમારા શ્રી ચીમનલાલ જે. શાહે ગીતા જૈનને એક ક્ષમાપના પોષ્ટ કાર્ડ લખ્યું હતું, તેમાં શબ્દો હતા, **'જ્યાં જાગૃતિ છે ત્યાં ક્ષમાપનાની આવશ્યકતા નથી.'** ગીતા દીદીને મેં સંવત્સરી પ્રતિક્રમણના બે દિવસ પછી એઓ જ્યારે વિપશ્યના સાધનામાંથી પાછા આવ્યા ત્યાર પછી 'મિચ્છા મિ દુક્કડં' – ખમાવવા માટે ફોન કર્યો ત્યારે એમણે મને ઉપરની વાત કરી અને મને વિચારતો કરી દીધો. આ વાક્ય કેટલું પ્રબળ અને ગહન છે કે આજે પચ્ચીસ વરસ પછી પણ ગીતા દીદીને આ વાક્ય યાદ રહી ગયું! અને એ પોષ્ટ કાર્ડ પણ સાચવી રાખ્યું! જીવનયાત્રામાં આ વાક્ય એમને કેટલું બધું, પળે પળે કામ લાગ્યું હશે!! માનવ માનવ વ્યવહાર વચ્ચે પળે પળે એ કેટલા જાગૃત રહ્યા હશે?! અને એથી જ એઓ યોગ સાધના અને સ્વયં સ્વસ્થ બનો સૂત્ર સાથે સેવાના માર્ગે મક્કમ ડગલાં માંડી શક્યા હશે!

આપણે પણ પળે પળે પ્રત્યેક વ્યક્તિ સાથે જાગૃત થઈને વ્યવહાર કરતા રહીએ તો ક્યારેય ક્ષમા માગવાનો વારો જ ન આવે. કહેવાય છે ને કે જે રાજ્યમાં 'જેલ' ન હોય એ સુરાજ્ય. પ્રત્યેક વ્યવહારમાં જાગૃત રહીએ અને બસ જાતને – આત્માને એટલું જ પૂછીએ કે

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260
• Website : www.mumbai-jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ISSN 2454–7697

આ જે કાંઈ થઈ રહ્યું છે, હું જે કરી રહ્યો છું એ જો મારી સાથે બને તો મને એ ગમે? જો મને ન ગમે તો એને કેમ ગમે? આ જ જાગૃતિ. મારા ઉપર મુકેલા વિશ્વાસનો હું ઘાત તો નથી કરી રહ્યો ને? બસ આ એક જ માપપટ્ટી બસ છે, પછી ક્યારેય કોઈની ક્ષમા માગવાનો અવસર નહિ આવે. નવા કર્મો બંધાશે નહિ અને કર્મ નિર્જરાનું આકાશ ખૂલી જશે!

**અજ્ઞાનીને દોષ દેવાથી આપણું જ્ઞાન જ અજ્ઞાનમાં પરિવર્તિત થઈ જાય છે**

પરંતુ જો કોઈએ આપણી સાથે દુઃખદ વર્તન કર્યું હોય, આપણને દુઃખ કે મુશ્કેલી પહોંચાડ્યા હોય ત્યારે અને એ પછી આપણે શું વિચારવાનું? મનની અંદર કેટલા યુદ્ધો ખેલવાના? અને એ યુદ્ધમાં વેરવૃત્તિનો ગુણાકાર થતો જાય એ પણ જોવાનો? તો આનો તો અંત જ નથી. વેરનું શિખર વ્યક્તિને હિંસા પાસે જ લઈ જાય.

ઈશુને વધ સ્તંભ ઉપર ચઢાવ્યા ત્યારે એ એટલું જ બોલ્યા હતા, ભગવાન આ બધાંને માફ કરી દેજે, કારણ કે એમણે શું કર્યું, આવું કેમ કર્યું એની એમને ખબર જ નથી. એ અજ્ઞાની જીવો છે. જ્ઞાની હોત તો આવું કરે? તો અજ્ઞાનીને દોષ દેવાથી આપણું જ્ઞાન જ અજ્ઞાનમાં પરિવર્તિત થઈ જાય છે, આ યોગ્ય છે?

મહાત્મા ગાંધીને ગોડસેએ ગોળી મારી, ત્યારે મહાત્માજી થોડાં પણ શ્વાસમય હોત તો એ મહાત્મા હે રામની સાથે એવું જરૂર કહેત કે 'રામ એને માફ કરી દેજે.'

આપણે પણ સત્ત્વ વાંચન વાંચીએ છીએ, તત્ત્વ શ્રવણ કરીએ છીએ, સંત જીવન જોઈએ છીએ. ક્યારેક કોઈ આપણે દુભવી જાય ત્યારે જાગૃત બની આપણે એટલો જ વિચાર કરવો જોઈએ કે આજે મારે બીજા થકી જે આ દુઃખ ભોગવવાનું આવ્યું છે તે મારા પૂર્વ કર્મ આધારિત જ છે. એ જીવનો કોઈ દોષ નથી.

મારા પૂર્વ કર્મને કારણે મારે એ ભોગવવાનું હતું જ, એ જ હું ભોગવું છું. વર્તમાનમાં આ દુઃખ દેનાર તો નિમિત્ત છે, મારે એને શો દોષ દેવો? મારે તો એનો આભાર માનવાનો કે જે આ દુઃખ હું ભોગવી રહ્યો છું એથી તો મારું એક કર્મ ખપાયું એટલે મારો એક કર્મ ક્ષય થયો એટલે હવે હું આ પરિસ્થિતિમાં સમતા રાખું છું. એટલે સમતાના શુભ કર્મ બાંધવાને માટે પણ આ વ્યક્તિ નિમિત્ત બની છે. એટલે આ પ્રસંગથી તો મને બે લાભ થાય છે, કર્મનિર્જરા અને શુભકર્મ બંધ. મારા માટે તો આ સૌભાગ્ય છે.

એટલે આપણે તો કાળને વિનંતિ કરવાની કે પળે પળે મને જાગૃતિ આપજે, પછી ન પશ્ચાતાપ કે ન ક્ષમાની યાચના.

આ મિચ્છા મિ દુક્કડં શબ્દ પણ હવે તો 'સાલ મુબારક' જેવો ચલણી બન્યો છે. અજૈન મિત્રો જૈન મિત્રોને આ મિચ્છા મિ દુક્કડં શબ્દને આ રીતે જ સમજે છે અને ઉપયોગ કરે છે. જૈન મિત્રોએ પોતાના અજૈન મિત્રોને આ સમજાવવું જોઈએ, કે ભાઈ આખા વરસ દરમિયાન આપે મારા પ્રત્યે કોઈ દુષ્કૃત્ય કે પાપ કર્યું નથી તો અમને આ મિચ્છા મિ દુક્કડં ન કહો. આ સંવત્સરી અમારું નવું વર્ષ નથી. અમારું નવું વર્ષ પણ કારતક સુદ એકમે જ છે બધાંની જેમ જ.

મિચ્છા મિ દુક્કડં ભાવના–વિચાર–આચાર એ જિનવાણી છે. પશ્ચાતાપ કરવો, પોતાનાથી અન્ય પ્રત્યે થઈ ગયેલા પાપો અને દુઃખો માટે હૃદયથી માફી માગવી એ પ્રત્યેક સંસ્કારી જીવનું કર્તવ્ય છે.

જ્ઞાન આગળ વધે કે ન વધે, જો કે જ્ઞાન પોતે જ એટલું બળવાન છે કે એ યથા સમયે પ્રગટે–પ્રકાશે અને આગળ વધવાનું જ છે. પણ 'મિચ્છા મિ દુક્કડં' એ નવા વરસની શુભેચ્છા છે એવું **અજ્ઞાન આગળ વધવું તો ન જ જોઈએ,** એ માટે પ્રત્યેક શ્રાવકે જાગૃત રહેલું જ રહ્યું.

પુનઃપુનઃ વિચારીએ કે નિમિત્તને ક્યારેય દોષ ન દઈએ. સદા સર્વદા પ્રત્યેક વાણી અને વર્તનમાં જાગૃત રહીએ તો આ ક્ષમાપના માગવાનો અવસર ન જ આવે.

**ખમાવણયાએ ણં ભંતે!**
**જીવે કિં જણયઈ?**

''હે ભગવાન! ક્ષમાપનાથી જીવને કયા ફળની પ્રાપ્તિ થાય છે?''

''હે શિષ્ય! ક્ષમાપનાથી ચિત્તની પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે. ચિત્તની પ્રસન્નતાની પ્રાપ્તિથી સર્વે પ્રાણભૂત જીવ અને સત્ત્વ આદિમાં મૈત્રી ભાવની ઉત્પત્તિ થાય છે અને મૈત્રી ભાવને પ્રાપ્ત કરીને આ જીવ ભાવ વિશુદ્ધિ દ્વારા સર્વથા નિર્ભય થઈ જાય છે.''

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન-૨૯, ગાથા-૧૭

પ્રત્યેક જીવના જીવનમાં આવું પ્રભાત પ્રત્યેક પળે ઊગો એવી પ્રાર્થના.

'પ્રબુદ્ધ જીવન'માં શબ્દો પીરસતી વખતે અમે સદાય જાગૃત રહેવાનો પ્રયત્ન કર્યો છે છતાં 'તુંડે તુંડે મતિઃ ભિન્નં' એ વાસ્તવિકતાને કારણે મતભેદ થયા હોય, જે કદાચ મનદુઃખ સુધી પહોંચ્યા હોય, તો અમે એ સર્વે સર્વ વાચકોની ક્ષમા માગીએ છીએ.

મિચ્છા મિ દુક્કડં...!

☐ **ધનવંત શાહ**
dtshah1940@gmail.com

# અહિંસા–ગાંધીજી અને જૈન ધર્મ

❑ કાકુલાલ મહેતા

*પૂજ્ય મહાત્મા ગાંધીજીના ૧૪૬મા જન્મ વર્ષે શબ્દાંજલિ*

**સંયુક્ત રાષ્ટ્રસંઘ પ્રણીત અહિંસાદિન**

**મહાત્મા ગાંધીજીની પાવન સ્મૃતિમાં, સંયુક્ત રાષ્ટ્રસંઘે બીજી ઑક્ટોબરને 'અહિંસાદિન' તરીકે દર વરસે ઊજવવાનો ઠરાવ કરેલ છે** એ તિથિ નિમિત્તે, પહેલો વિચાર એ ઉદ્ભવે છે કે ગાંધીજીનું જીવન એટલે 'અહિંસા અને સત્યને વરેલું જીવન'. અહિંસા અને સત્ય વિશેના એમણે જાહેર કરેલા વિચારો પ્રતિ એક દૃષ્ટિ કરીએ એ જ વધારે ઉચિત ગણાશે તો વાંચો 'ગાંધીજીનો સંસ્કારવારસો'ના આધારે...

(૧૯૧૮ જુલાઈ ૬, નડિયાદ, સી એફ ચાર્લ્સેંડ્રૂઝને)

અહિંસાનો પાઠ તો એ માણસને આપવાનો છે જેનું જીવન જુસ્સાથી તરવરતું હોય અને જે પોતાના વિરોધીની સામે છાતી કાઢીને ટટ્ટાર ઊભો રહી શકે એમ હોય. મને લાગે છે કે અહિંસા પૂરેપૂરી સમજવા માટે અને બરાબર પચાવવા માટે શારીરિક હિંમતનો પૂરો વિકાસ થયેલો હોવો એ અનિવાર્ય છે. (ભારત છોડોની ચળવળ વખતે ૧૯૪૨-૪૫ દરમ્યાન ગવાતા એક ગીતની તર્જ : જોજે જોજે જુવાન રંગ જાય ના, તારી માવડીનું દૂધ વગોવાય ના, જોજે જોજે જવાન રંગ જાય ના).

(યંગ ઈન્ડિયા, ૧૧-૦૮-૧૯૨૦)

અહિંસાનો ધર્મ કંઈ એકલા ઋષિમુનિઓ અને સંતોનો ઈજારો નથી. એ આમજનતા માટે પણ છે. હિંસા જેમ પશુજગતનો કાનૂન છે તેમ અહિંસા આપણી માનવજાતિનો કાનૂન છે. પશુનો આત્મા સૂતેલો હોય છે એટલે તેને શરીરબળ સિવાય બીજા કોઈ કાનૂનની ખબર નથી. આત્મશક્તિના ઉમદા કાનૂન મુજબ ચાલવામાં માનવીનું ગૌરવ રહેલું છે.

હિંસાની વચ્ચે રહીને જે ઋષિઓએ અહિંસાના કાનૂનની શોધ કરી હતી તેઓ ન્યુટન કરતાં પણ મોટા પ્રતિભાસંપન્ન પુરુષો હતા. તેઓ વેલિંગ્ટન કરતાં પણ મોટા સૈનિકો હતા. શસ્ત્રોનો ઉપયોગ કરવાનું તેઓ જાણતા હતા માટે જ તેમને તેની નિરુપયોગીતાની પ્રતીતિ થઈ હતી અને એટલા માટે જ તેમણે થાકેલી દુનિયાને પાઠ ભણાવ્યો હતો કે તેમની મુક્તિ હિંસામાં નહીં પરંતુ અહિંસામાં રહેલી છે.

વ્યવહારમાં ઉતારેલી અહિંસાનો અર્થ થાય છે સમજપૂર્વકનું કષ્ટસહન. અન્યાય કરનાર આગળ રાંક બનીને ગરદન ઝુકાવી દેવી એવો એનો અર્થ થતો નથી, પરંતુ એનો અર્થ એવો થાય છે કે જુલમગારના મનોબળ સામે પોતાનો સમગ્ર આત્મા મૂકી દેવો. માનવ જાતિના આ કાનૂન અનુસાર વર્તવાથી એકલદોકલ વ્યક્તિ માટે પણ પોતાની ઇજ્જત, પોતાનો ધર્મ અને પોતાની આત્મરક્ષા માટે અન્યાયી સામ્રાજ્યની તાકાતને પડકારવાનું અને એ સામ્રાજ્યના પતનનો કે પુનરુદ્ધારનો પાયો નાંખવાનું શક્ય બને છે.

હિંદુસ્તાન નિર્બળ છે એટલા ખાતર હું તેને અહિંસાનું આચરણ કરવાનું કહેતો નથી. તે પોતાનું મક્કમપણું અને તાકાત સમજતું હોવાથી હું તેને અહિંસાનું આચરણ કરવાનું કહું છું. પોતાની શક્તિ ઓળખવા માટે તેને શસ્ત્રોની તાલીમ લેવાની જરૂર નથી. આપણે માત્ર હાડચામનું ક્લેવર છીએ એવું આપણને લાગતું હોવાથી આવી તાલીમ લેવાની જરૂર જણાય છે. હું ઈચ્છું છું કે હિંદુસ્તાનને એ વાતની પ્રતીતિ થાય કે તે એવો આત્મા ધરાવે છે કે જે નાશ પામતો નથી અને જે પ્રત્યેક શારીરિક નિર્બળતા સામે વિજયી નીવડે તેમ છે અને જે આખી દુનિયાની પાશવી તાકાતનો સામનો કરવા સમર્થ છે.

(નવજીવન, ૧૮-૦૩-૧૯૨૨)

અહિંસા મારો ધર્મનો પહેલો મંત્ર છે અને એજ મારા ધર્મનો છેલ્લો મંત્ર છે.

(૧૯૨૫ મે ૨૨, બોગરા, શાળાના કાર્યકર્તાઓ સમક્ષ ભાષણ)

અહિંસા મારો ધર્મ છે, મારો ઈશ્વર છે; સત્ય મારો ધર્મ છે, ઈશ્વર છે. સત્યને હું ઢુંઢું છું ત્યારે અહિંસા કહે છે મારી મારફત ઢુંઢો; અહિંસાને ઢુંઢું છું ત્યારે સત્ય કહે છે કે મારી મારફત ઢુંઢો. (અહિંસા અને સત્ય બન્ને એક સિક્કાની બે બાજુ સમાન છે. એક વિના બીજું શક્ય નથી.)

(યંગ ઈંડિયા, ૧૨-૦૮-૧૯૨૬)

અહિંસા એ કાયરતા છૂપાવવાનું ઢાંકણ નથી, એ તો વીરોનું ભૂષણ છે. અહિંસાપાલનમાં તલવાર ચલાવવા કરતાં ઘણી વધારે વીરતાની જરૂર છે.

(નવજીવન, ૧૦-૧૦-૧૯૨૬)

**મારી એવી અચલ શ્રદ્ધા છે ખરી કે કોઈ પણ દિવસે આખા જગતને હિંદુસ્તાન અહિંસાનો પાઠ ભણાવશે.**

અહિંસા અને સત્ય મારા બે પ્રાણ છે. તેના વિના હું ન જીવું એમ માનું છું. પણ અહિંસાની

મહાન શક્તિ અને મનુષ્યનું પામરપણું હું ક્ષણે ક્ષણે વધારે સ્પષ્ટ જોતો આવું છું. દયાનો નિધિ વનવાસી મુનિ પણ કેવળ હિંસામુક્ત નથી થઈ શકતો. પ્રત્યેક શ્વાસ તેની પાસે હિંસા કરાવે છે. દેહ એટલે હિંસાસ્થાન. તેથી જ સર્વથા દેહમુક્તિમાં જ મોક્ષ અને પરમ આનંદ રહ્યા છે. તેથી જ મોક્ષના આનંદ સિવાયનો બધો આનંદ અસ્થિર છે, સદોષ છે.

(૧૯૩૧ ફેબ્રુઆરી ૨૬, દિલ્હી, સીસગંજ ગુરુદ્વારામાં ભાષણ)

સત્ય અને અહિંસા હોય ત્યાં કપટ કે જૂઠાણાને સ્થાન નથી. આખી દુનિયાનું ધ્યાન કોંગ્રેસ આકર્ષી રહી છે એનું સીધુંસાદું કારણ એક જ છે. આજ સુધી કોઈ પ્રજાએ નથી અજમાવ્યા એવા માર્ગે તે સ્વાતંત્ર્ય મેળવવા પ્રતિજ્ઞા લઈ ચૂકી છે. સ્વાતંત્ર્ય મેળવવાનો એક જ માર્ગ જગતે આજ લગી જાણ્યો છે. અને તે છે શારીરિક બળ. પણ હિંદના અને જગતના સદ્ભાગ્યે પોતાની સ્વતંત્રતા માટે હિંદે સત્ય અને અહિંસાના માર્ગે ઝુકાવ્યું છે. ઇતિહાસમાં આ ઘટના અપૂર્વ છે; અને જે જગત શરૂઆતમાં સાશંક હતું તે આજે હિંદનો ભવ્ય અહિંસક પ્રયોગ અદ્ધર શ્વાસે જોઈ રહ્યું છે.

(યંગ ઈન્ડિયા, ૨-૪-૧૯૩૧, અક્ષરદેહ-૪૫ (૧૯૭૭) ૪૨૧)

અહિંસાની તાકાત પ્રભાવશાળી તો જ બને જો અહિંસાની શરૂઆત મનથી થાય. મનના સહકાર વિનાની માત્ર શારીરિક અહિંસા એ તો નિર્બળ અથવા કાયરની અહિંસા છે, અને તેથી એમાં કશી શક્તિ નથી. જમશેદજીએ સાચું જ કહ્યું છે કે એવી અહિંસાના પ્રયોગથી અધોગતિ થાય છે. આપણા હૃદયમાં આપણે દ્વેષ અને ધિક્કાર સેવીએ, અને પ્રતિકાર ન કરવાનો ડોળ કરીએ, તો એ બધું આપણા તરફ જ પાછું ફરીને આપણો નાશ કરશે. માત્ર શારીરિક અહિંસાથી ઊપડતી હાનિમાંથી બચવું હોય અને સક્રિય પ્રેમ પેદા ન થઈ શકતો હોય, તો ઓછામાં ઓછું મનમાં ધિક્કાર તો ન જ સેવવો જોઈએ. જે જે ભાષણો અને ગીતો ધિક્કાર સૂચવતા હોય તે બધા પર પ્રતિબંધ મૂકવો જોઈએ. સત્તાનો વિવેકહીન સામનો કરવાથી કાયદાનું રાજ રહેતું નથી, નિરંકુશ અસ્વચ્છંદ વ્યાપે છે અને પરિણામે આત્મનાશ થાય છે.

(૧૯૩૨ મે ૨૮, યરવડા મંદિર, રામચંદ્ર ના. ખરેને પત્ર)

અહિંસા એટલે પોતાના સ્વાર્થને સારુ કોઈને દુઃખ ન દેવું. મનની એવી વૃત્તિ હોય ને વર્તન હોય ત્યારે અહિંસા ગણાય.

(૧૯૩૩ જૂન ૨૬, પર્ણકુટી પૂના, એમ અસફઅલીને પત્ર)

અહિંસા એ મારે માટે કેવળ અખતરો નથી. એ મારા જીવનનું અંગ છે. સત્યાગ્રહનો આખો સિદ્ધાંત. અસહકાર, સવિનયભંગ અને એવી બીજી બાબતો, અહિંસા માનવજીવનનો નિયમ છે અને મૂળભૂત સિદ્ધાંતના અનિવાર્ય ફલિતો છે. મારે માટે તો એ સાધન પણ છે અને સાધ્ય પણ છે, અને પહેલાં કદી નહોતી એટલી આજે મારી ખાત્રી થઈ છે કે આજે હિંદુસ્તાનની સામે જે જટિલ પરિસ્થિતિ છે તેમાં સાચું સ્વાતંત્ર્ય મેળવવાનો બીજો કોઈ માર્ગ નથી. (અક્ષરદેહ-૫૫, ૨૧૬)

અહિંસા એ માનવ જાતિની પાસે પડેલી પ્રબળમાં પ્રબળ શક્તિ છે. માણસની બુદ્ધિએ યોજેલા સંહારના પ્રચંડમાં પ્રચંડ શસ્ત્રાસ્ત્રો કરતાં એ વધારે પ્રચંડ છે. સંહાર એ મનુષ્યધર્મ નથી. મનુષ્ય પોતાના ભાઈને મારીને નહીં પણ પ્રસંગ આવ્યે તેને હાથે મરી જવાને તત્પર રહીને જ સ્વતંત્ર દશામાં જીવે છે. ગમે તે કારણે બીજા માણસનું ખૂન કે અન્ય પ્રકારની હિંસા મનુષ્યજાતિ સામે અપરાધરૂપ છે.

(હરિજનબંધુ, ૨૧-૭-૧૯૩૫, અક્ષરદેહ-૬૧ (૧૯૮૦) ૩૮૩.)

(૧૯૩૫ સપ્ટેમ્બર ૭ પહેલાં, વર્ધા, સ્વામી યોગાનંદ સાથે ચર્ચા)

સ્વામી યોગાનંદઃ અહિંસાની આપ શી વ્યાખ્યા કરો છો?

બાપુઃ જગતમાં કોઈ પણ જીવને મન, વચન, કર્મથી હાનિ ન કરવી એનું નામ અહિંસા.

અનાદિકાળથી અહિંસા ધર્મનો ઉપદેશ હિંદુસ્તાનને અવશ્ય મળતો આવ્યો છે, પણ આખા ભરતખંડે સક્રિય અહિંસા પૂર્ણરુપે કોઈ કાળે આચર્યાનું મેં હિંદુસ્તાનના ઇતિહાસમાં જોયું નથી. એમ છતાં ઘણાં કારણોને લઈને મારી એવી અચલ શ્રદ્ધા છે ખરી કે કોઈ પણ દિવસે આખા જગતને હિંદુસ્તાન અહિંસાનો પાઠ ભણાવશે. એમ થતાં ભલે યુગો વીતી જાય, પણ મારી અક્કલ તો એમ જ સૂચવે છે કે બીજો કોઈ મુલક એ કાર્યમાં પહેલ નહિં કરી શકે. (એ પછી ગાંધીજીએ પોતાની આ માન્યતાનો આધાર દૃષ્ટાંતો સાથે રજૂ કર્યો છે.)–હરિજનબંધુ, ૧૩-૧૦-૧૯૩૫, અક્ષરદેહ–૬૨-૨૭-૨૮.

અનાસક્તિયોગ નામે પ્રસિદ્ધ થયેલા ગીતાના મારા અનુવાદની પ્રસ્તાવનામાં મેં કબૂલ કર્યું છે કે ગીતા એ અહિંસાનું પ્રતિપાદન કરવા માટે કે યુદ્ધનો નિષેધ કરવા માટે લખાયેલો ગ્રંથ નથી. હિંદુ ધર્મ આજે જેવો પળાય છે, અથવા ક્યારેય પળાયેલો જાણ્યો છે, તેમાં યુદ્ધનો જેવો વિરોધ હું કરું છું એવો વિરોધ કરેલો નથી. પણ મેં તો એટલું જ કર્યું છે કે ગીતાના આખા ઉપદેશનો તેમ જ હિંદુ ધર્મના હાર્દનો નવો પણ સ્વાભાવિક અને તર્કશુદ્ધ અર્થ કર્યો છે.

(હરિજનબંધુ ૪-૧૦-૧૯૩૬; અક્ષરદેહ–૬૩, ૩૩૧)

(૧૯૩૮ મે ૪, પેશાવર, ઈસ્લામિયા કૉલેજમાં ભાષણ)

હિંસા પદ્ધતિ માટે પુષ્કળ તાલીમની જરૂર હોય તો અહિંસા પદ્ધતિને માટે તો એનાથી પણ વધારે તાલીમની જરૂર રહે છે. અને એ તાલીમ હિંસાની તાલીમ કરતાં ઘણી વધારે કઠણ હોય છે. એ તાલીમમાં પ્રથમ આવશ્યક વસ્તુ તે ઈશ્વર વિશેની જીવતી જાગતી શ્રદ્ધા છે.

***અહિંસાની કસોટી એ છે કે અહિંસક લડતમાં કોઈ પક્ષે કડવાશ કે વેરઝેર પાછળ રહેતાં નથી અને અંતે શત્રુઓ મિત્ર બની જાય છે.***

જેનામાં ઈશ્વર વિશે સાચી શ્રદ્ધા હશે તે જીભે ઈશ્વરનું નામ લેતો બૂરા કામ નહીં કરે. તે તલવાર પર આધાર નહીં રાખે. પણ કેવળ ભગવાન પર આધાર રાખશે. લાખો મુસલમાનો અલ્લાને નામે પાપ કરે છે અને રામનું નામ લેતા લાખો હિંદુઓ પણ એમ જ કરે છે. જે સાચે જ ઈશ્વરમાં માને છે તેને હાથમાં લાકડી રાખવાની જરૂર નથી. જે ઈશ્વરના નામનું રટણ કર્યા કરે છે અને કલમો પઢે છે એ કદાચ અલ્લાનો ભક્ત ન પણ હોય. કેવળ તેજ ઈશ્વરનો ભક્ત છે જે દરેકમાં ઈશ્વરના દર્શન કરે છે. આવો માણસ બીજાને મારી નાખવા તૈયાર નહીં થાય.

(હરિજનબંધુ, ૧૫-૫-૧૯૩૮, અક્ષરદેહ–૬૭ (૧૯૮૨) ૭૦)
(૧૯૩૮ ઓક્ટોબર ૧૯/૨૦, ઉતમાનઝાઈ, અબ્દુલ ગફારખાન સાથે ચર્ચા)

અહિંસા એક સૌથી શ્રેષ્ઠ પંક્તિની સક્રિય શક્તિ છે. એ આત્મબળ અથવા તો માણસમાં રહેલી અંતર્યામીની શક્તિ છે. અપૂર્ણ મનુષ્ય આખી ઈશ્વરી શક્તિને ધારણ કરી શકતો નથી. તેનો આખો તાપ તે સહી શકતો નથી. પણ તેનો એક અતિસૂક્ષ્મ અંશ પણ જ્યારે આપણામાં ક્રિયાવાન બને છે ત્યારે તે ચમત્કારિક પરિણામો નિપજાવે છે. આકાશમાંનો સૂર્ય આખા વિશ્વને જીવનદાયી ઉષ્મા આપે છે. પણ જો કોઈ તેની બહુ નજીક જાય તો ભસ્મીભૂત થઈ જશે. તેવું જ આ અંતર્યામી આત્મશક્તિનું છે. અહિંસાની જેટલે અંશે આપણને ઝાંખી થાય તેટલે અંશે આપણે દેવી બનીએ છીએ. પણ આપણે સંપૂર્ણપણે ઈશ્વર કદી બની શકીએ નહીં...

અહિંસાની કસોટી એ છે કે અહિંસક લડતમાં કોઈ પક્ષે કડવાશ કે વેરઝેર પાછળ રહેતાં નથી અને અંતે શત્રુઓ મિત્ર બની જાય છે. દક્ષિણ આફ્રિકામાં મને આવો જ અનુભવ જનરલ સ્મટ્સ પરત્વે થયો. મારા સૌથી કડવા વિરોધી અને ટીકાકાર તરીકે તેણે શરૂઆત કરેલી. આજે એ મારા દિલોજાન મિત્ર છે. આઠ વરસ સુધી અમે સામસામા બાખડતા રહ્યા હતા. પણ બીજી ગોળમેજી પરિષદ વેળાએ એ જનરલ સ્મટ્સ જ જાહેરમાં તેમ જ ખાનગીમાં મારે પડખે ને પડખે રહ્યા ને મને પોતાનો સંપૂર્ણ ટેકો આપ્યો. આવા તો ઘણાં દાખલા હું ટાંકી શકું છું. (હરિજનબંધુ, ૧૩-૧૧-૧૯૩૮, અક્ષરદેહ–૬૮ ૨૮-૩૦)
(૧૯૩૯ જાન્યુઆરી ૧, વર્ધા ટિંગફાંગ લ્યુ, વાય.ટી. વૂ અને પી. સી. શૂને મુલાકાત)

અહિંસા સફળ ત્યારે જ નીવડે જ્યારે આપણને ઈશ્વર વિશે જીવતી જાગતી શ્રદ્ધા હોય. બુદ્ધ, ઈશુ, મહંમદ એ બધા પોતપોતાની ઢબે શાંતિના લડવૈયા હતા. એ જગદ્ગુરુઓ જે વારસો મૂકી ગયેલા છે તેને આપણે સમૃદ્ધ કરવાનો છે. (હરિજનબંધુ, ૧૯-૨-૧૯૩૯, અક્ષરદેહ–૮૮ (૧૯૮૨૦ ૨૭૩.)

**પશુરૂપે મનુષ્ય હિંસક જ છે, આત્મારૂપે જ અહિંસક છે. આત્માનું ભાન થયે એ હિંસક રહી જ ન શકે.**

રાષ્ટ્રવ્યાપી પાયા પર અહિંસાને સ્વીકાર્યા વિના બંધારણીય અથવા લોકસત્તાવાદી રાજ્યતંત્ર અશક્યવત છે એમ માનતો હોવાથી વ્યક્તિગત, સામાજિક, રાજકીય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય તમામ વહેવારોમાં જીવનના નિયમરૂપે અહિંસાના સ્વીકાર માટે પ્રચાર કરવામાં હું મારી શક્તિને રોકું છું...મેં ઘણી વાર કહ્યું છે કે જો આપણે સાધનની સંભાળ લઈશું તો સિદ્ધિ ખોળામાં જ છે. અહિંસા સાધન છે, પૂર્ણ સ્વાતંત્ર્ય દરેક પ્રજાને સારું લક્ષ્ય સિદ્ધિ છે. આંતરરાષ્ટ્રીય સંઘ ત્યારે જ થશે જ્યારે તેમાં જોડાનારી નાનીમોટી દરેક પ્રજા પૂર્ણ સ્વતંત્ર હશે. એમના સ્વાતંત્ર્યનું સ્વરૂપ જેટલા પ્રમાણમાં તેમણે અહિંસા પચાવી હશે તેને અનુસરી હશે. એક વાત નક્કી છે, અહિંસા પર રચાયેલા માનવ સમાજમાં નાનામાં નાની પ્રજા મોટામાં મોટી પ્રજાને સમોવડિયા પ્રમાણે લેખશે. ઊંચા હલકાનો ખ્યાલ ભૂંસાઈ જશે. (હરિજનબંધુ, ૧૯-૨-૧૯૩૯; અક્ષરદેહ–૬૮ (૧૯૮૨) ૩૯૭.)
(૧૯૩૯ મે, વૃંદાવન ગાંધી સેવા સંઘના સંમેલનમાં ભાષણ)

આપણા દિલમાં વસતી અહિંસા જો સો ટચની હોય તો તે સામે વિરોધીનું આપણા પ્રત્યેનું વલણ ઉત્તરોત્તર નરમ પડવું જોઈએ, ગરમ ન થવું જોઈએ. એ તેને પિગળાવે, તેના અંતરના તાર ઝણઝણાવે. (હરિજનબંધુ, ૧૪-૫-૧૯૩૯; અક્ષરદેહ–૬૯ (૧૯૮૪) ૩૯૭.)
(૧૯૩૯ મ ૨૮, રાજકોટ, અમૃતકોરને પત્ર)

જો આપણે અહિંસાના પ્રાથમિક સિદ્ધાંતો પચાવ્યા હોય તો આપણે આપણા પ્રિયજનોએ કરેલા સાચા અન્યાય પણ દુઃખી થયા વિના સહી લેતાં શીખવું જોઈએ. આપણે અનુભવેલા પ્રેમનો બદલો આપીએ છીએ એમાં કશું નવું નથી કરતા, પણ આપણે જ્યારે અનુભવેલા અન્યાયને હસતે મોઢે સહી લઈએ છીએ ત્યારે આપણો પ્રેમ વધુ પ્રબળ બને છે. આનો સાર ખરેખર એ છે કે મેં આ પત્રની શરૂઆતમાં કહ્યું છે તેમ, આપણી લાગણી સિવાય ન્યાય-અન્યાયનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. એટલે હું એમ ઈચ્છું છું કે તમે અહિંસાનો આ પહેલો પાઠ પચાવો અને મને ખાતરી આપો કે હવે પછી તમે રડશો નહીં અને મનમાં છૂપો અને મૂંગો શોક કે ખેદ સેવશો નહીં. જો તમે મારી પાસેથી એટલું ન શીખી શકો તો કશું જ નહીં શીખી શકો. (અક્ષરદેહ–૬૯ (૧૯૮૪) ૩૩૩).
(૧૯૩૯ મે ૩૧, રાજકોટ, કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ભાષણ)

મન, વચન, કાયાથી આપણે અહિંસક રહેવું જોઈએ એ વાત ફરી ફરીને કહેતાં હું થાકવાનો નથી. આપણે આટલા કાળ એ કહેતા જ આવ્યા છીએ, પણ મનની અહિંસા ઉપર આપણે ભાર મૂક્યો નહીં. ઢીલો માણસ કર્મના કરતાં મનના ક્ષેત્રમાં વધુ ઢીલાઈ બતાવે જ, તેવું હિંસાની બાબતમાં. આપણે વાણી અને કાર્યમાં દીસી આવતી હિંસા આપણા મનમાં ઘૂઘવતી હિંસાનો

નિર્બળ પડઘો માત્ર છે...

મારું કહેવું તમને યથાર્થ લાગે છે? જો તેમ ન હોય તો આપણા અંતરના ઊંડાણમાંથી તમામ માનસિક હિંસાને આપણે કાઢી નાખવી રહી. પણ જો તમે મારી સાથે ચાલી શકો તેમ ન હોય તો સુખે તમારે રસ્તે જાઓ. જો બીજે કોઈ રસ્તે તમારા ધ્યેયને પહોંચી શકો એમ હો તો સુખેથી તેમ કરો. તેમ કરીને તમે મારા અભિનંદનના અધિકારી બનશો...તમે મામણમૂંડા થઈને જીવો અને મરો તેનાં કરતાં ભડ થઈને ઘા દેતાં અને ઘા ખમતાં મરો એ હું વધારે પસંદ કરું. મારી કલ્પના મુજબની અહિંસા જો અશક્ય જ હોય તો અહિંસાનો દંભ ચલાવવા કરતાં બહેતર છે તમે એ ધર્મને ફગાવી દો.

(હરિજનબંધુ, ૧૮-૬-૧૯૩૯; અક્ષરદેહ–૬૯ (૧૯૮૪) ૩૪૨.

આજની કટોકટીની પળે સર્વનાશમાંથી માનવજાતિને બચાવવાનો અહિંસા એ એક જ સુવર્ણમાર્ગ છે. એવી અહિંસા પ્રત્યેની અવિચળ શ્રદ્ધા જાહેર કરવા સારુ કોંગ્રેસની વડી કારોબારીને સમજાવવામાં જોકે હું નિષ્ફળ નીવડ્યો છું તો પણ આમ પ્રજા યુદ્ધના દેવતાને નમન કરવા ના પાડશે અને દેશની ઇજ્જત સાચવવા માટે પોતાની કષ્ટસહનની શક્તિ ઉપર જ મુસ્તાક રહેશે એ આશા મેં ખોઈ નથી...

અત્યારની ભયભીત મનોદશામાંથી જાગ્યા પછી જો ભારતવર્ષ દુનિયાને ખૂનરેજી અને લોહીની નીકોમાંથી છૂટવાનો માર્ગ નહીં બતાવે તો તેણે આજ સુધી ચલાવેલા અહિંસક પ્રયોગ વૃથા ઠરશે. નાશ કરવાની શક્તિ ખીલવીને નહીં, પણ ઘા સામો વાળવાની ના પાડીને જ માનવીના ઉચ્ચ દરજ્જાની વધુમાં વધુ રક્ષા થઈ શકે એમ છે એ બતાવી આપવાનો પોતાનો સ્વાભાવિક ભાગ હિંદ નહીં ભજવે તો અત્યારે ચાલી રહેલા જીવન અને ધનનો ખૂની ધૂમાડો છેવટનો નહીં નીવડે.

મને લગારે શંકા નથી કે પશુ જીવનના નિયમ સૂચવનારી હિંસાના કાળા કામમાં લાખો માણસોને કેળવવાનું જો શક્ય છે, તો નવજીવન પામેલ માનવના જીવનના નિયમરૂપ અહિંસાના ઊજળા કામમાં લાખોને કેળવવાનું એનાથી વધુ શક્ય છે. (હરિજનબંધુ, ૧-૧૦-૧૯૩૯; અક્ષરદેહ–૭૦ (૧૯૮૩) ૨૦૮.)

(૧૯૩૯ ઑક્ટોબર ૨૫, વર્ધા, ગાંધી સેવા સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો સાથે ચર્ચા–૧)

અહિંસા એ સમાજથી અલિપ્ત રહેનારા ઋષિઓ અને ગુફાવાસીઓને જ પાળવાનો ધર્મ નથી. એનું પાલન કરોડો માણસો કરી શકે છે. તેમને એમના પૂરેપૂરા અર્થનું ભાન હોય છે એમ નથી, પણ એ મનુષ્ય-જાતિના જીવનનો નિયમ છે તેથી તેઓ અનાયાસે તેને અનુસરે છે. એ વસ્તુ મનુષ્યને પશુથી જુદો પાડે છે. પણ મનુષ્યે તેના હૃદયમાં રહેલા પશુનો ત્યાગ નથી કર્યો. તેણે તેમ કરવાનો પ્રયત્ન કરવો રહ્યો છે. એ પ્રયત્ન તે અહિંસા વિશેની આસ્થાને નહીં પણ અહિંસાના આચરણને લાગુ પડે છે. કોઈ સિદ્ધાંતમાં આસ્થા રાખવાનો પ્રયત્ન હું ન કરી શકું; મને એને વિષે આસ્થા હોય તો મારે એનું આચરણ કરવાનો શૂરાતનપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. અહિંસા એ શૂરાનો માર્ગ છે. જેમ પાણી ને દેવતા સાથે રહી શકતા નથી તેમ કાયરતા ને અહિંસાને કદી મેળ ખાતો નથી. એવી અહિંસાને ગાંધી સેવા સંઘના દરેક સભ્યે પોતાના હૃદયમાં ખીલવવાનો જ્ઞાનપૂર્વક પ્રયાસ કરવો રહ્યો છે. (હરિજન, ૫-૧૧-૧૯૩૯; અક્ષરદેહ–૭૦ (૧૯૮૩) ૩૦૭-૦૮.)

કંઈક પણ ઐતિહાસિક પુરાવા આપી શકાય એવા કાળથી આજ લગીના કાળ ઉપર નજર ફેરવીએ તો આપણે જોઈએ છીએ કે મનુષ્ય અહિંસા માર્ગે જ ચાલતો આવ્યો છે. આપણા પૂર્વજો એકબીજાને ખાતા. પછી શિકાર ઉપર જ નભ્યા. એકબીજાને ખાવાની સૂગ આવી.પછી કેવળ શિકાર ઉપર નભવાની શરમ આવી, એટલે માણસ જમીન ખોતરતો થયો. તેમાં અનેક પ્રકારનું ભોજન મેળવવા લાગ્યો. જંગલમાં મંગલ કરતો થયો. ભટકતી જિંદગીને બદલે વાસ પસંદ કર્યો. ગામડાં ને શહેરો વસાવ્યાં. કૌટુંબિક ભાવના જાગી ને સામાજિક થઈ. આ બધી ઉત્તરોત્તર વધતી અહિંસાની નિશાનીઓ છે. હિંસાવૃત્તિ ઓછી થતી ગઈ. જો તેમ ન થાત તો આજ લગીમાં તો મનુષ્યજાતિ ખલાસ થઈ ગઈ હોત, જેમ ઊતરતાં પ્રાણીઓની ઘણી જાતિઓ અલોપ થઈ ગઈ છે તેમ. અનેક પેગંબરો ને અવતારો થયા તેઓએ પણ ઓછાવત્તા પ્રમાણમાં અહિંસા જ પ્રવર્તાવી. કોઈએ હિંસા પ્રવર્તાવવાનો દાવો જ નથી કર્યો. કરે પણ કેમ? હિંસાને પ્રવર્તાવવાપણું નથી. પશુરૂપે મનુષ્ય હિંસક જ છે, આત્મારૂપે જ અહિંસક છે. આત્માનું ભાન થયે એ હિંસક રહી જ ન શકે. એ કાં તો અહિંસા ભણી જાય અથવા નાશ પામે. તેથી પેગંબરો ને અવતારોએ સત્ય, સંપ, ભ્રાતૃભાવ, સંયમ, ન્યાય ઇત્યાદિ શીખવ્યાં. તોય જગતમાં હિંસા રહી છે. એટલે લગી કે લેખક જેવી વિચારશીલ વ્યક્તિ પણ હિંસાને જ અંતિમ ઉપાય માને છે. પણ મેં ઉપર બતાવ્યું છે તેમ ઇતિહાસ અને અનુભવ તેની વિરૂદ્ધ છે.

જો એટલું માનીએ કે આજ લગી અહિંસા ઉત્તરોત્તર વધતી ગઈ છે, તો એ માનવું પણ સહેજે પ્રાપ્ત થાય છે કે તેને આગળ વધવું જ છે. આ જગતમાં કશું સ્થિર નથી. બધું ગતિમાન છે. આગળ વધે નહીં તો પાછળ પડતા જવું રહ્યું. ગતિચક્રની બહાર કોઈ જઈ જ શકતું નથી. એની બહાર તો એક ઈશ્વર છે – જો હોય તો. આજે યુદ્ધ ચાલે છે એ હિંસાની પરાકાષ્ઠા ગણાય. પણ મારી દૃષ્ટિએ એ હિંસાની હોળી છે.

*અહિંસા એટલે મનમાં પણ કોઈ પણ જીવ પ્રતિ અશુભ ભાવ ન જાગે, કડવા વચનોથી પણ દુઃખ ન થાય*

લોકોમાં અહિંસાની જેટલી કદર આજે છે તેટલી કોઈ કાળે ન હતી એમ હું તો જોયા જ કરૂં છું. જેટલો પુરાવો પશ્ચિમમાંથી મારી પાસે આવ્યા કરે છે તે પણ એજ સૂચવે છે.

(હરિજનબંધુ, ૧૦-૮-૧૯૪૦, અક્ષરદેહ–૭૨ (૧૯૮૭) ૩૪૪-૪૫.)

અહિંસાનો ઐહિક બાબતોમાં ઉપયોગ કરીએ તો જ તેની કિંમત છે, તેથી પૃથ્વી પર સ્વર્ગ ઊતરશે.

(હરિજનબંધુ-૨૬-૭-૧૯૪૨, અક્ષરદેહ-૭૬ (૧૯૮૭) ૩૩૬.)

હિંસાનો પ્રતિકાર અહિંસાથી જ થાય. આ સનાતન સત્ય છે. અહિંસારૂપી શસ્ત્રની સામે હિંસા ભલે અણુબોમ્બ રૂપે આવીને ઊભી રહે તોય નિરર્થક નીવડે છે. અહિંસાના શસ્ત્રનો ઉપયોગ જાણવાવાળા ઘણા થોડા છે. એને સારુ જ્ઞાનની અને દિલની મજબૂતીની જરૂર છે. આ કંઈ શસ્ત્રોના ઉપયોગની જેમ મિલિટરી નિશાળો કે કૉલેજોમાં શીખવાતું નથી. એમાં હૃદયશુદ્ધિની ને હૃદયબળની વાત છે. એટલે હિંસાની સામે અહિંસાને મૂકવામાં આપણને જે મુશ્કેલી નડે છે તે કેવળ આપણા હૃદયની નબળાઈ છે. (હરિજનબંધુ, ૧-૬-૧૯૪૭, પા. ૧૫૨ઃ મહાત્મા ગાંધીના વિચારો (૧૯૬૭) ૧૧૪.)

જનરલ કરીઅપ્પા એવું વિધાન કરવાને પ્રેરાયા છે કે હિંસાના આ યુગમાં તેની સામે આજની દુનિયામાં અહિંસાને અથવા તેની કાર્યસરણીને ઝાઝો અવકાશ નથી. એથી ઊલટું હું એમ કહેવાની હિંમત રાખું છું કે એટમબોમ્બના આજના યુગમાં હિંસાની એકએક તરકીબ અને કામગીરીને ભેગી કરો તો તે બધીનેય નકામી અથવા વ્યર્થ બનાવવાની શક્તિ એકમાત્ર અહિંસાની છે. (હરિજનબંધુ, ૧૬-૧૧-૧૯૪૭, પા. ૩૬૫; મહાત્મા ગાંધીના વિચારો (૧૯૬૭) ૧૧૫.)

**જૈન ધર્મનો મર્મ : અહિંસા**

જૈન ધર્મ એક અતિ પુરાતન ધર્મ છે. તેની એક માન્યતા છે કે આ વિશ્વ સ્વયંસિદ્ધ છે. તેનો કોઈ રચનાર નથી. સમયનો કોઈ આદિ નથી કે અંત નથી. અનંત છે. આ સમયના બે મોટા અને સમાન કાળખંડ છે જેને કહે છેઃ ઉત્સર્પિણી અને અવસર્પિણી. ઉત્સર્પિણી એટલે સર્વાંગી ઉન્નતિનો કાળ અને અવસર્પિણી એટલે સર્વાંગી પડતીનો કાળ, અવનતિનો કાળ. આ કાળખંડના પણ છ છ પેટાવિભાગ છે જેને 'આરા' કહેવામાં આવે છે. આવા કાળખંડમાં ચોવીસ તીર્થંકરો બને છે જેને ચોવીસી પણ કહેવામાં આવે છે. ભગવાન મહાવીર એ આ છેલ્લી ચોવીસીના છેલ્લા તીર્થંકર બન્યા. જૈનેતર કે અજૈન લોકોમાં એક એવી સમજ છે કે ભગવાન મહાવીરે જૈન ધર્મની સ્થાપના કરી એ ભૂલ છે, ભ્રાંતિ છે. સમય અને પરિવર્તન સાથે સાથે ચાલે છે એટલે ભગવાન મહાવીરે એ કાળમાં જે પરિવર્તનની જરૂરત હતી તે એ સમયની સ્થાનિક ભાષામાં સમજાવી અને જૈન ધર્મને નવપલ્લવિત કરવાનું કામ કર્યું. એ સમયે બ્રાહ્મણો પણ યજ્ઞમાં પશુઓનું બલિદાન આપતા તેની જગ્યાએ અહિંસાનો સિદ્ધાંત રજૂ કર્યો જેનો ઘણાએ સ્વેચ્છાએ સ્વીકાર કર્યો.

જૈન ધર્મના મૂળ પાંચ સિદ્ધાંતો છેઃ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ કે અસંગ્રહ.

**અહિંસા :** 'અહિંસા પરમો ધર્મ' એ જૈન ધર્મનો સર્વોત્તમ સિદ્ધાંત છે. પરમ એટલે સર્વોત્તમ–ઉત્કૃષ્ટ. બીજી રીતે તેને 'જીવો અને જીવવા દો' એમ પણ કહેવામાં આવે છે. આ પૃથ્વી પર અનેકવિધ જીવો જોવા મળે છે જેમાં માનવીનો પણ સમાવેશ છે. બધા જ જીવો કુદરતના આધારે જ જન્મે છે, જીવે છે અને મૃત્યુ પામી નવો દેહ ધારણ કરે છે અને એ રીતે જીવન-મરણ અને ફરી જીવનની ઘટમાળ ચાલ્યા કરે છે. પ્રત્યેક દેહમાં જે જીવનતત્ત્વ છે, જે ચૈતન્યતત્ત્વ છે તે સમાન છે, ત્યાં કોઈ ભેદભાવ નથી. દરેક જીવ, ગમે તે પરિસ્થિતિમાં હોય, એને જીવવાનું ગમે છે, મૃત્યુનો ભય રહે છે, મૃત્યુ ગમતું નથી. આથી સર્વ જીવોનું રક્ષણ કરવું, કોઈને દુઃખ ન દેવું એ એક કર્તવ્ય બની જાય છે. જૈન ધર્મ આત્માની અમરતા અને પુનર્જન્મમાં માને છે તે એક જુદી વિચારણાનો પ્રશ્ન છે.

જ્યારે બધા જ જીવો અબોલ છે, પ્રકૃતિના આધારે જ જન્મે, જીવે અને મરે છે ત્યારે માનવી એકજ એવું પ્રાણી છે કે જેને વાચા મળી છે, બુદ્ધિ અને સંવેદનશીલતા પણ મળી છે. જીવનમાં થતાં અનુભવોને વ્યક્ત કરવાની અને પરિવર્તન લાવવાની શક્તિ પણ મળી છે. બુદ્ધિ બેવડી ધાર જેવી છે. શુદ્ધ બુદ્ધિ લાભદાયક છે, અશુદ્ધ અથવા સ્વાર્થ બુદ્ધિ અંતે તો દુઃખદાયક જ બને છે. પ્રકૃતિનો માનવી તરફનો આ ભેદભાવ છે એમ નથી લાગતું ? પણ એવું નથી. અન્ય જીવસૃષ્ટિ તો અજ્ઞાન છે પરંતુ માનવજાત પણ અજ્ઞાન છે અને પ્રકૃતિનો સ્વભાવ તો નિરંતર ઉત્ક્રાંતિનો છે, ક્રમિક વિકાસનો છે એટલે અજ્ઞાનમાંથી અનુભવ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી માનવી ઉર્ધ્વગતિ કરે, જીવનના રહસ્યને પામી જીવનને આનંદથી ભરી, જીવન-મરણથી મુક્તિ પામે માટેની પ્રકૃતિમાતાની એ યોજના છે.

અહિંસામાં કેવળ કોઈને મારવું કે દુઃખ ન દેવું એટલું જ નિહિત નથી. અહિંસા એટલે મનમાં પણ કોઈ પણ જીવ પ્રતિ અશુભ ભાવ ન જાગે, કડવા વચનોથી પણ દુઃખ ન થાય અને શારીરિક રીતે પણ કોઈ દુઃખ ન થાય એ જોવાનું રહે છે. બીજી રીતે જોઈએ તો **જે આપણને નથી ગમતું એ બીજાને પણ નથી ગમતું અને જે આપણને ગમે છે તે બીજાને ગમે છે એમ સમજી, સર્વ જીવો પ્રતિ એ રીતનું વર્તન એ છે અહિંસા.** ભુલથી પણ કોઈને દુઃખ થાય એવું બન્યું હોય તો મન-વચન-કાયાથી ક્ષમા

*જૈન ધર્મને સમજે એ પોતાની મેળે સ્વીકારે પણ પરિવર્તન કરાવવામાં ન માનતો હોવાથી અને સનાતન ધર્મ વધુ પ્રચારક રહ્યો તેથી જૈન ધર્મીઓની સંખ્યા મર્યાદિત બની ગઈ. ધર્મ પરિવર્તનની પ્રક્રિયાથી જૈન ધર્મ દૂર રહ્યો*

માગવી એ છે અહિંસા. અહિંસા એ એક એવી જીવનશૈલી છે કે જેમાં સમસ્ત જીવસૃષ્ટિ પ્રતિ સમત્વનો વિચાર સમાયેલો છે.

માનવી સામાજિક પ્રાણી છે. સમાજ વગર એકાંકી જીવી નથી શકતો. ફક્ત સામાજિક કે કૌટુંબિક સંબંધોની વાત નથી. આપણે જે કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરીએ છીએ તેમાં અનેક લોકોનો અને એથીએ વિશેષ કુદરતનો હિસ્સો છે માટે એ બધા પ્રતિ પણ આપણું કર્તવ્ય છે એમ સમજી સમાન ભાવે વર્તવું એ પણ અહિંસાનું એક અંગ જ છે. એથી જ કહેવામાં આવ્યું છે કે : 'સર્વના હિતમાં આપણું હિત સમાયેલું છે.' અને માનવીની સ્વાર્થબુદ્ધિને લક્ષમાં રાખીને કોઈએ કહ્યું છેઃ 'દુઃખીના દુઃખની વાતો સુખી ના શકે સમજી, સમજે સુખી જો એ બધું તો દુઃખ વિશ્વમાં ના ટકે.'

દાખલા તરીકે એક પેન્સિલ લો. લાકડું જંગલમાંથી આવ્યું, કેવી રીતે કારખાનામાં પહોંચ્યું, ત્યાં કેટલી વિધિ પછી પેન્સિલ બની, ત્યાંથી પેક થઈને કેટલાં આંટા ફેરા કરીને છેવટે દુકાનદારને ત્યાં પહોંચ્યું અને અંતે પેન્સિલ આપણા હાથમાં પહોંચી. આ બધી વિધિમાં જેમણે કામ કર્યું એ બધા ભલે આપણી દૃષ્ટિમાં ન હોય, એમનો ફાળો પણ છે જ. એ બધાના હિતની ખેવના આપણને હોવી જોઈએ. પ્રત્યેક નાના-મોટા જીવોનું પણ એમાં યોગદાન છે એ વિચારી કુદરતનું રક્ષણ કરવું એ આપણા હિતની વાત છે. એક સુભાષિત છેઃ 'ધર્મ રક્ષતિ રક્ષિત' જેનો અર્થ છે જે ધર્મનું પાલન કરે છે તેનું રક્ષણ પણ ધર્મ કરે છે. ધર્મ એક અલૌકિક–દિવ્ય (ડીવાઈન) શક્તિ છે.

અહિંસા એક અલૌકિક, એક દૈવી, દિવ્ય વિચાર છે. અહિસામાં સમસ્ત વિશ્વના કલ્યાણની ભાવના છે. પ્રકૃતિનું રક્ષણ, માનવ જીવનનો સર્વાંગી વિકાસ વગેરે એમાં સમાઈ જાય છે.

જૈન ધર્મનું હાર્દ છે અહિંસા અને સત્ય. આ બે ગુણોમાં બધું જ સમાઈ જાય છે પણ એને પામવા બીજા ગુણો પણ કેળવવા પડે છે.

જૈન ધર્મમાં નાના-મોટા, સર્વ જીવોના કલ્યાણની ભાવના ગૃહિત છે. જૈન ધર્મમાં સંપૂર્ણ વિશ્વના કલ્યાણની શક્તિ છે. જૈન ધર્મ બધા જ ધર્મોનો સ્વીકાર કરે છે, બધા જ ધર્મોને સમાન ગણે છે. જૈન ધર્મ, ધર્માંતરણમાં માનતો નથી. કોઈને જૈન ધર્મ અંગીકાર કરવાનું કહેતો નથી. જેમને શ્રદ્ધા જાગે તે પોતાની ખુશીથી સ્વીકારી શકે છે. ગમે તે હોય જૈન ધર્મ એમનો સ્વીકાર કરે છે. લઘુમતિમાં હોવા છતાં સંખ્યા વધારવાને બદલે માનવી આત્મવિકાસ સાધે એજ જૈન ધર્મને માન્ય છે. એજ ઉદ્દેશ છે. જૈન ધર્મનું પાલન એટલા માટે કઠિન છે કે જીવનશૈલી બદલવી પડે. એથી જ જૈન ધર્મ એક લઘુમતિ ધર્મ બની રહ્યો છે પણ જે જીવનશૈલી બદલે એના માટે તો આનંદ જ આનંદ છે.

**અહિંસક ગાંધીજીનું જૈન ધર્મ પ્રતિ અનન્ય યોગદાન**

પચ્ચીસ સદી વીતી ગઈ મહાવીરના જન્મને. એ કાળે જૈન ધર્મ ઉપરાંત સનાતન અને અન્ય ધર્મો પણ હતા. સનાતન ધર્મનો પ્રચાર વધુ હતો અને યજ્ઞાદિ પ્રવૃત્તિમાં પશુનું બલિદાન દેવામાં આવતું. એ પહેલાં કહેવાય છે કે માનવી પણ જંગલમાં રહેતો અને પશુની જેમ જ શિકાર કરીને જીવતો. માણસ, માણસનું પણ ભક્ષણ કરતો. પછી પશુનો શિકાર કરતો થયો, ધીમે ધીમે સંરક્ષણ માટે ઝૂંપડા અને પછી ઘર પણ બનાવતો થયો. શિકારી જનાવરોથી બચતો રહ્યો અને ફળફૂલ ખાતો થયો, ખેતી કરતો થયો અને અનાજ પકાવતા અને પકાવીને ખાતા શિખ્યો. આમ પરિવર્તન ચાલતું રહ્યું. માનવી હિંસાથી અહિંસા તરફ પ્રયાણ કરતો રહ્યો.

સંભવ છે કે જ્યારથી માનવી સમજતો થયો ત્યારથી તેનો સંબંધ ધર્મ સાથે સંકળાયેલો છે અને કાળક્રમે ધર્મનું સ્વરૂપ બદલાતું રહ્યું છે. મહાવીરે યજ્ઞાદિમાં થતાં બલિદાનોનો વિરોધ કર્યો પણ સમજાવટપૂર્વક. પરિણામે જેમને સમજાયું તેમણે મહાવીરની અહિંસાની વાત તાર્કિક દૃષ્ટિએ સ્વીકારી એટલું જ નહિ પણ વ્યક્તિગત જીવનમાં પણ ઊતારી. આમાં બ્રાહ્મણો પણ મોટી સંખ્યામાં હતા. આમ છતાં સમયાંતરે, કેમ કે જૈન ધર્મને સમજે એ પોતાની મેળે સ્વીકારે પણ પરિવર્તન કરાવવામાં ન માનતો હોવાથી અને સનાતન ધર્મ વધુ પ્રચારક રહ્યો તેથી જૈન ધર્મીઓની સંખ્યા મર્યાદિત બની ગઈ. ધર્મ પરિવર્તનની પ્રક્રિયાથી જૈન ધર્મ દૂર રહ્યો તેનું મુખ્ય કારણ એ હતું કે જે કેવળ તાર્કિક દૃષ્ટિએ અહિંસાને સ્વીકારે પણ શ્રદ્ધા ન હોય તો એવા ધર્મ પરિવર્તનથી કોઈ લાભ ન થાય. જૈન ધર્મ એ કેવળ એક ધર્મ નથી એ એક એવી જીવનશૈલી છે જેમાં પ્રત્યેક જીવના હિતનો ખ્યાલ રહેલ છે. કોઈને પણ જરાકેય દુઃખ ન થાય એનો અર્થ એ કે સર્વ જીવો વચ્ચે સંવાદિતા જન્મે, વૈમનસ્ય ટળે અને પ્રત્યેક જીવ સુખ, શાંતિ અને સંતોષનો અનુભવ કરે.

પચ્ચીસ સદી બાદ વીસમી સદીમાં પણ અનેક આચાર્યો બની ગયા અને અહિંસક જીવન જીવતા અને જીવડાતા રહ્યા. આ બધામાં બે વ્યક્તિની યાદ વધારે આવે છે તે શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધી. શ્રીમદ્ રાજચંદ્રજીએ કોઈ પણ જાતના વિરોધ કર્યા વિના પોતાના વ્યક્તિગત જીવનમાં અહિંસાને સજાવીને જે રીતે જીવ્યા તેણે ઘણા જૈનોને પોતા તરફ ખેંચ્યા અને સંભવતઃ જૈનોના ચાર ફિરકાઓમાં એક નવો ફિરકો ઉમેરાયો. આમ છતાં ચાર કે પાંચ ફિરકાઓની વચ્ચે સમન્વય છે, કેમ કે બધા જ મહાવીરને માને છે, માર્ગ ભલે નિરાળા હોય, ધ્યેય સમાન છે.

*જૈન ધર્મ એ કેવળ એક ધર્મ નથી એ એક એવી જીવનશૈલી છે જેમાં પ્રત્યેક જીવના હિતનો ખ્યાલ રહેલ છે.*

ગત સદીમાં મોહનદાસ કરમચંદ ગાંધી પણ, જૈનેતર હોવા છતાં, વાસ્તવિક

જીવનમાં મહાવીરની અહિંસા (અને સત્યની) ભાવનાને જીવનમાં ઊતારીને મહાત્મા ગાંધી બન્યા. જન્મે અજૈન એવી એક વ્યક્તિ આવી રીતે સમાજ વચ્ચે રહીને અહિંસક જીવન જીવી ગઈ એટલું જ નહિ, વિશ્વભરમાં પોતાના વ્યક્તિગત જીવન દ્વારા એવો સંદેશ પહોંચાડી ગઈ કે અહિંસા એ માનવનો સ્વભાવ છે અને એ રીતે જ જીવવું સમષ્ટિના હિતમાં છે. એક જૈન તરીકે, વ્યક્તિગત રૂપે હું એમ માનું છું કે જે જૈન ધર્મ વિશ્વબંધુત્વની ભાવના સેવે છે, મૈત્રી ભાવનો સ્વીકાર કરે છે તે ધર્મને વિશ્વવ્યાપી બનાવીને ગાંધીજીએ જૈન ધર્મની અનન્ય સેવા કરી છે તો સાથે સાથે જૈનોને આહ્વાન પણ છે કે અહિંસાને વિશ્વવ્યાપી બનાવવા માટે એમણે જે તક ઊભી કરી છે તેનો લાભ ઊઠાવે.

સંયુક્ત રાષ્ટ્રસંઘે બીજી ઑક્ટોબર, ગાંધીજીના જન્મદિવસને 'અહિંસાદિન' તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે એ ગૌરવની વાત છે. તો પણ એક જાતનો અસંતોષ અનુભવાય છે કે રાષ્ટ્ર સંઘના સભ્યોને અહિંસાની શક્તિના આટલા અનુભવ પછી પણ, હિંસક શસ્ત્રોમાં જ શ્રદ્ધા છે, વિશેષે વિકસિત દેશોની આ મનોવૃત્તિ હોય તેવું જણાય છે. અગર શાંતિ અને વિકાસના માર્ગે જવું હોય તો, આશા રાખીએ કે સંયુક્ત રાષ્ટ્ર સંઘ એવા નિર્ણયથી શરૂઆત કરે કે **બધા જ રાષ્ટ્રો પોતાના એક વર્ષના શસ્ત્રોના બજેટ જેટલું જ ધન અણવિકસિત અને વિકસતા દેશોના ઉત્કર્ષ માટે અનુદાન કરે અને સંહારક શસ્ત્રો વેચવાનું બંધ કરે.**

જૈનો માટે 'અહિંસા'ના સિદ્ધાંતને જીવનમાં ઊતારી વિશ્વભરમાં વ્યાપ્ત કરવાનો અને સમસ્ત માનવજાતિના કલ્યાણ માટે પોતાનું યોગદાન આપવાનો એક અમુલ્ય અવસર છે. ગાંધીજીનું જૈન ધર્મને વિશ્વવ્યાપ્ત કરવાનું ઋણ આપણે વહેલામાં વહેલી તકે ચૂકવીએ એજ અભ્યર્થના, એજ અભિલાષા. ✷ ✷ ✷

૧૭૦૪, ગ્રીનરિડ્ઝ ટાવર-૩, ૧૨૦ ન્યૂ લિંક રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨. ફોન : ૦૨૨ ૨૮૯૮૮૮૭૮.

## અવસર

### લબ્ધપ્રતિષ્ઠ સર્જક શ્રી જયભિખ્ખુના જીવનસંઘર્ષને આલેખતું 'અક્ષરદીપનાં અજવાળે ચાલ્યો એકલવીર' નાટક

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલી જયભિખ્ખુની જીવનધારા લેખમાળા ત્રણેકવાર મઠારીને ડૉ. કુમારપાળ દેસાઈએ 'જીવતરની વાટે અક્ષરનો દીવો' એ નામનું ગુજરાતી સાહિત્યમાં સીમાચિહ્નરૂપ જીવનચરિત્ર લખ્યું. ગુજરાતી સાહિત્યમાં પિતા દલપતરામ વિશે કવિ ન્હાનાલાલે, મહાદેવભાઈ દેસાઈ વિશે નારાયણ દેસાઈએ અને પિતા જાદવજીભાઈ વિશે કવિ લાભશંકર ઠાકરે ચરિત્ર આલેખન કર્યું છે. પુત્રએ લખેલા પિતાના ચરિત્રની શૃંખલામાં જાણીતા સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈએ એમના પિતા જયભિખ્ખુનું વિસ્તૃત જીવનચરિત્ર 'જીવતરની વાટે અક્ષરનો દીવો' આલેખ્યું છે.

**આ નાટકના પ્રવેશ પત્ર મેળવવા માટે આ સંસ્થાના કાર્યાલયમાં (૦૨૨-૨૩૮૨૦૨૯૬) નામ નોંધાવવા વિનંતી.**

આ ગ્રંથ પર આધારિત 'અક્ષરદીપને અજવાળે, ચાલ્યો એકલવીર' નાટકમાં જીવનમાં કપરાં સંજોગોની વચ્ચે અડગ ખમીરથી જીવનાર એવા લેખકની છબી ઉપસાવવામાં આવી છે. જયભિખ્ખુએ એકવીસમા વર્ષે કલમને ખોળે જીવવા માટે નોકરી નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ નાટક જયભિખ્ખુના દામ્પત્યજીવનનાં હૃદયદ્રાવક પ્રસંગો અને એક ઝિંદાદિલ લેખકના જીવસટોસટના સાહસો સુપેરે દર્શાવવામાં આવ્યા. પ્રાસાદિકતા, પ્રવાહિતા તથા આગવી શૈલીછટા સાથે લખાયેલા આ વિસ્તૃત ચરિત્ર પરથી ડૉ. અલ્પા નિરવ શાહે નાટ્યરચના કરી છે અને નાટકનું દિગ્દર્શન નિસર્ગ ત્રિવેદીએ કર્યું છે.

અનેક રસપ્રદ પ્રસંગો ધરાવતા આ નાટકમાં લેખકના જીવનસંઘર્ષને ઉપસાવવાનો પ્રયત્ન થયો છે. આમાં સર્જક જયભિખ્ખુની ભૂમિકામાં મુકેશ રાવે હૂબહૂ અભિનય આપ્યો છે. જ્યારે જયભિખ્ખુના પત્ની જયાબહેનની ભૂમિકામાં હેતલ મોદી, ખાન શાહઝરીનની ભૂમિકામાં પાર્થ અને બીજાં ૧૭ જેટલાં કલાકારો આ નાટકની ભજવણી કરશે.

'જીવતરની વાટે અક્ષરનો દીવો' ગ્રંથ પર આધારિત આ નાટક એ રીતે વિશિષ્ટ છે કે આ રીતે પુત્ર દ્વારા લખાયેલા ચરિત્ર પરથી પિતાની જીવનકથા નાટ્યરૂપે પ્રસ્તુત થવાનો ગુજરાતી સાહિત્યનો આ પ્રથમ પ્રયાસ છે.

'અક્ષરદીપને અજવાળે, ચાલ્યો એકલવીર' નાટક **શ્રી દિલીપભાઈ એમ. શાહ અને જૈન સોશ્યલ ગ્રુપ્સ ઇન્ટરનેશનલ ફેડરેશન મુંબઈ રિજીયનના સૌજન્યથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૫મી નવેમ્બરે સાંજે ભારતીય વિદ્યાભવન (ચોપાટી)માં પ્રસ્તુત થશે** અને એ પછી ગુજરાતના અન્ય શહેરોમાં પણ એની પ્રસ્તુતિ રાખવામાં આવી છે. ✷ ✷ ✷

ગાંધી વાચનયાત્રા

# 'બિલવેડ બાપુ'

## એક અનન્ય મૈત્રી–મહાત્મા અને મીરા

□ સોનલ પરીખ

### (૧) આગમન

ગાંધી વાચનયાત્રા શ્રેણી અંતર્ગત ગાંધીવિષયક પુસ્તકોનો આસ્વાદ કરાવવાની નેમ હતી, છે. પણ શ્રેણીના આ પહેલા જ મણકામાં માર્ગ જરા ફંટાયો છે.

વાત કરવી હતી ત્રિદીપ સુહૃદ અને થોમસ વેબરના સંપાદન 'બિલવેડ બાપુ'ની. આખું નામ 'બિલવેડ બાપુ: ધ ગાંધી–મીરાબહેન કોરસપોન્ડન્સ.' મહાત્મા ગાંધીના યુરોપીય અનુયાયીઓમાં મિસ મેડેલિન સ્લૅડ જેમને ગાંધીજીએ 'મીરા' નામ આપેલું તે સૌથી વધુ જાણીતાં અને બીજા બધાથી જુદાં છે. તેઓ બાપુ સાથે બે દાયકાથી પણ વધુ સમય રહ્યાં છે. તેમની અંગત પરિચર્યા કરી છે અને તેમના નિકટના સાથીઓમાંના એક બન્યાં છે. બ્રિટીશ નૌકાદળના એડમિરલની આ પુત્રીએ બ્રિટીશ શાસન સામે લડતા એક ભારતીય સત્યાગ્રહીના ચરણે જે રીતે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું, તે એક અદ્‌ભુત, આશ્ચર્યજનક અને અનેક આછાઘેરા રંગો ધરાવતી ઘટના છે.

મહાત્મા ગાંધી અને મીરાબહેને એકમેકને લખેલા પત્રો એ ઉપરોક્ત પુસ્તકનો વર્ણ્યવિષય છે. સેંકડો પત્રો, ૫૩૫ પાનાં, આઠ પ્રકરણ અને તબક્કાવાર નાની માર્ગદર્શક સમજૂતી એ આ પુસ્તકનો કુલ અસબાબ છે. મીરાબહેને ભારત આવવાનો સંકલ્પ કર્યો ત્યારથી માંડીને મહાત્મા ગાંધીની હત્યા થઈ તેના થોડા દિવસ અગાઉ સુધીના સુદીર્ઘ સમય દરમ્યાન લખાયેલા આ પત્રોમાં અંગત લાગણીઓ સાથે દેશદુનિયાના ઝડપભેર પલટાતા પ્રવાહોનો પણ આલેખ જોવા મળે. સાથે મીરા-મહાત્માના બદલાતા જતા સંબંધો-સંજોગોનો રસપ્રદ ચિતાર પણ મળે. મહાત્માની હત્યા પછી પણ મીરાબહેન અગિયાર વર્ષ ભારતમાં રહી ગાંધીકામ કરતા હતાં. ત્યાર પછી યુરોપમાં બાવીસેક વર્ષનો એકાંતવાસ ગાળી તેમણે ચિરવિદાય લીધી. એનું પણ એક પ્રકરણ આ પુસ્તકમાં છે.

આ પત્રોમાંથી પસાર થતાં મહાત્મા અને મીરાના બાવીસ વર્ષના સહવાસના અનેક રંગ સામે આવ્યા. અત્યંત સરળ છતાં અત્યંત જટિલ વ્યક્તિત્વ ધરાવતી અને વિરાટ કાર્યોમાં ગૂંથાયેલી રહેલી આ બે અજબ હસ્તીઓના અજબ અનુબંધનાં અંગત, માનવીય, મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક પરિમાણોએ મારા મનોવિશ્વને એવી રીતે કબજામાં લીધું કે પુસ્તકને અને પત્રોને સમજતાં સમજતાં હું ક્યારે પાત્રો સાથે એકાકાર થઈ ગઈ તેની મને જ ખબર ન રહી.

પછી વાત વળાંક લઈ ગઈ. મેં મીરાબહેનની આત્મકથા 'અ સ્પિરિટ્સ પિલ્ગ્રીમેજ', તેનો વનમાળા દેસાઈએ કરેલો ગુજરાતી અનુવાદ 'એક સાધિકાની જીવનયાત્રા' અને સુધીર કાકરનું 'મીરા એન્ડ ધ મહાત્મા' વાંચ્યાં, થોડા બીજા સંદર્ભો મેળવ્યા. મીરાબહેનની આત્મકથા ૧૯૬૦માં પ્રગટ થઈ હતી. તેનો અનુવાદ ૧૯૬૯માં પ્રગટ થયો (નવજીવન પ્રકાશન). સુધીર કાકરનું પુસ્તક (પેંગ્વિન પ્રકાશન) ૨૦૦૪માં અને 'બિલવેડ બાપુ' (ઓરિએન્ટ બ્લેકસ્વાન પ્રકાશન) ૨૦૧૪માં પ્રગટ થયાં છે.

નવાઈ લાગે એવી વાત એ છે કે પત્રોમાંથી ઉપસતાં મીરા-મહાત્મા જુદાં છે, આત્મકથામાં જુદાં અને સુધીર કાકરના પુસ્તકમાં જુદાં.

#### ગાંધી વાચનયાત્રા

ઑક્ટોબર-૨૦૧૫ના ગાંધીજયંતીના પવિત્ર મહિનાથી અમે આ લેખમાળાનો પ્રારંભ કરીએ છીએ.

મહાત્મા ગાંધી વિશે સૌથી વધુ લખાય છે; તેમના વિશે વિશ્વમાં સૌથી વધુ વંચાય છે, કારણ કે તેમની પ્રતિભા, જીવન અને કાર્યોમાં એક શાશ્વત, નિત્યનૂતન તત્ત્વ છે. આ સાહિત્યનો પ્રતિ માસે આસ્વાદ કરાવવાનો અમારો અભિગમ છે, જે વર્તમાન પ્રવાહને ઉપયોગી થાય અને ગાંધીજીવન અને ગાંધીસાહિત્યના જિજ્ઞાસુઓની વાંચનસંતૃપ્તિ કરે.

ગાંધીજીવન અને ગાંધીસાહિત્યના અભ્યાસી તેમજ ગાંધીવંશજ સોનલ પરીખની કલમનો આ કોલમને નિયમિત લાભ મળશે.

તત્ત્વ અને સત્ત્વને રસભરી કથાશૈલીમાં પીરસવાની શબ્દકળા આ વિદુષી લેખિકામાં કેવી અજબની છે તેની પ્રતીતિ જિજ્ઞાસુ વાચકને અવશ્ય થશે એવી મને શ્રદ્ધા છે, આ લેખમાળા વાંચ્યા પછીની મારી આ અનુભૂતિ છે, જે આ કોલમ વાંચનારની પણ બનશે જ. વાચક હોંશે હોંશે હવે પછીના હપ્તાની રાહ જોશે જ. આવકાર અને આનંદ.

–ધ.

આવું કેમ? જોઈએ.

મીરાબહેન જાહેર છતાં અંતર્મુખ વ્યક્તિ હતાં. પ્રાઈવસીનો યુરોપિયન કન્સેપ્ટ પણ ખરો. આત્મકથામાં પણ તેમણે પોતાને પૂરેપૂરા વ્યક્ત થવા દીધાં નથી અને પોતાના અને બાપુના પત્રોનું એક સંપાદન જે એમણે કર્યું છે તેમાં ચૂંટેલાં પત્રો જ મૂક્યા છે. અમુક બાબતો માણસ પોતાનાથી પણ છુપાવવા માગે તેમ બને. એટલે આ બધામાં વ્યક્ત થયેલાં મીરાબહેન એ છે, જે એ પોતે બતાવવા માગે છે.

*આ બધામાં વ્યક્ત થયેલાં મીરાબહેન એ છે, જે એ પોતે બતાવવા માગે છે.*

પણ તેમનું સમગ્ર પત્રલેખન જોઈએ તો તેમાં મીરાબહેન પૂર્ણપણે, મુક્તપણે વ્યક્ત થયાં છે. બાપુએ તો કદી કશું છુપાવ્યું છે જ નહીં. આત્મકથાના મીરાબહેન એક શિસ્તબદ્ધ સાધિકા છે, 'બિલવેડ બાપુ'માં ધબકે છે તેમનું સ્ત્રીહૃદય; એક માનવી તરીકેનાં તેમનાં સંઘર્ષો, પીડાઓ, પ્રાપ્તિઓ. પોતાના શ્રદ્ધેય 'બાપુ'ને પામવા, તેમના આદર્શોને અનુસરવા, તેમનાં સેવાકાર્યોમાં એકરૂપ થવું, તેમની કસોટીઓમાંથી પાર ઊતરવું એ મીરાબહેનનું ધ્યેય હતું; પણ એ એટલું સહેલું તો ન હતું. બાપુ એટલે જીવંત અગ્નિ. તેમની નજીક જનારને તેનું તેજ તો મળે, પણ દાઝવું પણ પડે. મીરાબહેનની આ બધી મથામણ તેમના પત્રોમાં જીવંત થઈ છે. સુધીર કાકરના પુસ્તકમાં થોડો કલ્પનાનો રંગ છે, થોડું એમનું પોતાનું અર્થઘટન છે, તેથી એમાં મીરાબહેનના વ્યક્તિત્વની અમુક રેખાઓ બદલાઈ છે.

**'બીલવેડ બાપુ'**

ધી ગાંધી-મીરાબેન કોરસપોન્ડન્સ

પરિચય અને સંકલન – ત્રિદીપ સુહૃદ, થોમસ બેબર

પ્રકાશક : ઓરિએન્ટલ બ્લેક સ્વાન પ્રા. લિ.

૧/૨૪, અસફઅલી રોડ, ન્યૂ દિલ્હી-૧૧૦૦૦૨.

Email : delhi@orientalblackswan.com

પ્રથમ આવૃત્તિ-૨૦૧૪, પૃષ્ઠ ૫૩૫. કિંમત રૂા. ૯૫૦.

આ બધા વાચન પછી મારા મનમાં મીરાબહેન અને મહાત્મા ગાંધીની અનન્ય મૈત્રીની જે છાપ ઉપસી છે, તેને હું આ પૃષ્ઠો પર મૂકવા માગું છું એટલે પુસ્તકને બદલે પાત્રો કેન્દ્રમાં આવ્યાં છે.

યુરોપની સ્વતંત્ર આબોહવામાં ઉછરેલી, એડમિરલની પુત્રી મેડેલિન કઈ રીતે મહાત્મા ગાંધીની પુત્રી-શિષ્યા–સાથી–મિત્ર બની, અને ત્યાર પછી શું થયું એ આખી કથા અત્યંત રસપૂર્ણ અને માનવીય સંવેદનોથી ભરપૂર છે.

x x x

૬ નવેમ્બર, ૧૯૨૫.

પી એન ઓ કંપનીની સ્ટીમર અરબી સમુદ્રના તરંગો પર હિલોળા લેતી ભારતના પશ્ચિમ કિનારા તરફ આગળ વધી રહી હતી. ૩૩ વર્ષની મેડેલિન સ્લેડ તૂતક પર ઊભી ઊભી ક્ષિતિજ પર ધૂંધળી રેખા જેવી દેખાતી ભારતભૂમિની કિનાર જોઈ રહી હતી. તેની છ ફૂટ ઊંચી મજબૂત કાયા, ખડતલ કૃષિકન્યાના સૌંદર્યને વ્યક્ત કરતી હતી. ગૌર ગુલાબી ચહેરાનાં જડબાં સખત અને દૃઢ હતાં, નાક તીણું અને આંખો ભૂખરી અને ઊંડી હતી. સોનેરી છૂટા વાળ ખુલ્લા પવનમાં ઊડતા હતા.

તેના શરીર પર ખાદીનું સફેદ ફ્રોક હતું.

ભારતની ભૂમિ પર એક અજાણ ભવિષ્ય મેડેલિનની રાહ જોઈ રહ્યું હતું. જેને છોડીને આવી હતી તે ભૂતકાળની મધુર સ્મૃતિઓ હજી હૃદયમાં તાજી હતી. વર્તમાનની ક્ષણ, બિલકુલ આ સ્ટીમરની જેમ અફાટ સમુદ્રનાં ગાઢાં નીલાં જળ પર સવારના કૂણા તડકામાં હાલકડોલક થઈ રહી હતી. જેને કદી જોયા ન હતાં, છતાં એવું લાગતું હતું કે પોતે તેમને સમર્પિત થવા માટે જ જન્મી છે એ મહાત્મા ગાંધીને ચરણે જવા મેડેલિન પોતાના સર્વસ્વને છોડી ભારતમાં આવી રહી હતી.

x x x

મેડેલિનનો જન્મ ૧૮૯૨માં. ૧૯મી સદી વિદાય લેવાની તૈયારીમાં હતી. પિતા નૌકાદળમાં એડમિરલ હતા. મહિનાઓ સુધી ઘરથી દૂર રહેતા. મા એવે સમયે મેડેલિન અને રૂહોના આ બે દીકરીઓને લઈ પોતાના પિતાને ત્યાં મિલ્ટન હીથની વિશાળ જાગીર પર ચાલી જતી. ત્યાં મેડેલિન અને રૂહોનાને એલેકમામા મળતા. આ બહેનોથી એલેક માત્ર ત્રણ વર્ષ મોટો એટલે ત્રણે બાળકો સાથે જ ઊછરતાં.

મિલ્ટન હીથ ઈંગ્લેન્ડના ગ્રામવિસ્તારમાં આવેલું હતું. ખૂબ મોટું મકાન, આસપાસ વિશાળ બગીચા, ઢોરને માટે કોઢ, ઘોડા માટે તબેલો, જબરાં ઊંચાં વૃક્ષો, એક તરફ જંગલવિસ્તાર, બીજી તરફ હરિયાળી વચ્ચે શોભતાં છૂટાછવાયાં ઘર. મોટરો ત્યારે હતી નહીં. લોકો ઘોડા પર કે બગીમાં બેસી અવરજવર કરતા અને શિકારે નીકળતા. નાનાને ત્યાં સવારી માટેના, બગીમાં જોડવાના ને શિકાર માટેના જુદા જુદા ઘોડા હતા. સાઈસ લોકો તેમની બરદાસ્ત કરતા રહેતા. મરઘાંનું છાપરું હતું અને ડુક્કરનો વાડો પણ હતો. જંગલ તરફના છેડે આછી વનશ્રી ધીરે ધીરે ગાઢ જંગલમાં ફેરવાતી અને તેની પાછળ ટેકરીઓની હારમાળા દેખાતી. ઉપર બાળકોને રમવાનો ઓરડો હતો. તેને જોડેલી અગાશીમાંથી સુંદર દૃશ્ય દેખાતું.

મેડેલિન ઉંમરમાં સૌથી નાની, પણ બાળસુલભ ચંચળતા તેનામાં ઘણી ઓછી. એકલા રહેવાનું તેને વધારે ગમે. ઢીંગલી, રમકડાં, મિત્રો, તોફાનમસ્તીનું આકર્ષણ નહીં. નાનાને ત્યાં દરેક કામનો ચોક્કસ સમય, ઊઠવાનો, રમવાનો, જમવાનો, ફરવા જવાનો, નાના-નાની સાથે વાત કરવાનો પણ નક્કી સમય. બગીચાનાં ફૂલો તોડવાની મનાઈ. એક ખાસ છોડ હતો, માત્ર

**દુનિયામાં ક્યાંય એકાંત રહેશે જ નહીં ?**

તેના જ ફૂલ તોડવાનાં. નાનાના ૯૦ વર્ષના પિતા સાથે મેડેલિનને દોસ્તી. બાકીનો વખત ઘોડા કે બીજાં પ્રાણીઓની માવજત થતી જુએ, પિતા શોખથી કરતા તે સુથારી કામ પર હાથ અજમાવે. નાનાના દાદા એક જિપ્સી કન્યાને પરણેલા. મેડેલિનની મા કહેતી, 'હું અને મેડેલિન અમારી જિપ્સી દાદી જેવાં છીએ.' મેડેલિનના પિતાના પિતા પાદરી હતા અને તેમના દાદા લશ્કરમાં હતા. ૮૦ વર્ષની ઉંમરે તેમને ત્યાં પુત્રી આવી હતી એ પુત્રી ગર્ટ્રુઈડ અપરિણીત હતાં અને એ જમાનામાં આખા યુરોપમાં એકલા ફર્યાં હતાં. બધાં ખેતી અને બાગકામના શોખીન હતાં.

લંડનમાં ત્યારે મોટર ન હતી. સ્ત્રીવર્ગ ખરીદી કરવા જાય ત્યારે બે ઘોડાની પરદાવાળી ગાડીમાં જાય. કોચમેનની બાજુમાં બેસી બધું જોવાનું મેડેલિનને ગમે. ઘણાં લોકો ભેગા થાય તેવી જગ્યાએ મેડેલિન અકળાય. ગૂંગળામણ, ઉશ્કેરાટને લીધે માંદી પણ પડી જાય. આવું એક-બે વાર બન્યું પછી ઘરના લોકો તેને એકલી રહેવા દેતા.

આત્મકથામાં મીરાબહેને લંડનમાં મોટરનું આગમન, શરૂઆતની એ મોટરોનો દેખાવ, ટેલિફોનનું આગમન, રાઈટ્સ બંધુઓએ વિમાન ઉડાડવાની કરેલી શરૂઆત અને ઝડપથી જામી ગયેલા યંત્રયુગનાં સુંદર વર્ણનો કર્યાં છે. 'ત્યારનાં છાપાં રાઈટ્સ બંધુઓની સફળતા-નિષ્ફળતાના સમાચારોથી ભરેલાં રહેતા. તેઓ નિષ્ફળ જતા તો મને છૂપો આનંદ પણ થતો–જોકે હું જાણતી હતી કે તેઓ સફળ થવાના જ છે. એમ જ થયું. વિમાનો પણ વધવા માંડ્યાં. મને થયું–આ તે શું, દુનિયામાં ક્યાંય એકાંત રહેશે જ નહીં?'

કિશોરાવસ્થામાં પ્રવેશેલી મેડેલિન ખૂબ સુંદર દેખાતી. એક ગંભીર રહસ્યમતાની આભા એ સૌંદર્યને વીંટળાયેલી રહેલી. યુવાનો તેની મૈત્રી કરવા આતુર રહેતા. મેડેલિન તેમની સાથે વિવેકથી વર્તતી. આમ તો આ બધું સરસ હતું, પણ જાણે કંઈક ખૂટતું હતું. કોઈ અજાણી બેચેની તેના મનને ઘેરીને રહેતી. છતાં જેમાં રસ પડતો તેમાં તે ઉત્સાહથી ઝંપલાવતી. વહાણો, ઘોડા, ચિત્રકળા, શિલ્પ–આ બધા તેના રસના વિષયો હતા. મોટરગાડીઓ રસ્તાઓ પર ૧૫-૨૦ માઈલની 'ભયંકર' ઝડપે દોડતી. તેનાથી અકળાયેલા વૃદ્ધો ઈંગ્લેન્ડનાં ગામડાઓના શાંત મનોહર સૌંદર્યના ભવિષ્યની ચિંતા કરતા. મેડેલિન જાણે અજાણે પોતાને દોરે તેવી કોઈ અજ્ઞાત શક્તિની શોધમાં હતી. બાળપણથી મનમોજી એવો તેનો સ્વભાવ હવે સ્વતંત્ર બન્યો હતો. માએ કદી તેને કોઈ અણગમતું કામ કરવા ફરજ પાડી ન હતી. મેડલિન માની ખૂબ નિકટ હતી. મા પાતળી, ચંચળ અને ઘર સજાવવામાં પાવરધી હતી. પિતા પડછંદ, કદાવર, કડક અને ઓછાબોલા પણ પ્રેમાળ હતા. મિલ્ટન હીથમાં મેડેલિન નાના સાથે શિકાર પર જતી. ગાય દોહતા પણ શીખી હતી.

ઘરમાં પિયાનો હતો. બધા જુદા જુદા સંગીતકારોની તરજ પર હાથ અજમાવતા રહેતા. મેડેલિને એક વાર બિથોવનની એક તરજ સાંભળી અને મુગ્ધ થઈ. ત્યાર પછી તે પુસ્તકાલયમાંથી લાવી બિથોવનના સોનાટા વગાડતી. તેના મુગ્ધ મનમાં સંગીતનું, સ્વરોનું, સ્વરોની પારનું એક વિશ્વ ઊઘડતું આવ્યું–જાણે પોતે બિથોવનના આત્માને સ્પર્શી રહી છે–પણ બિથોવન તો એક સદી પહેલાનો સંગીતકાર–ઓરડાના એકાંતમાં ઘૂંટણિયે પડી મેડેલિને પોતાની વ્યથા ઠાલવીઃ ઓ પ્રભુ, તેં મને બિથોવનનો સાક્ષાત્કાર કરાવ્યો તો અમારી વચ્ચે એક સદીનું અંતર શા માટે મૂક્યું ?

દરમ્યાન પિતા હિંદુસ્તાનના ઈસ્ટ ઈન્ડિઝ સ્ટેશનના વડા સેનાપતિ નિમાયા. પરિવાર બે વર્ષ માટે ભારત આવ્યો. આવતાની સાથે સમારંભો, સામાજિક મેળાવડાઓ શરૂ થયા. અંગ્રેજ અધિકારીઓ ફક્ત અંગ્રેજોને જ મળતા. ભારતના બહુ થોડા પૂંજીપતિઓ અને પારસીઓ તેમના સમારંભોમાં આવવા પામતા. આ બધી ઔપચારિકતામાં મેડેલિનને બહુ મજા ન આવતી, પણ વહેલી સવારે બેકબેની ખુલ્લી જગ્યામાં ડેલ્ટા નામની ઓસ્ટ્રેલિયન ઘોડી પર સવાર થઈ તે ઘણું ફરતી. એક જર્સી ગાય રાખી હતી, તેને દોહતી. આ બે વર્ષ દરમિયાન પરિવાર સિલોન અને પર્શિયન અખાતનાં રાષ્ટ્રોમાં ગયો. રાજસી ઠાઠમાઠ, શેખો સાથે મંત્રણા અને દબદબાપૂર્વક ફરવાનું. પિતાએ ગલ્ફમાં થતી હથિયારોની દાણચોરીનો પ્રશ્ન ઉકેલ્યો તેથી તેમની ભારત ખાતેની મુદત વધારી આપવામાં આવી. મેડેલિન અને તેની બહેન મા સાથે ફરી ઇંગ્લેન્ડમાં આવ્યાં. મીરાબહેન લખે છે, 'અસલી હિંદુસ્તાન, જે મને પછી પોતાના તરફ ખેંચવાનું હતું, તે આ બે વર્ષ દરમ્યાન જોવા મળ્યું નહીં. ઈંગ્લેન્ડ આવીને ફરી હું વાચન, સંગીત અને ઘોડેસવારીની દુનિયામાં મશગૂલ થઈ ગઈ.'

સંગીતના શાસ્ત્રને મેડેલિન સમજતી નહીં, પણ બિથોવનના સંગીતથી પોતાના મનમાં એક જાતનો પવિત્ર ઉજાસ પ્રસરતો અનુભવતી. તેણે ઇંગ્લેન્ડમાં બિથોવનના કાર્યક્રમો ગોઠવવા માંડ્યાં. લેનન્ડ નામનો એક કલાકાર બિથોવનની તરજો ખૂબ સુંદર રીતે વગાડતો. તેની સાથે મેડેલિનને સારી મૈત્રી હતી.

૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું. ઈંગ્લેન્ડે પણ તેમાં ઝંપલાવ્યું. અણુયુગ પહેલાંનો એ સમય હતો. ધીરે ધીરે યુદ્ધ જામે, ખુવારી પણ ઓછી થાય. હવાઈ હુમલા થતા, પણ તેમાં હુમલો કરનાર બલૂનો જ વધારે નાશ પામતાં. લડાઈ કપરી બનતી ગઈ તેમ વેરભાવ, ધિક્કાર, માનસિક તાણ વધતાં ગયાં. મેડેલિને પાટાપિંડી વગેરે સેવા આપવાનો પ્રયત્ન કર્યો, પણ મઝા ન આવી. 'મને તો ગમતાં હતાં શાંત ગામડાં, લહેરાતાં ખેતરો, પ્રેમાળ પ્રાણીઓ.'

૧૯૧૯માં લડાઈ પૂરી થતાં ફરી સંગીત, કાર્યક્રમો શરૂ થયાં. મેડેલિન જર્મન ભાષા શીખી બિથોવનનું ઘર જોવા બોન ગઈ. બિથોવનની આંગળીઓના સ્પર્શથી જેની ચાવીઓ ઘસાઈ ગઈ હતી તે પિયાનોના અને વિયેનામાં બિથોવનની કબરનાં દર્શન કર્યાં. બિથોવનની જીવનકથા રોમાં રોલાં નામના ફ્રેન્ચ લેખકે લખી છે

તે જાણી મેડેલિન તેમને મળવા ગઈ. રોમાં રોલાં ત્યારે સ્વિટ્ઝરલેન્ડ હતા. વાતોવાતોમાં રોમાં રોલાંએ કહ્યું, 'મેં મહાત્મા ગાંધી પર એક ચોપડી લખી છે, છપાય છે.'

**'જાણે બીજા ઈસુ ખ્રિસ્ત.'**

'એ કોણ છે?' મેડેલિને પૂછ્યું.

'જાણે બીજા ઈસુ ખ્રિસ્ત.'

રોમ, નેપલ્સ અને ઈજિપ્ત ફરી મેડલિન ફરી સ્વિટ્ઝરલેન્ડ આવી ત્યારે એ ચોપડી છપાઈને પ્રગટ થઈ ગઈ હતી. મેડેલિને તે મેળવી અને એક જ દિવસમાં પૂરી વાંચી લીધી. જેના તેને ભણકારા વાગતા હતા, જે તેના જીવનમાં ખૂટતું હતું, તે શું હતું તે તેને હવે સમજાયું. ગાંધીજી ભારતની કચડાયેલી જનતાની ને તે નિમિત્તે માનવજાતની સત્ય, અહિંસા ને નિર્ભયતાના માર્ગે સેવા કરી રહ્યા હતા. મેડેલિનને થયું, 'મારે તેમની પાસે જવાનું છે. ભારતની ભૂમિ મને પોકારી રહી છે.'

ઘેર જઈ તેમણે માતાપિતાને વાત કરી. ભારત આવતા વહાણની ટિકિટ બુક કરાવી નાખી. પણ પછી થયું કે આટલી ઉતાવળ ઠીક નથી. આ પગલા માટે થોડીક તૈયારી જરૂરી હતી.

અને મેડેલિને પોતાની જાતને તાલીમ આપવી શરૂ કરી. કાંતણ, વણાટ, પીંજણ, પલોઠી વાળીને બેસવાનું, જમીન પર સૂવાનું, ખાદીનાં કપડાં, દારૂ-માંસનો ત્યાગ. 'યંગ ઈન્ડિયા' સાપ્તાહિક મંગાવવા માંડ્યું. ગાંધી વિશે, ભારત વિશે મળ્યું તેટલું વાંચી કાઢ્યું. ગીતા અને ઋગ્વેદ વાંચવા શરૂ કર્યાં. આ પરિવર્તનની રોમાં રોલાંને જાણ કરી.

**'મિસ સ્લેડ ? આઈ એમ મહાદેવ દેસાઈ ફ્રોમ સાબરમતી આશ્રમ.'**

છ મહિના થયા હશે ત્યાં ગાંધીજીએ કોમી એકતા માટે એકવીસ દિવસના ઉપવાસ કર્યા છે તેવા સમાચાર આવ્યા. ઉપવાસ પૂરા થતા મેડલિને ગાંધીજીને પત્ર લખ્યો. તેમના કામ માટે એકવીસ પાઉન્ડનું દાન મોકલ્યું અને પોતાની ઈચ્છાની, તાલીમની વાત જણાવી.

થોડાં દિવસમાં ગાંધીજીનું પોસ્ટકાર્ડ આવ્યું:

*પ્રિય મિત્ર,*

*વહેલો જવાબ ન લખ્યો તે માટે માફી ચાહું છું. હું મુસાફરીમાં હતો. તમે મોકલેલા પાઉન્ડ રેંટિયાના પ્રચારમાં વાપરીશ.*

*અહીં આવવાના પહેલા આવેશને વશ થવાને બદલે તમે અહીંના જીવનમાં ગોઠવાવા થોડો વખત થોભી જવાનું નક્કી કર્યું તેથી હું ઘણો રાજી થયો છું. એક વરસની કસોટી પછી પણ જો તમારો આત્મા અહીં આવવા દબાણ કરે તો તમે ભારત આવજો.*

*તમારો સ્નેહાધીન, મો. ક. ગાંધી*

*ટ્રેનમાંથી, તા. ૩૧-૧૨-૧૯૨૪.*

થોડા વખત પછી મેડેલિને આશ્રમમાં રહેવાની ઈચ્છા વ્યક્ત કરી. પોતાની કાંતેલી ઉનના નમૂના પણ મોકલ્યા. જવાબમાં ગાંધીજીએ લખ્યું, *'તમે ઈચ્છો ત્યારે અહીં આવી શકો છો. પણ આશ્રમનું જીવન કઠણ છે. આ દેશની આબોહવા જુદી છે. તમને ડરાવવા નહીં, પણ ચેતવવા આ લખું છું.'*

**'તું મારી દીકરી થઈને રહીશ.'**

આ પત્ર જુલાઈ મહિનામાં આવ્યો હતો. મેડેલિને ઑક્ટોબરમાં ઉપડતી સ્ટીમરમાં ટિકિટ બુક કરાવી. સ્વિટ્ઝરલેન્ડના ખેડૂતો સાથે કામ કરવા માંડ્યું જેથી શરીર મજબૂત થાય. ચોપડીઓ અને થોડું ઘરેણું રાખી બાકીની બધી ચીજો વહેંચી દીધી. ભારતથી ખાદી મંગાવી તેના ફ્રોક કરાવ્યાં અને શાંતિથી, પ્રેમથી વિદાય લીધી. અંગ્રેજ સલ્તનતના ઊંચા હોદ્દેદાર માટે પુત્રીને સલ્તનત સામે બળવો પોકારનાર પાસે જવા દેવાનું સહેલું નહીં હોય, પણ તેમણે પણ શાંતિથી વિદાય આપી. ફરી મળવાનું નહીં બને તે સૌ જાણતા હતાં છતાં સ્વસ્થ રહ્યાં. જતાં પહેલાં મેડેલિન રોમાં રોલાંને મળી. એ ભવ્ય વૃદ્ધે કહ્યું, 'તું નસીબદાર છે.'

x x x

હાલકડોલક થતી સ્ટીમરે મુંબઈના બારા પર લંગર નાખ્યું. બીજા દિવસે મેડેલિને અમદાવાદ જતી ટ્રેન પકડી. એક બેગ પુસ્તકોની અને એક કપડાંની–આટલો તેનો અસબાબ હતો.

અમદાવાદ સ્ટેશને ટ્રેન ઊભી રહી અને એક હસમુખો સૌમ્ય ચહેરો બારીમાંથી ડોકાયો. 'મિસ સ્લેડ? આઈ એમ મહાદેવ દેસાઈ ફ્રોમ સાબરમતી આશ્રમ.' પ્લેટફોર્મ પર બીજી બે વ્યક્તિઓ પણ ઊભી હતી. એક માયાળુ–આનંદી ચહેરાવાળા સજ્જનની ઓળખાણ કરાવતા મહાદેવભાઈ બોલ્યા, 'આ સ્વામી આનંદ.' બીજા જરા સત્તાવાહી છતાં વિનોદી અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવતા પુરુષ તરફ હાથ કરી મહાદેવભાઈએ કહ્યું, 'આ વલ્લભભાઈ પટેલ.' મીરાબહેનને લેવા મોટર આવી હતી. થોડી મિનિટોમાં શહેર બહાર નીકળી, પુલ ઓળંગી ઝાડપાનથી ઘેરાયેલાં થોડાં મકાનો પાસે મોટર ઊભી રહી. 'આ જ આશ્રમ.' વલ્લભભાઈએ કહ્યું.

ઈંટના સાંકડા રસ્તા પર તેઓ ચાલ્યા. બંને બાજુ પપૈયાનાં ઝાડ હતા. નાનું ફાટક ખોલી, આંગણું વટાવી ત્રણચાર પગથિયાં ચડી બંને ઓસરીમાં આવ્યાં. વલ્લભભાઈએ એક દરવાજો બતાવી કહ્યું, 'બાપુ ત્યાં છે. તમારી રાહ જુએ છે.'

એ ઓરડામાં ધબકતા ચિત્તે મેડેલિન દાખલ થઈ. ત્યાં એક દૂબળીપાતળી ઘઉંવર્ણી આકૃતિ ઊઠીને સામે આવી. ચારે બાજુ પ્રકાશનો પુંજ જાણે છવાઈ ગયો. મેડેલિન દુનિયાનું ભાન ભૂલી ગઈ. ઘૂંટણિયે પડી ગઈ. બે હાથે તેને પ્રેમથી પકડી અને ઊભી કરી. 'તું મારી દીકરી થઈને રહીશ.' ધીરે ધીરે ચહેરો સ્પષ્ટ થયો. માયાળુ, વિનોદથી ચમકતો, પ્રસન્ન, પ્રેમાળ આંખોવાળો ચહેરો.

એ મહાત્મા ગાંધી હતા.

(વધુ આવતા અંકે)

મો. : 09221400688

# ઉપનિષદમાં કાળ (સમયતત્ત્વ)નો વિચાર

☐ ડૉ. નરેશ વેદ

ઉપનિષદોમાં જેમ જીવ, જગત, ઈશ્વર, શરીર, મન, બુદ્ધિ, કર્મ, ધર્મ, ઉપાસના, યોગ, સંન્યાસ વગેરે વિષયો વિશે વિચારણા થયેલી છે, તેમ કાળતત્ત્વ વિશે પણ વિચારણા થયેલી છે. એ વિષયની વિચારણા મુખ્યત્વે પ્રશ્નોપનિષદ, બૃહદારણ્યક ઉપનિષદ, મૈત્રાયણીય ઉપનિષદ અને શ્વેતાશ્વતર ઉપનિષદમાં થયેલી છે. એ જેટલી રોચક છે, એટલી દ્યોતક પણ છે.

ઉપનિષદના આ ઋષિઓનું કહેવું છે કે, અન્ન સર્વની યોનિ છે અને કાળ અન્નની યોનિ છે. (અન્ન કાળે કરીને, સમયથી ઉત્પન્ન થાય છે.) સૂર્ય કાળની યોનિ છે (કાળનું અસ્તિત્વ સૂર્ય દ્વારા ગણાય છે.) નિમેષથી લઈને સંવત્સર સુધીનું કાળનું રૂપ છે. પ્રત્યેક સંવત્સરમાં એના એ જ માસ, પક્ષ, ઋતુ વગેરે આવ્યા કરે છે. કાળનો અર્ધો ભાગ આગ્નેય (અગ્નિતત્ત્વવાળો) છે અને રાત્રિરૂપ અડધો ભાગ વારુણ (જળતત્ત્વવાળો) છે. કાળરૂપી એક ચક્ર છે. તે ચક્રનો ઉપર જતો અર્ધો ભાગ આગ્નેય છે અને નીચ આવતો અર્ધો ભાગ સૌમ્ય અથવા જલીય (જળતત્ત્વવાળો) છે.

આ ચક્ર ૨૮ નક્ષત્રોમાં વહેંચાયેલું છે. મઘાથી લઈ શ્રવિષ્ઠા સુધીનો આ ચક્રનો ઉદ્ગ્રામ (ઉપર જતો ભાગ) છે અને આશ્લેષાથી લઈ શ્રવિષ્ઠા સુધીનો નિગ્રામ (નીચે જતો ભાગ) છે. આ જ પ્રમાણથી કાળચક્ર ઘૂમી રહ્યું છે. આ આચાર્યો કાળને જ બ્રહ્મ માને છે. અને તેથી જ તેની શ્રેષ્ઠતાનું, સર્વોપરિતાનું વર્ણન કરે છે. જેમ કે-

कालात् स्रवन्ति भूतानि कालाद् वृद्धिं प्रभान्ति च।
काले चास्तं निगच्छन्ति कालो मूर्तिरमूर्तिमान् ।।

આ કાળરૂપી બ્રહ્મના બે ભાગ કહેવામાં આવ્યા છે. એક કાળપરિચ્છિન્ન (કાળથી વ્યાપ્ત, કાળથી ખંડિત) ભાગ અને બીજો કાળાતીત (કાળથી પર) ભાગ. આદિત્ય (સૂર્ય)થી જે ઉપર છે, તે અકાળ (કાળરહિત) છે. તેમાં કાળની કોઈ ગણના નથી. આદિત્યની નીચેથી જેનો આરંભ થાય છે તે કળાઓની ગણતરીથી યુક્ત છે. સકલ કલાઓથી બનતા (સકલ) કાળનું જ રૂપ સંવત્સર છે. કાળથી જ પ્રજાઓ ઉત્પન્ન થાય છે. આ કાળને પચાવનાર કેવળ બ્રહ્મ છે.)

આગળ ચાલતાં ઋષિ જણાવે છે કે કાળ એક મોટો સમુદ્ર છે. તેના વિશાળ પેટમાં સર્વ પ્રાણીઓ રહેલાં છે. આ કાળમાંથી જ ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો, સંવત્સર વગેરે ઉત્પન્ન થાય છે. આ જગતમાં જે કંઈ શુભ-અશુભ (સારું કે ખોટું) બને છે, તે એ કાળના પ્રભાવથી જ થાય છે. તેમના મતે કાળ જ ઈશ્વર અથવા બ્રહ્મનું સ્વરૂપ છે. તેથી તેઓએ કાળને વિશ્વનું નિર્માણ કરનારો કહેલો છે. સમસ્ત વિશ્વના સૃજન અને પ્રલયના વિધાનનું એક માત્ર કારણ કાળ છે. આ કાળનું મૂર્ત (પ્રત્યક્ષ) રૂપ સૂર્ય છે. એથી સૂર્યની ઉપાસના કરવી જોઈએ.

કાળ સંવત્સર (વર્ષ), અયન, ઋતુ, માસ, પક્ષ, દિવસ, રાત્રિ, ઘડી, પળ વગેરેના રૂપમાં સૌને પ્રત્યક્ષ અનુભવાય છે. વિષ્ણુનું સુદર્શન ચક્ર આ કાળનું જ પ્રતીક છે. જીવન એ બીજું કશું નથી પણ, આ કાળનું ઘૂમી રહેલું ચક્ર (પૈડું) છે. આ ચક્ર ત્રણ, ચાર, પાંચ, છ, બાર કે સોળ આરાઓવાળું કહેવાય છે; પરંતુ મહાકાળના રૂપમાં આ ચક્ર સહસ્રાર (અનંત આરાઓવાળું) છે.

કેટલાક ઋષિઓ એ સૂર્યને આકાશના ઉપલા અડધા ભાગમાં રહેલા, વરસાદ વરસાવતા, પાંચ પગવાળા, બાર આકૃતિવાળા, પ્રજાના પિતા તરીકે વર્ણવે છે. સૂર્યના પાંચ પગ એટલે ૭૨-૭૨ દિવસની એક એવી સંવત્સર (વર્ષ)ની પાંચ ઋતુઓ. સૂર્યની દરેક મહિનામાં આકૃતિ જુદી જુદી થાય છે. તેથી બાર મહિનાની બાર આકૃતિઓ થાય. એને જ બાર આદિત્યો કહે છે. તેના નામ ચૈત્ર માસથી માંડી ફાગણ મહિના સુધી જો જાણીએ તો ક્રમશઃ તે આ મુજબ છેઃ ધાતા, અર્યમા, મિત્ર, વરુણ, ઇન્દ્ર, વિવસ્વાન, ત્વષ્ટા, વિષ્ણુ, અંશુ, ભગ, પૂષા અને પર્જન્ય. જ્યારે બીજા કેટલાક ઋષિઓ સૂર્યને સાત ચક્રવાળા અને છ આરાવાળા રથમાં બેઠેલા અને બધી તરફ જોતા દેવ તરીકે વર્ણવે છે. સૂર્યનો સાત ચક્રવાળો રથ એટલે સાત વૈદિક છંદો–ગાયત્રી, ઉષ્ણિક, અનુષ્ટુપ, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ અને જગતીરૂપ સાત ચક્રો. (આ ચક્રો કર્ક, મકર, વિષુવ વગેરે આકાશી વૃત્તોના સંકેતો છે), તેના વડે ચાલતો સંવત્સર (વર્ષ) રૂપ રથ. સૂર્ય (કાળ)ના છ આરા એટલે છ ઋતુઓ : વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત, અને શિશિર.

તે સમયે કાળ વિશે જુદા જુદા મતો પ્રચલિત હતા. વૈદિક ચિંતકોએ કાળની સ્વતંત્ર સર્વોપરી સત્તાનો ઈન્કાર કરી, તેને પરમાત્માની નિયંતૃ શક્તિ તરીકે ઈશ્વરનો સમાનાર્થક માન્યો અને બ્રહ્મને કાળનું પણ કાળ કહ્યું. બીજા દાર્શનિકો જે બ્રહ્માંડચક્રને કાળની દુધર્ષ શક્તિથી ઘૂમી રહેલું પૈડું કહેતા હતા, તેને વૈદિક દર્શનમાં દેવના મહિમાથી સંચરણશીલ (ગતિશીલ) બ્રહ્મચક્ર કહેવામાં આવ્યું છે. કેટલાકે એમ પણ કહ્યું છે કે બ્રહ્મ અથવા આત્મા જ આ બ્રહ્મચક્રને અથવા બ્રહ્માંડચક્રને ચલાવનારો છે. આ ચક્રની એક નેમિ અથવા પરિધિ છે. એમાં સત્ત્વ, રજ અને તમના ત્રણ ઘેર એકએકની જોડેજોડે લગાડવામાં આવ્યાં છે. તેથી આ ચક્રને ત્રિવૃત્ત પણ કહે છે. આ ચક્ર સમસ્ત દૃશ્ય વિશ્વનું સ્વરૂપ છે. પચાસ આરાઓ, વીસ પ્રત્યારાઓ, છ અષ્ટકો વગેરે સર્વ આ ચક્રમાં લાગેલાં છે. આ વિશ્વરૂપી ચક્રમાં તૃષ્ણાથી બંધાયેલો જીવાત્મા દેવ, અસુર અને પિતૃ આ ત્રણ માર્ગોમાં ધર્મ, અધર્મ અથવા પાપ અને પુણ્યનાં વિવિધ આકર્ષણોથી મોહિત રહીને પોતાનું અસ્તિત્વ પ્રગટ કરી રહ્યો છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં આ મહાકાળને અશ્વનું રૂપક આપીને એનું વિસ્તૃત રૂપ વર્ણવ્યું છે. મહાકાળ એ અશ્વ છે. કાળ સતત

ગતિશીલ હોવાથી તેને અશ્વ કહીને ઓળખાવ્યો છે. આ કાળને લીધે જ સંસારનું અથવા જગતનું અસ્તિત્વ છે. મહાકાળના અનેક ખંડો આપણી આગળથી પસાર થાય છે. કલ્પ, યુગ, સંવત્સર, માસ, દિવસ, રાત્રિ, ક્ષણ વગેરે ખંડો વિના અનાદિ અને અનંત એવા કાળનો અનુભવ કોઈને નથી થતો. કાળનો આ સતત પ્રવાહ એ જ જગત છે; પરંતુ ખંડોથી અનુભવાતો આ સાપેક્ષ કાળ અનુભવાયા પછી જઈને અતીતમાં મળે છે. આ રીતે આ કાળરૂપી અશ્વને પસાર કર્યા વિના ચાલી શકતું નથી અને પસાર કર્યા પછી એ ક્યાં ચાલ્યો ગયો તેનો ક્યાંય પત્તો લાગતો નથી. આ કાળ નથી મરતો કે નથી ખંડિત થતો. આ કાળ કોઈ અવ્યક્ત અજન્મા તત્ત્વને અનુસરતો ગતિશીલ થઈ રહ્યો છે.

મહાકાળના એક છેડે સૌથી પ્રથમ ઉષા છે. તે ઉષાની પછી આ સાપેક્ષ કાળનું ચક્ર ઘૂમવા લાગ્યું. જે ઉષા આજે આવે છે અને ચાલી જાય છે, તે એ કાળરૂપી યજ્ઞના અશ્વની એક શિરા સમાન છે. આ કાળરૂપી અશ્વનો બીજો છેડો ક્યાં જઈને સમાપ્ત થશે તે કોઈ જાણતું નથી. જેમ પશુરૂપ અશ્વને જુદાં જુદાં અંગો છે, તેમ આ કાળનાં પણ છે. સંવત્સર તેનો આત્મા છે. આ સંવત્સરને પ્રજાપતિએ અનેક વેગોની સાથે જોડીને એક મોટા પૈડાં રૂપે આ સંસારના નિર્માણકાર્યમાં પરોવી દીધો છે. સંવત્સરનું આ સહસ્રારચક્ર સમસ્ત ભુવનોનો ભાર લઈને રાત દિવસ ઘૂમી રહ્યું છે. વૈશ્વાનર અગ્નિ, એટલે કે, પ્રાણ-અપાનની શ્વાસોચ્છ્વાસની ગતિ એ કાળરૂપી અશ્વનું ખુલેલું મુખ છે. એમાં પડીને સર્વ પ્રકારના અન્ન આ વિશ્વાત્મક પ્રાણને બળ આપી રહ્યાં છે અને કાળચક્ર ઘૂમી રહ્યું છે. સૂર્ય આ કાળનું નેત્ર છે, એને લીધે જાગ્રત અવસ્થામાં આપણે આ વિશ્વનો અનુભવ કરી શકીએ છીએ. આકાશ, અંતરિક્ષ અને પૃથ્વી–આ ત્રણ લોક થઈને આ કાળરૂપી અશ્વનું મૂર્તરૂપ બન્યું છે. કેવળ મનુષ્યો જ નહીં; પણ દેવો, ગંધર્વો, અને અસુરોને પણ આ અશ્વ પોતાની પીઠ ઉપર વહન કરી રહ્યો છે.

બે અનુભવો વચ્ચેના અંતરને કાળ (સમય) કહે છે. જો આપણને એક જ અનુભવ થતો હોત તો કાળની કલ્પના જ થઈ ન હોત. આપણા કોઈ પણ અનુભવ વિષે આપણે વાત કરીએ છીએ ત્યારે તે નવો કે જૂનો, ઝડપી કે ધીમો, ક્યાં અને ક્યારે થયો હતો, રાતે કે દિવસે, કયા વર્ષમાં, કયા માસમાં, કયા દિવસે, એ સ્થૂળ હતો કે સૂક્ષ્મ હતો, સામાન્ય હતો કે વિશિષ્ટ હતો એ બાબત વચ્ચે આવે છે. આ બધાં કાળનાં પરિચાયક લક્ષણો છે.

આ ઋષિમુનિઓએ આ કાળતત્ત્વનો કેટલા ઊંડાણથી અને કેટલો સ્પષ્ટતાથી વિચાર કર્યો હતો એ વાતનો ખ્યાલ, એમણે આ કાળતત્ત્વનું વિભાજન કરી, એની ગણતરી કરવાની જે રીત બતાવી છે, એના ઉપરથી આવે છે. સૂક્ષ્માતિસૂક્ષ્મથી માંડી બૃહદ્‌થી બૃહદ્ સુધીની એમણે કરેલી કાળગણના જોતાં આપણે વિસ્મિત થઈ જઈએ છીએ. અલબત્ત, કાળના પરિમાણો દર્શાવતી એમની સંજ્ઞાઓ આજ કરતાં જુદી છે, પરંતુ એમનું ગણિતશાસ્ત્ર અને તર્કશાસ્ત્ર કેટલું વિશદ અને ચોક્કસ હતું તેનો ખ્યાલ આપણને આવે છે. આપણે એમણે કરેલી કાળગણના વિગતે જોઈએ :

૨ માત્રા = ૧ અક્ષર
૨ અક્ષર (ત્રુટિ) = ૧ લવ
૨ લવ = ૧ ક્ષણ અથવા ૧ નિમેષ
૩૦ ક્ષણ = ૧ વિપળ
૬૦ વિપળ = ૧ પળ
૬૦ પળ = ૧ ઘટિકા
૦૫ નિમેષ = ૧ કાષ્ઠા
૩૦ કાષ્ઠા = ૧ કલા
૪૦ કલા = ૧ નાડિકા
૦૨ નાડિકા = ૧ મૂહૂર્ત
૩૦ મૂહૂર્ત = ૧ અહોરાત્ર (દિવસ અને રાત્ર)
૧૫ અહોરાત્ર = ૧ પક્ષ (શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષ)
૩૦ અહોરાત્ર = ૧ માસ (કાર્તિકથી માંડી આસો જેવો મહિનો)
૦૨ માસ = ૧ ઋતુ (વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર જેવી ઋતુ)
૦૩ ઋતુ = ૧ ચયન (ઉત્તરાયણ અને દક્ષિણાયન)
૨ અયન = ૧ સંવત્સર (વર્ષ)
૦૫ સંવત્સર = ૧ યુગ (સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ)
૧૨ માસ = ૧ અબ્દ
૦૫ અબ્દ = ૧ યુગ

સત્યયુગ ૧૭,૨૮,૦૦૦ વર્ષનો, ત્રેતાયુગ, ૧૨,૯૬૦૦૦ વર્ષનો, દ્વાપર યુગ ૦૮,૬૪૦૦૦ વર્ષનો અને કલિયુગ ૦૪,૩૨૦૦૦ વર્ષનો છે. ચારેય યુગ મળીને ૪૩,૨૦,૦૦૦ લૌકિક વર્ષ થાય.

૪૩,૨૦,૦૦૦ = ૧૨૦૦૦ દેવી વર્ષ
૭૧ ચતુર્યુગ = ૧ મન્વતર એટલે કે ૩૦૬૭૨૦૦૦૦ લૌકિક વર્ષ
૧૪ મન્વતર = ૧ કલ્પ એટલે કે ૪૩,૨૦૦૦૦૦૦ લૌકિક અને ૧૨૦૦૦૦૦ દૈવી વર્ષો
૧૪ સંધ્યાકાળ = ૧ કલ્પ
૦૨ કલ્પ = બ્રહ્માનો એક દિવસ અને એક રાત

ઉપનિષદના દૃષ્ટા ઋષિઓએ કાળ (સમયતત્ત્વ)ને સમજાવતો ખ્યાલ આ રીતે રજૂ કર્યો છે. આ ત્રિનાભિ કાળચક્રને કોણ જાણી શકે એમ છે? એવો ખ્યાલ આવતાં તેઓએ એમ પણ કહ્યું છે કે કાળ દુરિતક્રમ છે, કાળ જ બળવત્તર છે, કાળ પ્રજાનું કલન કરે છે. કાળ (સમય) શું છે, એ સમજવા પશ્ચિમની પ્રજાએ પણ બહુ ઉદ્યમ કર્યો છે. છતાં એમાં આટલી ઝીણવટ નથી. ફ્રાંસના પ્રસિદ્ધ દાર્શનિક જ્યોજિસ પૂલેનો `Studies in Human Time' નામક ગ્રંથ પ્રશિષ્ટ (Classic) ગણાયો છે. ઉપનિષદના દૃષ્ટાઓના કાળવિષયક ખ્યાલો સાથે એની તુલના કરવાથી વિચારણાના બળાબળ ખ્યાલમાં આવશે.

✶ ✶ ✶

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર (૩૮૮૧૨૦) ફોન નં. : 02692-233750. સેલ નં. : 09727333000

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

# ૮૧ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

**(તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૫ થી તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૫)**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગ વડે ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તપ, જ્ઞાન અને સંયમના આ પર્વની સાથોસાથ ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં કામ કરતી સંસ્થાઓને આર્થિક સહયોગ આપવાનો યજ્ઞ 'સંઘે' વર્ષ ૧૯૮૫થી આરંભ્યો છે. તેના ભાગરૂપે અત્યાર સુધીમાં વિવિધ સંસ્થાઓને માટે ૫.૧૫ કરોડ રૂપિયા જેટલી નોંધપાત્ર રકમ એકઠી કરી શકાઈ છે. અને એ સંસ્થાઓને અર્પણ કરેલ છે. આ વખતે ઝૂંપડપટ્ટીમાં વસતા પરિવારોના બાળકો માટે કામ કરતી સંસ્થા વિશ્વનીડમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (રાજકોટ) માટે લગભગ ૩૦ લાખ રૂપિયા જેટલો ફાળો એકઠો અત્યાર સુધી થયેલ છે. દાનનો પ્રવાહ આવી રહ્યો છે.

વ્યાખ્યાનમાળાના અધ્યક્ષપદેથી જૈન ધર્મના અભ્યાસુ અને સાહિત્યકાર ડૉ. ધનવંત શાહે જણાવ્યું હતું કે વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત અને ઈલેક્ટ્રોનિક મિડીયા દ્વારા વ્યાખ્યાન શ્રવણ કરતાં જિજ્ઞાસુ ભાવિકોનો હું સત્કાર કરું છું. શુભકર્મોનો ઉદય થાય ત્યારે જ્ઞાનપ્રાપ્તિના સંજોગો ઉભા થાય છે. તેથી જ આપ અહીં ઉપસ્થિત થયા છો. અને આ સ્વાધ્યાયનું શ્રવણ કરી રહ્યા છો. પર્યુષણ પર્વમાં દેહના તપની સાથે આંતરિક તપ પણ અગત્યનું છે. મુખ્ય તો આપણે બાહ્યાંતર અને આંતરિક તપ મારફતે કર્મનિર્જરા સુધી પહોંચવાનું છે. જેટલી કર્મનિર્જરા થાય એટલા આપણે કર્મક્ષય સુધી પહોંચશું. ત્યારે જ મોક્ષ પ્રાપ્તિ થાય. જોકે પહેલાં તેમાં સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર ભળવા જોઈએ. આ સમ્યક્જ્ઞાન પામવાના દિવસો છે. આપણી સાધના સિદ્ધિ તરફ હોય એ યોગ્ય જ છે પણ તેમાં શુદ્ધિ હોય એ આવશ્યક છે. આપણું સાધન શુદ્ધ હોવું જોઈએ. આ શુદ્ધિ આપણને જ્ઞાન દ્વારા પ્રાપ્ત થાય છે. આશ્રુત પૂજા એ જિન પૂજા છે એમ ડૉ. ધનવંત શાહે ઉમેર્યું હતું.

વ્યાખ્યાનમાળાના પ્રથમ દિવસે 'સંઘ'ના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના પર્યુષણ વિશેષાંક 'જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ'નું સંઘાર્પણ પ્રાચાર્યા કુમુદબહેન પટવાના હસ્તે કરવામાં આવ્યું હતું. જૈન ધર્મ અને અન્ય આવશ્યક ક્રિયાઓ વિશેના આ વિશેષાંકનું ડૉ. રશ્મિબહેન ભેદા અને ભારતીબહેન શાહે સંપાદન કર્યું છે. કુમુદબહેન પટવાએ જણાવ્યું હતું કે આ અંકનું શીર્ષક વાંચે તો થાય કે આ જૈનો અને તેઓની ક્રિયાઓનું છે. ચિન્મય મિશનના વિમલાનંદેની 'વાય ડુ વી ડુ વોટ વી ડુ' નામક પુસ્તિકા લખી છે તે ભારત જ નહીં પણ અમેરિકામાં મોટા પ્રમાણમાં વંચાય છે. પ્રમોદાબહેન ચિત્રભાનુએ થોડાં સમય પહેલાં ક્રિયાઓ વિશે સમજણ આપતી પુસ્તિકા લખી હતી. મારે તેની નકલો જોઈએ છે પણ હાલ તે પ્રાપ્ત નથી તેથી આ વિશેષાંક તૈયાર કરનારાઓએ આપણા ઉપર ઉપકાર કર્યો છે. મોટા ભાગના પ્રતિક્રમણ સમજણ વગર કરતાં હોય છે. એમ કુમુદબહેને ઉમેર્યું હતું. આ પ્રસંગે ડૉ. રશ્મિબહેન ભેદા અને પુષ્પાબહેને પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. આ વિશિષ્ટ અંકને મુદ્રિત કરનાર શ્રી જવાહરભાઈ શુક્લ અને પ્રુફ રીડીંગની પરિશ્રમિક સેવા માટે પુષ્પાબેન પરીખ – આ બન્ને મહાનુભાવોનું પણ શાલ અર્પણ કરી બહુમાન કરાયું હતું.

વ્યાખ્યાનમાળાના બીજા દિવસે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને સેવાભાવી સજ્જન રશ્મિભાઈ સંઘવી દ્વારા લિખિત 'ધર્મના પ્રયોગો'નું લોકાર્પણ પ્રદીપભાઈ શાહે કર્યું હતું. આ પ્રસંગે રશ્મિભાઈ સંઘવી અને પ્રદીપભાઈએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. આ પુસ્તકમાં રશ્મિભાઈ સંઘવીએ મુંબઈમાં વડાલા અને ગુજરાતમાં વસતા ગરીબો માટે કરેલા કામોના અનુભવોની વાતો લખી છે.

વ્યાખ્યાનમાળામાં ભક્તિ સંગીતનું સંચાલન શ્રીમતી નિરુબહેન એસ. શાહે અને ડૉ. કામિની ગોગરીએ કર્યું હતું. વ્યાખ્યાનમાળાનું સંચાલન ડૉ.

---

**ઘર બેઠાં વ્યાખ્યાનોનું શ્રવણ કરો**

- ૮૧મી વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનો આપ સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર સાંભળી શકશો.
  સંપર્ક : શ્રી હિતેશ માયાણી-મો. નં. : 09820347990
- આ વ્યાખ્યાન આપ youtube ઉપર પણ જોઈ સાંભળી શકશો.
  સંપર્ક : દેવેન્દ્રભાઈ શાહ- 09223584041
  –Shree Mumbai Jain Yuvak Sangh
  –81st Paryushan Vyakhyanmala-2015
- આ બધાં વ્યાખ્યાનોની CD પણ આપ અમારી ઑફિસેથી વિના મૂલ્યે મેળવી શકશો.

**CD સૌજન્યદાતા : કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર**
સંપર્ક :હેમંત કાપડિયા-09029275322 / 022-23820296
વ્યાખ્યાનોનો લાભ લેવા જિજ્ઞાસુ આત્માને વિનંતિ.

–મેનેજર

સેજલબહેન શાહે કર્યું હતું. વક્તાઓનો પરિચય નિતીનભાઈ સોનાવાલાએ આપ્યો હતો. વ્યાખ્યાનોની સી.ડી. સ્વ. કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર (દિલ્હીવાળા) તરફથી શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. વ્યાખ્યાનોની સી.ડી.નું રેકોર્ડિંગ ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ (મહેન્દ્રભાઈ) તરફથી કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનો વેબસાઈટ ઉપર મૂકવાની કામગીરી હિતેષભાઈ માયાણી અને દેવેન્દ્રભાઈ શાહે સંભાળી હતી.

વ્યાખ્યાનમાળાના અંતે આભારવિધિ નિરૂબહેન એસ. શાહે કરી હતી. સંવત્સરીના દિવસે મોટી શાંતિનો પાઠ સેવંતીલાલ કાંતિલાલ શાહ પરિવારના સભ્ય પ્રફુલ્લાબહેને સંભળાવ્યો હતો.

ભક્તિ સંગીત અયોધ્યાદાસ, સાધના શાહ, ઉષા ગોસલિયા, ગોપી શાહ, મોના શાહ, કાનન કોટેચા, શર્મિલા શાહ અને ગૌતમ કામતે રજૂ કર્યું હતું.

✷ ✷ ✷

## પ્રથમ દિવસ : તા. ૧૦-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - એક

### વિષય : કલ્યાણ મંદિર સ્તોત્રનું રહસ્ય ● વક્તા : ડૉ. છાયાબેન શાહ ● નમન વસ્ત્રને નહીં વિતરાગને હોય

*[ ડૉ. છાયાબહેન શાહે ફિલોસોફીના વિષય સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી છે. તેમણે ગુજરાત વિદ્યાપીઠમાંથી જૈનીઝમ વડે એમ.એ. અને એમ.ફિલ. તેમજ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. તેમણે નવકારમંત્ર એક અધ્યયન અને દીવાદાંડીના અજવાળે–એ બે પુસ્તકો લખ્યા છે. તેઓ 'પ્રબુદ્ધ જીવન', 'જન્મભૂમિ', 'કૈલાસસ્મૃતિ' અને 'ધર્મધારા' સામયિકમાં લખે છે. ફોન નં.: ૦૭૯-૨૬૬૧૨૮૬૦. ]*

ડૉ. છાયાબહેન પી. શાહે 'શ્રી કલ્યાણ મંદિર અને શ્રી નમિઉણ સ્તોત્રનું રહસ્ય' એ વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે પ્રભુ પાર્શ્વનાથને સમર્પિત કલ્યાણ મંદિર સ્તોત્રમાં ૪૪ ગાથા છે. તેની એક-એક ગાથામાં રહસ્ય પડેલા છે. જેમ જેમ વાંચતા જઈએ તેમ તેમ રહસ્ય ખુલે છે અને આશ્ચર્ય ઉભા થાય છે. ઉજ્જૈનમાં જન્મેલા સિદ્ધસેન દિવાકરજીએ તેની રચના કરી હતી. તેમના પિતા દેવર્ષી અને માતા દેવશ્રી હતા. આ ગાથામાં પ્રભુના ગુણોનું અદ્ભુત વર્ણન કરાયું છે. પ્રભુના ચરણ કલ્યાણના મંદિર જેવા છે જે નમે તેને બધું મળે છે. પાપ નાશ પામે અને ભય ભાગી જાય છે. પ્રભુના દર્શન કરતાં કે ભક્તિ કરતાં મન ભમે છે એવી આપણી ફરિયાદ હોય છે. પ્રભુના ગુણ ગાઈએ એટલે પ્રભુ પ્રત્યે એટલો બધો અહોભાવ જાગે કે મન અથવા ધ્યાન બીજે જાય નહીં. આ સ્તોત્રની ગાથામાં પ્રભુના ગુણાગન છે. તે વાંચવાથી શંકા દૂર થાય છે, સમસ્યાનું નિવારણ થાય છે અને માર્ગદર્શન મળે છે. જેને રાગદ્વેષ ન હોય અને વીતરાગ હોય એ વંદનીય છે. અત્યારે તું કર્મના આવરણથી દટાયેલો છે પણ તું સર્વશ્રેષ્ઠ અને પરાકાષ્ઠાને નમેલા છે ત્યાં મસ્તકને નમાવ. આ ગાથા આપણને શક્તિશાળી આત્મા માને છે. નમન વસ્ત્રને નહીં વીતરાગને હોય. વીતરાગને નમવાથી જીવનમાં બધું મળી શકે. જોકે વર્તમાન સમયમાં આપણે પ્રભુને મારા ભૌતિક કામો થાય તો તમને અમુક રૂપિયા ધરીશ એવું કહીએ છીએ. આપણા બધા તીર્થંકરો રાજકુમાર હતા અને રાજપાટ છોડી આવ્યા છે. તેઓએ જે છોડ્યું તે આપણે તેઓને આપવાની વાત કરીએ છીએ. પ્રભુની આજ્ઞાનું પાલન, પ્રભુના દર્શનની કળા શીખીને અને પ્રભુને હૃદયમાં સ્થાપીને ભવસાગર પાર કરી શકાય. પ્રભુને આર્તહૃદયે યાચના કરતાં આચાર્ય કહે છે કે મારા દુઃખોના વૃક્ષોના બીજને તોડીને ફેંકી દે. સંસારનું પરિભ્રમણ હેરાન કરે છે તે તું દૂર કર. મને ભવવિરહ આપ. તે ન આપી શકે તો ત્યાં સુધી ભવોભવ તારું શરણ આપ. પ્રભુ પાસે ભૌતિકસુખ કે કામો માગવાને બદલે આચાર્યની જેમ ભવોભવ શરણ માગવું જોઈએ.

આ સ્તોત્રની ૪૪ ગાથામાં ૪૪ રહસ્યો છે. પણ હું અહીં આઠ ગાથાને સ્પર્શી શકી છું. એક એક અર્થ વાંચતા નાચવાનું મન થઈ જાય. ૪૪ ગાથાની નીચે ૪૪ મંત્ર છે. તે ગાથાની સાથે મંત્રનું પણ ઉચ્ચારણ થઈ જાય છે. તે મંત્રોમાં ગમે તે પાપી આત્માનો ઉદ્ધાર કરવાની શક્તિ છે.

પાર્શ્વનાથ પ્રભુના આ સ્તોત્રને ગણવાથી વિવિધ સાત ભયોનો નાશ થાય છે. પાર્શ્વનાથ ભગવાનને ઘણા અધિષ્ઠાયક દેવો હતા. ઘણી દેવી ઈન્દ્રાણીઓ બની છે. તેથી પાર્શ્વનાથના સ્તોત્રો સારી એવી સંખ્યામાં છે. તેથી તેમના સ્મરણથી વિઘ્નો દૂર થાય છે. આ સ્તોત્રનું બીજું એક રહસ્ય ચિંતામણી મંત્ર છે. ત્યારપછી ઘણો સમય વિસ્મરણીય રહ્યો હતો. હવે ધરણેન્દ્ર દ્વારા આચાર્ય ભદ્રબાહુસૂરિ મહારાજે પ્રાપ્ત કર્યો. કદાચ આપણી પાત્રતા કે પંચમઆરાના પ્રભાવને લીધે તેમણે ચિંતામણી મંત્રને ભયહર સ્તોત્રમાં વેરીને મૂકી દીધો. ઉવસગ્ગહરં મંત્રમાં વિષહરસ્ફુલિંગ મંત્ર એ આ મંત્રનું બીજું નામ છે. નમિઉણ સ્તોત્રનું રહસ્ય એ છે કે પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરીએ તો બધા ભય નાશ પામે છે. મંત્રને ગણવા માટે હૃદયને કલહ, કંકાસ અને કપટરહિત કરવું પડે. તેમાં શ્રદ્ધાનું પાણી નાખવું પડે. આ મંત્રોનો વારસો આપશું તો આતંકવાદ પણ નમાલો થઈ જશે.

'પ્રબુદ્ધ જીવન'ને વીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

## પ્રથમ દિવસ : તા. ૧૦-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - બીજું

**વિષય : ભક્તિ કા પ્રભાવ ● વક્તા : શ્રી બ્રહ્મકુમારી ગીતા દીદી ● જ્ઞાન અને વૈરાગ્ય ભળે પછી ભક્તિને શક્તિ મળે**

*[ બ્રહ્માકુમારી પૂ. ગીતા દીદી ૨૯ વર્ષથી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય સાથે જોડાયેલા છે. હાલ તેઓ રાજસ્થાનમાં ભીનમાલમાં આ સંસ્થાનો કાર્યભાર સંભાળે છે. તેઓ પ્રશિક્ષક અને યુવા વિભાગના એક્ઝીક્યુટીવ મેમ્બર છે. બાળપણથી તેઓ આધ્યાત્મિકતામાં રુચિ ધરાવે છે. નવ વર્ષથી તેઓ જૈન ધર્મ વિશે અભ્યાસ કરી રહ્યા છે. દેશમાં વિવિધ સ્થળોએ ધર્મ-આધ્યાત્મ વિશે વક્તવ્યો આપ્યા છે. મો. નં. C/o. ૦૯૮૩૩૪૪૪૮૯૫. ]*

બ્રહ્માકુમારી પૂ. ગીતા દીદીએ 'ભક્તિ કા પ્રભાવ' વિશે વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે આત્મા અંદરથી આર્તનાદ કરે એટલે ભક્તિનો પ્રારંભ થાય છે. આપણને જીવનના ત્રણ સત્યો નાનપણથી સમજાવવામાં આવ્યા છે. પહેલું, હું આવ્યો છું (અર્થાત્ જવાનું જ છે). બીજું, હું કંઈ લઈને આવ્યો નથી (અર્થાત્ અન્યોને દુનિયાથી ખાલી હાથે જતાં જોયા છે). ત્રીજું, જેવું વાવશો એવું ઉગશે. આ ત્રણ બાબતો જીવનમાં હંમેશાં ધ્યાનમાં રાખવી જોઈએ. ભક્તિનું સાચું ફળ પ્રાપ્ત કરવા માટેના સાત સોપાન છે. પહેલું ભક્તિ સાથે જ્ઞાન અને વૈરાગ્ય પણ જરૂરી છે. જ્ઞાન, વિવેક અને વૈરાગ્ય મુક્તિ અપાવે છે. જ્ઞાન અને વૈરાગ્ય ભળે પછી ભક્તિને શક્તિ મળે છે. બીજું, ભક્તિ, તપ અને જ્ઞાનનું અભિમાન હોવું ન જોઈએ. ભક્તિ અને અભિમાન સાથે ચાલી ન શકે. ત્રીજું, સારી બાબત જાણ્યા પછી તેને અમલમાં મૂકો. અર્થાત્ સારી બાબતનો વધુ ને વધુ અભ્યાસ કરો. ચોથું, સંગનું અને સોબતનું ખાસ ધ્યાન રાખો. શરમ, મિત્રાતા અને પ્રલોભનને કારણે કોઈ કામ માટે ઘણીવાર ના પાડી શકતા નથી. તેથી આપણે અમુક બાબતોને ના પાડતા શીખવું જોઈએ. પાંચમું, આપણી દિનચર્યા આદર્શ હોવી જોઈએ. ભોજન અને વાતાવરણને લીધે આપણને પ્રમાદ-આળસ બહુ આવે છે. ભક્તિ અને ભાવનાને વિચારોમાં ઉતારો. છઠ્ઠું, દિલમાં કરુણા રાખો. કરુણાસભર દિલ મંદિરથી ઓછું નથી. મનમાં ક્ષમાભાવ રાખો. સાતમું, મન ખાલી ન રાખો. મન ખાલી હોય એટલે કષાયો તેમાં ઘૂસે છે. તેથી મનને ખાલી ન રાખો. જ્ઞાન, ભક્તિ અને પુરુષાર્થમાં સફળ થવા કયા માપદંડ રાખવા જોઈએ? તેમાં પાંચ 'એસ'નો સમાવેશ થાય છે. પહેલું સ્માઈલ ઓન યોર ફેસ એટલે કે ચહેરા ઉપર હંમેશાં સ્મિત રાખો. આ સ્મિતથી ઘણાની ગમગીની દૂર થાય છે. બીજું, સ્વીટનેસ ઓન યોર ટંગ અર્થાત્ જબાન ઉપર મીઠાશ રાખો. સાચી વાત પણ મીઠાશથી કહો. ત્રીજું, સ્ટેબિલીટી ઓન યોર માઈન્ડ. મનને સ્થિર રાખો. મનને વાંદરાની જેમ કૂદવા ન દો. ચોથું, સિમ્પલીસિટી. જીવનમાં સરળતા રાખો. જેટલા વધુ સંસાધનોનો ઉપયોગ કરશો એટલી મૂંઝવણ વધશે. પાંચમું સીમ્પથી ફોર ઓલ. બધાને સમજવા માટે આપણી જાતને તે વ્યક્તિના સ્થાને મૂકો. તમારો તે વ્યક્તિ પ્રત્યેનો રોષ અને ફરિયાદ ઘટી જશે.

આપણે ભક્તિના ઢાંચાને પકડીને બેઠા છીએ. તેની વિધિ બરાબર કરીએ છીએ પણ સિદ્ધિ સુધી પહોંચી શકતા નથી, મન ઉપર પ્રભાવ પાડી શકતા નથી. ટચૂકડી જીભને પણ નિયંત્રણમાં રાખી શકતા નથી. ભૌતિક કર્મેન્દ્રિયો અને સૂક્ષ્મ ઈન્દ્રિયોને પોતાની સમજ અનુસાર ચલાવી શકતા નથી. દમન કરવાની વાત તો બહુ લાંબેની છે. જ્યાં સુધી પ્રત્યેક ક્રિયા સાથે ભાવ નહીં જોડો ત્યાં સુધી તે શક્તિ નથી બનતી. ક્રિયા સાથે ભાવ જોડાય એટલે શક્તિ બને છે. સામાન્ય પથ્થરને શિલ્પી આકાર આપે તો તે મૂર્તિ તરીકે પૂજાય છે. શિલ્પી પથ્થરને કોતરવાના કામમાં થોડી ભક્તિ ભેળવે તો તે મૂર્તિ બની શકે છે.

**[ બાકીના વ્યાખ્યાનો આવતા અંકે ]**


**'પ્રબુદ્ધ જીવન'**
**હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ**

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ

www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી.ના સૌજન્યદાતા

૧. ફૉરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ

હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

# તારંગા તેરી યાદ મેં...

❑ કિશોરસિંહ સોલંકી

અમે નાના હતા ત્યારે રેડિયો પર એક ગીત સાંભળતા : 'સારંગા તેરી યાદ મેં....' એમાં 'સારંગા' શબ્દની જાણ તો ઘણી મોડી થયેલી. અમે તો 'તારંગા તેરી યાદ મેં...' એવું સમજતાં. એ ગીત સાંભળ્યું ત્યરથી તારંગા જોવાનો ધખારો હતો. જવું કેવી રીતે એ પ્રશ્ન હતો. પણ એક વખત સ્કૂલમાંથી પ્રવાસનું આયોજન થયું. બસ કે ટ્રક ભાડે કરીને જઈએ, એવી સ્થિતિવાળા અમે નહિ. શિક્ષકોએ સરળ માર્ગ કાઢ્યોઃ તારંગા પગપાળા પ્રવાસ ગોઠવવાનો. કદાચ, એ વર્ષ ૧૯૬૭ હતું.

મગરવાડા (જિ. બનાસકાંઠા)થી વહેલી સવારે ૩.૩૦ વાગે ત્રણ શિક્ષકો અને એકવીસ જેટલા છોકરા સાથે અમે નીકળ્યા હતા તારંગાના પ્રવાસે. મને યાદ છે ત્યાં સુધી અંધારીયું હતું, વહેલી સવારના તારાઓનું અજવાળું, અજાણ્યા રસ્તે ઉત્સાહથી અમે સવારે આઠેક વાગે તારંગા પહોંચ્યા હતા એટલું યાદ છે...

અત્યારે તો આ તારંગાની ટેકરીઓ મારામાં ઓગળી ગઈ છે. જગતના અતિ પ્રાચીન પર્વતોમાંનો એક તે અરવલ્લી છે. અરવલ્લીની હાર આબુ આગળ થઈને ગુજરાતમાં પ્રવેશે છે અને ત્યાંથી ફંટાઈ પાવાગઢ આગળ વિંધ્યમાં મળી જાય છે. આબુની દક્ષિણે આરાસુરની પર્વતમાળા, જ્યાં અંબાજી બિરાજે છે. ત્યાંથી અરવલ્લીનો એક ફાંટો મહેસાણા અને સાબરકાંઠા જિલ્લા તરફ વળે છે. મહેસાણા જિલ્લાના ઉત્તર-પૂર્વ ભાગમાં તારંગા નામનો પર્વત આશરે ૨૪° ઉ. અ. તથા ૭૨° ૪૬' પૂ રે. પર સમુદ્રની સપાટીથી ૪૮૬ મીટરની ઊંચાઈએ આવેલો છે. તેની આજુબાજુ નાની નાની ટેકરીઓ આવેલી છે.

અમદાવાદથી ૧૩૦ કિ.મી.ના અંતરે, ગાયકવાડ સરકારની હકુમતનું છેલ્લું ગામ. ખેરાલુથી ડભોડા, વરેઠાથી આગળ જતાં ડુંગરોની હારમાળામાં ગઢ આકારના ડુંગરો વચ્ચેનો વિસ્તાર ગઢવાડા નામે ઓળખાતો. જેનું પ્રવેશદ્વાર તારંગાહિલ રેલવે સ્ટેશનથી શરૂ થાય છે.

તારંગા રેલવે સ્ટેશન વાંકીલ નામના ભોખરાના ખોળામાં છે. દૂરથી જોઈએ તો આ ટેકરીનો વાંકા વળી ગયેલા માણસ જેવો આકાર હોવાથી લોકો એને 'વાંકલી ભોખરા' તરીકે ઓળખે છે. ત્યાંથી તારંગાહિલ પર જવા માટે કેડી છે. મહેસાણાથી મીટર ગેજ ગાડી અહીં સુધી આવતી. દરિયાની સપાટીથી ૨૩૧.૫૫ મીટરની ઊંચાઈએ આવેલ આ રેલવે સ્ટેશન આજે કોઈ ખંડેર સ્મશાનગૃહની યાદ તાજી કરાવે છે.

એ સમયે, સમગ્ર ગઢવાડા વિસ્તાર નાના નાના દેશી રજવાડાઓની હકુમત હેઠળ આવેલો હતો. આજે તો રજવાડાં ગયાં, રાજ ગયાં ને નાના વાડાઓના માલિક પણ રહ્યા નથી. આમ તો આ વિસ્તાર અરવલ્લીની હારમાળાનો એક ભાગ જ છે. જેમાં પછાત વસતી તથા ખેતી પર નિર્ભર લોકોનો વસવાટ છે. એક જમાનામાં આ વિસ્તારમાં જૈનોનું આધિપત્ય હતું. કારણ કે, તારંગા એ હિલસ્ટેશન હોવા ઉપરાંત પાલીતાણા પછીનું ડુંગરોમાં જૈનોનું અગ્રેસર તીર્થસ્થાન ગણાય છે. શ્વેતામ્બર-દિગમ્બર જૈનોનાં ભવ્ય દેરાસરો તારંગાની ટેકરીઓ ઉપર સદીઓથી અડીખમ ઊભાં છે અને દિવસે દિવસે તેનો મહિમા વધતો જાય છે. જૂનાં મંદિરો ઉપરાંત તારંગા સ્ટેશન પાસે પણ સંભવનાથ ભગવાનનું નવું પરિસર આકાર લઈ રહ્યું છે. જેમાં દેરાસર, ઘરડાઘર, ઉપાશ્રય, ભોજનશાળા અને ગેસ્ટ હાઉસ વગેરે બનાવેલ છે.

અહીં જૈન યુનિવર્સિટી બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી પણ અત્યારે એ પ્રવૃત્તિ સ્થગિત અથવા બંધ થઈ ગઈ છે. ત્યાંથી આગળ જતાં ટીમ્બા નામનું નાનકડું રજવાડી ગામ આવે છે. તેની જમણી બાજુ એક સડક જાય છે. ત્રણેક કિ.મી. જતાં દિગમ્બર જૈનોનું તપોવન આવે છે. તેમાં પણ સગવડવાળું દેરાસર અને બાગ-બગીચો બનાવેલ છે. અમે એમાં પ્રવેશ કરીને અંદર ગયા. એક મહારાજ સાહેબ આવેલા હતા. એમને વંદન કરવા માટે ગયા. વંદન કરીને બેઠા એટલે એમનો પ્રથમ પ્રશ્ન હતોઃ 'કઈ જાતિના છો ?' મને તો ઝાટકો વાગ્યો ! એક સંતના મુખેથી આ વાત સાંભળવી કેવી આઘાતજનક હોય છે ! મેં ધીમેથી કહ્યુંઃ 'માનવજાતિના'. છતાંય એમને અમારી વાત સમજાઈ નહિ ! વધારે ચર્ચા વિના અમે ત્યાંથી નીકળી ગયા. બે કિ.મી. ઉપર ગયા. પ્રથમ ભવ્ય-વિશાળ શ્વેતામ્બર જૈનમંદિર આવેલ છે. જેની કોતરણી બેનમૂન છે, જેમાં ભગવાન આદિનાથની ભવ્ય-મનમોહક મૂર્તિ છે.

તારંગાના ડુંગર પર કુમારપાળે અજિતનાથનું મંદિર બનાવ્યું હોવાના ઉલ્લેખો 'કુમારપાળ પ્રતિબોધ', 'કુમારપાળ પ્રબંધ', 'ઉપદેશ તરંગિણી' વગેરેમાં મળે છે. વસ્તુપાળે તારંગાના અજિતનાથ ચૈત્યમાં આદિનાથ અને નેમિનાથના બિંબ સંવત ૧૨૪૮ (ઈ. સ. ૧૨૨૮)માં સ્થાપ્યાનો અભિલેખ મળ્યો છે. મંદિરના પ્રાંગણમાં આવેલા એક નાના કીર્તિસ્તંભ પર કુમારપાળના રાજ્યકાળના છેલ્લા વર્ષ વિ. સં. ૧૨૩૦ (ઈ. સ. ૧૧૭૪-૭૫)નો અભિલેખ છે.

તારંગા જિનાલયની સ્થાપના સોલંકીયુગમાં ઈ. સ. ૧૧૪૩થી ૧૧૭૪ વચ્ચે કરવામાં આવી હતી. કુમારપાળના સમય દરમિયાન પ્રવેશ ચોકી, શૃંગારચોકી, ત્રિચોકી, ત્રિમંડપ જેવા મુખ્ય ભાગોને સ્થાપિત કર્યા હતા. ડૉ. થોમસ પરમારે મંદિરના સ્થાપત્ય વિશેનો ખજાનો અમારી આગળ ધરી દીધો. અમારા માટે મંદિર એટલે માત્ર એક મૂર્તિને સ્થાપિત કરવાની જગ્યા. મંદિરમાં પ્રવેશી ઘંટનાદ કરી, પૂજાવિધિ કરવાની કે બે હાથ જોડીને પાછા રવાના થઈ જવાની પ્રક્રિયા અથવા ક્રિયાકાંડથી વિશેષ કંઈ જ નહિ.

ડૉ. પરમારે મંદિર સ્થાપત્ય વિશે અમને જે સમજ આપી એ પ્રમાણે દીવાલોથી ઢંકાયેલા ભાગને ગૂઢમંડપ કહેવામાં આવે છે. તારંગામાં સભામંડપ નથી, પણ મોઢેરાના સૂર્યમંદિરમાં તે જોવા મળે છે. સેવ્ય પ્રતિમાની સ્થાપના થાય તે સ્થાનને ગર્ભગૃહ કહેવામાં આવે છે. બહારની પ્રતિમાઓ ફક્ત અલંકરણ હેતુ માટે જ છે, તે સેવ્ય પ્રતિમા નથી. 'અગ્નિપુરાણ'માં મંદિરને શીવના શરીર સાથે સરખાવવામાં આવ્યું છે. મનુષ્યની પીઠની જેમ મંદિરની પણ પાદપીઠ હોય છે. શરીરના ગર્ભમાં જીવ હોય છે, તેથી મંદિરમાં પણ પ્રાણ-પ્રતિષ્ઠા કર્યા પછી તે જીવંત બને છે. તેથી તેને ગર્ભગૃહ કહે છે. જૈનોમાં ભગવાનની પ્રતિમાને આંખો બેસાડવાની વિધિને અંજનશલાકા વિધિ કહે છે.

મોઢેરાના સૂર્યમંદિરના ગર્ભગૃહમાં પ્રતિમા નથી, વર્ષો પૂર્વે તે સ્થાને પ્રતિમા હતી; પરંતુ અલાઉદ્દીનના આક્રમણથી પ્રતિમાને સુરક્ષિત રાખવા માટે તેને અન્ય જગ્યાએ ખસેડવામાં આવી હતી. ગર્ભગૃહના ઉપરના શિખરના કળશને મંદિરનું મસ્તક કહે છે. કળશ નીચેના પોપટની ચાંચ જેવા સ્થાપત્યને શુકનાસિકા કહેવામાં આવે છે, જાણે કે મંદિરનું નાક. ગર્ભગૃહની બહારની દિવાલને મંડોવર કહેવામાં આવે છે. પગથિયાંની બે બાજુને કીર્તિમુખ કહેવાય છે.

ગર્ભગૃહની સંખ્યા હોય તેટલાં શિખર જોવા મળે છે. સેવ્ય પ્રતિમા એક કરતાં વધારે પણ હોઈ શકે. ત્રણ પ્રતિમા હોય તો ત્રણ શિખર અને ત્રણ ગર્ભગૃહ કરવા પડે. વચ્ચેની પ્રતિમાનું શિખર બાકીના શિખર કરતાં ઊંચું હોય છે. એક ગર્ભગૃહ ધરાવતા સ્થાપત્યને એકાયતન કહે છે; બે ગર્ભગૃહને દ્વાયતન કહે છે અથવા દ્વિપુરુષપ્રાસાદ પણ કહે છે. વીરમગામમાં મુનસર તળાવની દેરીમાં બે ગર્ભગૃહ છે. ત્રણ ગર્ભગૃહ ધરાવતાં સ્થાપત્યો ત્રિપુરુષ પ્રાસાદ અથવા ત્રાયતન કહે છે. સ્વામિનારાયણ મંદિરમાં ત્રણ ગર્ભગૃહ એક જ હરોળમાં હોય છે. કેન્દ્રમાં એક મંદિર અને ચારે ખૂણે ચાર ગર્ભગૃહોને પંચાયતન કહે છે. જામનગર અને જૂનાગઢ વચ્ચેના કોઈ સ્વામિનારાયણ મંદિરમાં નવ ગર્ભગૃહ છે. જે મંદિરમાં પ્રદક્ષિણાપથ હોય તેને સાન્ધ્યાપથ કહે છે જ્યારે તેના વિનાના સ્થાપત્યને નિરન્ધાર પથ કહે છે.

અમારી સાથે અમારા વિદ્યાર્થીઓને પણ મંદિરો વિશેની આવી બધી જાણકારી મળી, એથી એમને આનંદ થયો. આગળ જાણીએ તો મંદિરમાં ઝૂમ્મર જેવા લટકતા સ્થાપત્યને પદ્મશિલા કહેવામાં આવે છે. તારંગા જિનાલયમાં છત નવ થરની બનાવેલી છે. ગૂઢમંદિરના બાવીસ સ્તંભો છે. અર્ધગોળાકાર ઘુમ્મટ બનાવવા માટે પહેલાં અષ્ટકોણ અને પછી સોળ કોણ અને પછી વર્તુળ આવે છે; એનો વિદ્યાર્થીઓને સાક્ષાત અનુભવ કરાવ્યો. પારંપારિક રીતે ઉંબરો બનાવવા માટે લાકડું ઉદુમ્બર વૃક્ષનું હોવું જોઈએ, તેથી ઊંબરાને ઉદુમ્બર પણ કહે છે.

મંદિરમાં પ્રવેશતાં મુખ્ય દ્વાર ઉપર નાના ગોખલા જેવા ભાગને લલાટબિંબ કહે છે. તેમાં નાનું શિલ્પ ગર્ભગૃહની પ્રતિમાનું જ હોય છે. પછીથી તો લલાટબિંબમાં ગણપતિની જ પ્રતિમા મૂકવાનું ચલણ સ્થાપિત થયું. ગર્ભગૃહ અને મંડપને જોડતા ભાગને અંતરાલ કહે છે. શિખરના મુખ્ય અને ગૌણ એમ બે પ્રકારો છે. નાના શિખરોને પ્રત્યંગ કહેવામાં આવે છે. શિખરની નીચે આમલક હોય છે અને તે બંનેને જોડનાર ભાગને ગ્રીવા કહેવામાં આવે છે.

તારંગા મંદિરનાં બહારનાં શિલ્પો કુલ ૭૪૦ છે. ૨૧૬ જેટલાં અંડક/શિખર છે. ફરતેની દેરીઓ મુખ્યત્વે ૨૪, ૫૨ કે ૭૨ હોય છે, તેને દેવકુલિકા કહે છે. તારંગા મંદિર પૂર્વાભિમુખ છે. શિલ્પ તોરણ પણ મંદિર સ્થાપત્યમાં અગત્યતા ધરાવે છે. ઇયળની જેમ ગતિ કરતા તોરણને ઇલ્લિકા તોરણ કહે છે, જ્યારે દરિયાના મોજાંની જેમ ગતિ કરતાં તોરણને હિંડોલક તોરણ કહે છે. આ બધી જ માહિતી વિદ્યાર્થીઓને આપતાં આપતાં બહાર નીકળ્યા ત્યારે સૂરજદેવ ઠેઠ માથા ઉપર આવીને ઊભા હતા. મંદિરના સ્થાપત્ય વિશેની જાણકારીથી અમને એક નવી દૃષ્ટિ મળી એનો આનંદ હતો.

x x x

તારામાતાના મંદિર પાસેની ટેકરીનું શિખર સમુદ્રની સપાટીથી ૪૪૬ મીટર ઊંચાઈ ધરાવે છે. 'પ્રભાવક ચરિત'માં જૈન તીર્થ તારંગનાથ ગિરિનો ઉલ્લેખ છે. 'વ્રજસ્વામી પ્રબંધ'માં તારણગિરિનો ઉલ્લેખ છે, જે તારંગગિરિ હોવાનું કહેવાય છે. સાથે ખપુટાચાર્યના સમકાલીન વેણી વત્સરાજ નામે બૌદ્ધ ધર્માનુયાયી રાજાએ ગિરિ (તારંગા) ઉપર તારાઉર (તારાપુર) નામનું નગર વસાવી એમાં બૌદ્ધ દેવી તારાનું મંદિર બંધાવ્યું. સાથે ખપુટાચાર્યના ઉપદેશથી રાજાએ જૈન ધર્મ અંગીકાર કર્યો. ત્યાં એણે મહાવીરની શાસનદેવી સિદ્ધાયિકાનું મંદિર બનાવ્યું.

તારંગા ડુંગરની તળેટીની ઉત્તર દિશામાં હાલના અજિતનાથ જૈન મંદિરથી દોઢ માઈલના અંતરે તારણ માતાનું સ્થાનક આવેલું છે. એમાં સ્થાપિત કરેલી તારાદેવીની શ્વેત પાષાણની મૂર્તિની પાટલી પર 'યે ધર્મા હેતુપ્રભવાઃ'વાળો શ્લોક કોતરાયેલો છે. તારા બૌદ્ધધર્મીઓની લોકપ્રિય તાંત્રિક દેવી જે તિબેટ, મોંગોલિયા અને

નેપાળમાં પૂજાતી. સંસ્કૃત ધાતુ તૃ-તર ઉપરથી આ નામ બન્યું છે. ભવસાગર તરવામાં મદદ કરનાર આ દેવી છે. ઈ. સ.ના છઠ્ઠા સૈકાથી તારાને બૌદ્ધ ધર્મમાં દેવી તરીકે સ્થાન મળ્યું છે. પૂર્વ ભારતમાં તેની પૂજા પ્રચલિત છે, જ્યારે ગુજરાતમાં તારંગાની ટેકરીઓમાં તેની મૂર્તિ છે.

તારા અવલોકિતેશ્વરની સહચરી અને મૈત્રી તથા કરુણાની સાક્ષાત મૂર્તિ ગણવામાં આવે છે. હિન્દુ તંત્રશાસ્ત્રમાં શિવ અને શક્તિનું જેવું સ્થાન છે તેવું સ્થાન બૌદ્ધધર્મમાં અવલોકિતેશ્વર અને તારાનું છે. ઈ. સ.ની ૧૨મી સદી સુધી તેની એકસરખી લોકપ્રિયતાના કારણે તેનાં ઘણાં મંદિર બંધાયાં હતાં. હિન્દુ તંત્રશાસ્ત્રમાં તેનો પ્રવેશ બૌદ્ધધર્મ દ્વારા થયો છે. તે નૌવહન અને ભૂમિગત પ્રવાસની રક્ષક દેવી ગણાય છે. તિબેટમાં દરેક પવિત્ર સ્ત્રીને તારાનો અવતાર માનવામાં આવે છે.

તિબેટના પ્રથમ બૌદ્ધધર્મ રાજાની બે રાણીઓમાં એક ચીની રાજકુમારી અને બીજી નેપાળી રાજકુમારી હતી. તારાનાં બે સ્વરૂપોને આ બે રાણીઓ સાથે જોડી દેવામાં આવ્યાં છે. ચીની રાણી શ્વેતતારા છે જ્યારે નેપાળી રાણી શ્યામતારાનો અવતાર ગણાય છે. તારંગાનું તારણમાતાનું સ્થાનક એ શ્વેત તારા શુદ્ધિ કે પવિત્રતાનું પ્રતીક છે. તેને 'સાત આંખોવાળી' તારા કહેવાય છે જેને કપાળમાં ત્રીજી આંખ, પગનાં તળિયાં અને હાથની હથેળીઓમાં પણ આંખો દર્શાવવામાં આવી છે; તે મોંગોલિયામાં લોકપ્રિય છે. શ્યામ તારા દેવી લોકોનાં દુઃખો અને પીડા દૂર કરનાર ગણાય છે. તિબેટનાં મંદિરોની ધજાઓ ઉપર ૨૧ તારાઓનાં સ્વરૂપો સફેદ, લાલ અને પીળા રંગમાં દર્શાવેલાં છે.

તારંગ તીર્થ પરનું હાલનું સિદ્ધશીલા નામનું સ્થાનક સિદ્ધાયિકા મંદિરના સ્થાને હોવાનું જણાય છે. આ સ્થાન હાલના મુખ્ય મંદિર અજિતનાથ પ્રાસાદની વાયવ્યમાં અર્ધા માઈલ પર એક ઊંચી ટેકરી પર આવેલું છે ત્યાં જતાં જતાં હાંફી જવાય છે. ત્યાં ચોમુખજીની મૂર્તિ તથા અજિતનાથનાં પગલાં પ્રતિષ્ઠિત છે તે પરનો લેખ વિ. સં. ૧૮૩૬ (ઈ. સ. ૧૭૭૯-૮૦)નો છે.

મુખ્ય મંદિરની જમણી બાજુએ કુદરતી સરોવર આવેલું છે. તેની બાજુમાં કોટિશિલાનો ડુંગર છે. ચોમાસામાં લીલોતરીના કારણે તારંગાના ડુંગરા આંખો ઠારે છે, નાનાં નાનાં ઝરણાં મનને તરબોળ કરી દે છે, હવામાં લહેરાતું ઘાસ આપણને આમંત્રણ આપે છે, દૂર દૂર નજર કરતાં ચોમેર વરસાદી માહોલ આપણને જાણે ભીંજવતો ન હોય? સિદ્ધાયિકા મંદિર પાસે ઊભા રહીને જોઈએ તો આજુબાજુની ટેકરીઓથી જાણે આપણે ઘેરાયેલા હોઈએ એવો ભાવ જાગે છે. પૂર્વ દિશામાં વહેતી સાબરમતી જોવાનો આનંદ કંઈક ઓર હોય છે. ટેકરીઓમાંથી નીકળતી રૂપેણ નદીમાં પગ બોળવાનો લ્હાવો ચોમાસા સિવાય ક્યારે મળવાનો હતો? દૂર પૂર્વમાં ટેકરી ઉપર ઊભેલો માંચડો હોય કે જૂનાં મહાલયનાં ખંડેર અહીંની ભવ્યતાની ચાડી ખાતાં હોય છે. ઉત્તરમાં અંબાજી જતો રોડ અને પૂર્વમાં ધરોઈ ડેમનું સરોવર તથા દક્ષિણે મૂળ મંદિરો અને પશ્ચિમે તારંગા રેલવે સ્ટેશન તથા દૂર દૂર દેખાતાં નાનાં ગામડાં, પાકથી લહેરાતાં ખેતરો મનને શાંતિ આપે છે.

અમે સિદ્ધાયિકા મંદિરથી રસ્તા વિનાના રસ્તે પથ્થરો ઠેકતા, ઉપર-નીચે જતા-આવતા, માત્ર દિશાનો જ નિર્દેશ જાણીને દુર્ગમ માર્ગે નીકળી પડીએ છીએ. પથ્થરોની વિશાળ શિલાઓ, નાનો સાંકડો માર્ગ, કાંટા-કાંકરાને અવગણીને પથ્થરોની ટોચ ઉપર ફરફરતી ધજા જોઈને આનંદનો ઓડકાર ખાઈએ છીએ. વિશાળ શિલાઓ એકબીજીને અડીને ઊભી છે, ક્યાંક ક્યાંક, વચ્ચે વચ્ચેથી સૂરજના કિરણો અંદર આવીને પ્રકાશ પાથરી રહ્યાં છે, જાણે અમને માર્ગ બતાવવા બેટરી ધરતાં ન હોય! અમારે જ્યાં આવવાનું છે, એ જગ્યાનું ઠેકાણું મળી ગયું છે. વાહ!

વાંકા વળી, નીચે નમી, ઠેકડા મારી, લપસવાથી બચતાં બચતાં ગુફા સુધી આવી પહોંચીએ છીએ. અમારો ગુફા પ્રવેશ! અમને કોઈ અલૌકિક આનંદનો અનુભવ કરાવે છે. તારંગાની ટેકરીઓમાં આવાં પણ સ્થાન છે, એ જોઈને અમને હાશકારો થાય છે. અહીં એ.સી. તો વામણું લાગે છે. એકદમ સુઘડ જગ્યા છે, જેની એકબાજુથી ઉપરની બે શિલાઓમાં થઈને ઝીણી ઝીણી ચાદર જેવો પ્રકાશ આવી રહ્યો છે.

એક પથ્થર ઉપર કોતરેલ ચાર મૂર્તિઓને જોઈ મનને એક પ્રકારની જુદી જ અનુભૂતિ થાય છે. એ જ 'જોગીડાની ગુફા!' થોડીવાર હાશ કરીને બેઠા, શરીરે ચોમાસુ બેઠું હતું, ઠંડાશનો અનુભવ થવા લાગ્યો. પગ લાંબા કરી, નિરાંતે બેઠા હતા ત્યાં કોઈકનો પગરવ સંભળાયો! અમે સતર્ક થઈ ગયા. ગયા મહિને જ સમાચાર વાંચેલા કે, તારંગાના ડુંગરોમાં ચિત્તો ફરી રહ્યો છે. મનમાં ધ્રાસકો પડ્યો પણ એ તો ભગવાન અજિતનાથનો પૂજારી નીકળ્યો. એણે આવીને ભક્તિભાવથી મૂર્તિઓને સ્નાન કરાવ્યું, ચંદન લેપ લગાવી દીવો કરી પૂજા-અર્ચના કરી, ધૂણી-ધખાવી, ધૂપ ધર્યો-વાતાવરણમાં સુગંધ પ્રસરી ગઈ. આ દૃશ્ય અને આ માહોલે મનને ભરી દીધું. અમે એને પૂછ્યું તો એ આ ગુફા વિશે અષ્ટપષ્ટમ બોલ્યો, જોકે, એને પણ જાણકારી નહોતી. અમને લાગ્યું કે, એને સોંપેલી જવાબદારી એ દરરોજ આવીને પૂરી કરી જતો હોય છે. એણે અહીં સુધી આવવાનો અમને સરળ અને સીધો રસ્તો બતાવ્યો! અમે જે રીતે અહીં આવ્યા હતા, એની વાત સાંભળીને એણે કહ્યું: 'તમે ખોટું સાહસ કર્યું. સારું છે કે, અહીં આવી શક્યા નહિતર...' એણે વાક્ય અધવચ્ચે જ છોડી દીધું, અમે એમાંથી ઘણું સમજી ગયા હતા. કારણ કે અમારા ઢીંચણના સાંધાને ઓપરેશનની નોબત આવી હોય એવું લાગેલું! વાસ્તવમાં આ બૌદ્ધ ગુફા હોવાનું પુરાતત્ત્વના

જાણકારોનું કહેવું છે.

તારંગા ડુંગર પરથી પશ્ચિમે એક દરવાજો પડે છે, જેમાંથી તારંગા સ્ટેશને પગપાળા જઈ શકાય છે. તેની જમણી બાજુ પગદંડી રસ્તે નીચે ઉતરતાં તારણ-ધારણ માતાનું મંદિર આવે છે. તે વૃક્ષોથી ઘેરાયેલું છે. હવે તો ઉઠવા-બેસવાની સગવડ કરવામાં આવી છે. નાનકડી નદી જેવો વ્હોળો છે, એનું પાણી રોકવા માટે ચેકડેમ બનાવ્યો છે. અહીં વાંદરાઓનું નિવાસ સ્થાન છે. બે ઘડી પાળે બેસીને વાંદરાઓની રમતને નિહાળવી એક લ્હાવો છે. ચોમાસામાં તો અહીંનું વાતાવરણ અતિ રમણીય લાગે છે. પાછળના ભાગેથી અહીં સુધી રોડ પણ બનાવ્યો છે તેથી તમે સીધા જ આવી શકો.

ભાદરવા માસમાં અહીં એક વિશિષ્ટ મેળો ભરાય છે. આજુબાજુનાં પચીસથી ચાલીસ કિ.મી.થી લોકો અહીં મેળો મ્હાલવા આવે છે. આ મેળો રાત્રિનો છે. એમાં ખેતી સાથે સંકળાયેલા લોકો તેમના ઢોર-ઢાંખરની જુદી જુદી બાધાઓ રાખી હોય તે પૂરી કરતાં હોય છે. ઢોર બિમાર થાય, ભેંસ દોવા દેતી ન હોય-તો અહીંની બાધા રખાય અને તે દિવસે પૂરી કરવામાં આવે. લોકોની આસ્થાનું આ મોટું સ્થાન ગણાય છે. અહીં એક નાનકડો કુંડ છે, જેનું બંધિયાર પાણી લીલવાળું છે. કહેવાય છે કે, આ પાણી ખોબામાં લઈ સામેની શીલા પર છાંટવામાં આવે તો પુત્ર-પ્રાપ્તિ થાય છે. ગામડાના લોકો હોંશે હોંશે પાણી છાંટતા હોય છે.

તારંગાથી ટીંબા સુધી ૧૯૭૦ સુધી રેલવેના પાટા હતા. ક્વૉરી ઉદ્યોગ ઘણો હતો, માલવાહક ટ્રેઈન કપચી લેવા ટીમ્બા સુધી આવતી! અત્યારે એ રેલવે લાઈનના પાટા ઉખડી ગયા છે, એના અવશેષ જેવું રેલવે સ્ટેશન ખંડેર બની ગયું છે. એવું કહેવાય છે કે, આઝાદી પહેલાં રેલવે તારંગાથી છેક દાંતા સુધી જતી હતી, તેના એવશેષો ક્યાંક ક્યાંક દેખાય છે, પણ એ બધો જ ભૂતકાળ આજે આંખ મીંચામણા કરતો ઊભો છે અમારી સામે! અમે ઊભા છીએ, અંબાજીથી અમદાવાદ જવાના રસ્તે... ✷✷✷

'ઋત' ૪૩, તીર્થનગર, વિભાગ-૧, સોલા રોડ, ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૬૧. મો. : ૯૮૨૫૦૯૮૮૮૮.


## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**




**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**




**।। ગૌતમ કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વજીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**




**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**




**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**માર્ચ, ૨૦૧૫માં પ્રસ્તુત થયેલ હેમચંદ્રાચાર્ય કથાની ડી.વી.ડી. તૈયાર થઈ ગઈ છે.**
**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# 'ક્ષણભંગુર'

❑ નટવરભાઈ દેસાઈ

*[ સેવાયજ્ઞી આ લેખક લેખકોને પ્રેરણા આપે એવું જીવન જીવે છે. જીવનની પ્રત્યેક પળને હળવાશથી જીવનારા આ ઈસમ પાસે બેઠક જમાવીએ તો બેસનારા પણ મઘમઘી ઊઠે. અહીં વાત ક્ષણભંગુરતાની છે પણ તત્ત્વ શાશ્વત છે. ભગવાન મહાવીરે કહ્યું છેઃ સમયં ગોયમ્। મા પમાયયે। ''ક્ષણ માત્રનો પ્રમાદ ન કર''...કશું શાશ્વત નથી. બધું ક્ષણભંગુર છે. ]*

આ શબ્દ અનેકવાર આપણે સૌ સાંભળી ચૂક્યા છીએ. સંતોનાં મુખેથી અને વ્યવહારિક સંવાદોમાં આ શબ્દનો અવારનવાર ઉપયોગ થતો હોય છે. સમગ્ર બ્રહ્માંડની રચના પાંચ મૂળભૂત તત્ત્વો પૃથ્વી, આકાશ, વાયુ, તેજ અને જળથી થયેલી છે અને તેને ઉત્પન્ન કરવાવાળું અને ચલાવવાવાળું જે તત્ત્વ છે તેને સમજવાનો અને પામવાનો અનાદિકાળથી પ્રયત્ન થતો રહ્યો છે. આત્મા જ પરમાત્મા, જીવ-શિવ અને દ્વૈત-અદ્વૈત આ બાબતો અત્યંત ગુઢ અને ગહન છે. માયાના પડદાને કારણે મનુષ્ય ઈશ્વરને જાણી અથવા પામી શકતો નથી. ચોર્યાસી લાખ યોનીમાં મનુષ્યયોની સૌથી શ્રેષ્ઠ છે કારણ કે તેને મન, બુદ્ધિ અને પ્રજ્ઞા આપવામાં આવેલ છે જેને કારણે તે તેની વિવેકબુદ્ધિથી શું સારું અને શું ખરાબ તે જાણી શકે છે. આપણે ક્યાંથી આવ્યા અને ક્યાં જવાના તે આપણે જાણતા નથી, પરંતુ જન્મથી મૃત્યુ સુધીની જે યાત્રા છે તે યાત્રા દરમ્યાન જે કાંઈ અનુભવ થાય અને જ્ઞાન મળે તેને આધારે માણસ પોતાનું જીવન વ્યતિત કરતો હોય છે.

**સમયને કોઈ રોકી શકતું નથી અને કાળને કોઈ અટકાવી શકતું નથી**

આપણે બધા જાણીએ છીએ કે મનુષ્યનો દેહ ક્ષણભંગુર છે. લગભગ દરરોજ આપણી નજર સામે આપણે દેહની ક્ષણભંગુરતાનો અનુભવ કરતાં રહીએ છીએ. ક્ષણભંગુર શબ્દ અત્યંત ગર્ભિત છે અને એ શબ્દ જો યોગ્ય રીતે સમજાય અને એનો સાચો અર્થ આત્મસાત થાય તો માણસનાં જીવનમાં પરિવર્તન આવી શકે છે. આ આખા દૃશ્ય સંસારમાં કોઈ ચીજ કાયમી નથી. ચાહે તે વસ્તુ હોય, પરિસ્થિતિ હોય, સંજોગ હોય, વિચાર હોય કે માન્યતા હોય તે બધું જ હરપળે બદલાતું રહે છે. કોઈ ચીજ કાયમ નથી. સમયને કોઈ રોકી શકતું નથી અને કાળને કોઈ અટકાવી શકતું નથી અને તે કોઈ અગમ્ય શક્તિનાં હાથમાં છે જેને કારણે આ મર્યાદાઓ આપણે સ્વીકારવી જ પડે. સમુદ્રમાં જે લહેરો ઉઠે તે ક્ષણવારમાં નષ્ટ થાય અને ત્યારબાદ બીજી લહેર ઉત્પન્ન થાય અને તે ક્ષણવારમાં નષ્ટ થાય. આ કુદરતનો નિયમ છે અને જીવનની દરેક ક્ષણ પણ ક્ષણભંગુર છે. જેને કારણે કોઈપણ સમજદાર વ્યક્તિ આ વાત જાણ્યા પછી જે કોઈપણ ક્ષણ આવે તેનો યથાર્થ ઉપયોગ કરી લે તો કદાચ ધારેલું પ્રાપ્ત કરી શકે. ક્ષણભંગુર શબ્દ જીવનનાં દરેક ક્ષેત્રમાં અનુભવી શકાય. દા. ત. જીભનો જે સ્વાદ છે તે કાયમ ટકી ન રહે. મનગમતો સ્વાદ કાયમ ટકી રહે તેવી આપણી મરજી હોય છતાં પણ તે ટકતો નથી એ આપણે જાણીએ છીએ. મનગમતો ધ્વનિ પણ કાયમ ટકતો નથી. કદાચ એવું બને કે આપણને મનગમતો સ્વાદ અથવા ધ્વનિનો જે આનંદ છે તે ક્ષણિકને બદલે શાશ્વત થાય તો એનો કેટલો આનંદ થાય એની આપણે કલ્પના કરી શકીએ છીએ – એટલે એવો કોઈક માર્ગ હોય કે જે આવી વાતોને શાશ્વત કરે અને તેનો આનંદ કાયમ ટકી રહે તો તે માર્ગ માટે દરેક મનુષ્યની આંતરિક ઈચ્છા હોય છે.

ક્ષણભંગુરતાને શાશ્વતતામાં ફેરવવી હોય તો તેને માટે સાચી સમજણની ખુબ જરૂર છે. કોઈ વસ્તુ કાયમી નથી. દુઃખ હોય કે સુખ હોય, શોક હોય કે આનંદ હોય, ક્રોધ હોય કે પ્રેમ હોય. આ દરેક ભાવ ક્ષણિક હોય છે એટલે તેમાં ખુબ આનંદિત થવું કે નિરાશ થવું બિલકુલ જરૂરી નથી. આ બાબતમાં તમારે તમારી જાતને તટસ્થ રાખી સાક્ષીભાવથી જોવાની દૃષ્ટિ કેળવવાની છે. જીવનની વાસ્તવિકતા જે કાંઈ છે તે સહજભાવે સ્વીકારી લઈ તમારા આંતરિક પ્રવાહો જે છે તેને કોઈપણ પ્રકારનું પરિવર્તન આપ્યા સિવાય માનસિક રીતે સ્થિરતા કેળવી કાયમ નિજાનંદમાં મસ્ત રહેવું એટલું જો સમજાય અને જીવનમાં ઊતારો તો ક્ષણભંગુરતાનું સુખ-દુઃખ કાંઈ થાય નહીં. ક્ષણભંગુર શબ્દ આપણને શું સૂચવે છે તે સાચી રીતે સમજી અને દરેક ક્ષણ જે આવે છે તે જવાની છે અને તેવી જ બીજી ક્ષણ આવવાની નથી એટલે આવેલી ક્ષણને યથાર્થ રીતે જીવી લઈએ તે જ જીવનની સાચી દિશામાં આપણને લઈ જાય છે. ઈશ્વર આપણને સૌને આ સમજણ આપે અને આપણું જીવન સાર્થક થાય તેવી પ્રભુ પ્રાર્થના.

✷ ✷ ✷

પી.એન.આર. સોસાયટી, ૧૧૯, અરૂણ ચેમ્બર્સ, તારદેવ રોડ,
મુંબઈ-૪૦૦ ૦૩૪. ટેલિફોન : (૦૨૨) ૨૩૫૨૪૬૪૯
(મો.) : ૯૩૨૧૪૨૧૧૯૨.

# વનસ્પતિમાં પ્રેમ, ભાવનાઓ, આત્મીયતા ભરેલી છે

❑ રવિલાલ કુંવરજી વોરા

વૃક્ષો, નાના, કુમળા છોડો પ્રેમ, ભાવના અને આત્મીયતાની લેનદેન કરે છે. આપણે દુઃખી હોઈએ તો એ પણ દુઃખી થાય છે. આવું ક્યારે બને જ્યારે આપણે વનસ્પતિ સાથે પ્રેમભર્યો વર્તાવ કરતા હોઈએ તો. આવા રહસ્યો વનસ્પતિમાં સમાયેલા છે જે આજના આધુનિક વૈજ્ઞાનિક જગતની શોધ છે.

એક ઘટના અમેરિકામાં ઘટી. પ્રયોગશાળામાં પ્રયોગ કરનાર વૈજ્ઞાનિકની આંગળી કપાઈ ગઈ. રૂમમાં રાખેલ નાના છોડ ઉપરના ગ્રાફ ઉપર પ્રતિક્રિયા શરૂ થઈ ગઈ. છોડની વ્યથા ગ્રાફ ઉપર ઉતરવા લાગી. નાના છોડો પણ આ દુઃખના અદૃશ્ય તરંગો પકડી પાડે છે. અને જેની સાથે આત્મીયતા બંધાયેલી હોય તો એ છોડ પણ દુઃખી થાય છે. આ છોડોમાં એવી અદ્ભુત સૂક્ષ્મ શક્તિ હોય છે જે આપણા મસ્તકની એકદમ સૂક્ષ્મ હલચલ માપી શકે છે.

એક વૈજ્ઞાનિક બેક્સટરે વૃક્ષ છોડો ઉપર પ્રયોગો કર્યાં. એક પ્રયોગમાં તરસ્યા છોડની શાખા સાથે પોલીગ્રાફના સંવેદનશીલ તાર સાથે જોડી દીધા પછી, એ છોડના મૂળીયાઓને પાણી પાવામાં આવ્યું. એ છોડે તરત જ ખુશી ગ્રાફ ઉપર એક રેખા વાટે જાહેર કરી. બેક્સટરે એ છોડની એક શાખાને બાળી નાખવાનું વિચાર્યું. જેવી દિવાસળી સળગાવી કે ગ્રાફ ઉપર ભય દર્શાવતી રેખા ખેંચાઈ ગઈ. બીજા એક પ્રયોગમાં બેક્સટરે બાળવાનો વિચાર કર્યો નહિ, પરંતુ દિવાસળી સળગાવ્યા પછી એ છોડ પાસે બળતી દિવાસળી લઈ ગયો, પરંતુ છોડે કોઈ પ્રતિક્રિયા વ્યક્ત ન કરી.

આ પ્રયોગો ઉપરથી એક વાત સિદ્ધ થાય છે કે **વૃક્ષો છોડોમાં એવી શક્તિ હોય છે કે આપણા મનની વાત એમને સમજાઈ જાય છે.** છોડોમાં માણસ ખોટું બોલે છે એ સમજવાની ક્ષમતા જણાઈ આવી છે. એક વ્યક્તિ સાથે એક છોડને પોલીગ્રાફ સાથે જોડવામાં આવ્યા પછી જે જે પ્રશ્નોના જવાબ ખોટા હતા, એ વ્યક્તિ ખોટું બોલતો હતો ત્યારે ગ્રાફ ઉપર રેખા ખેંચાઈ ગઈ.

આ બેક્સટરના પ્રયોગોથી એક વાત સિદ્ધ થઈ કે છોડો મિત્ર અને શત્રુને ઓળખી શકે છે. માળી છોડો પાસે જાય છે તો એ છોડ શાંત રહે છે પરંતુ કોઈ છોડના ફૂલ તોડવા જાય તો ગ્રાફ ઉપર એ છોડની વ્યથા ઉતરવા લાગે છે. બાળકો છોડ નજીક જાય છે ત્યારે છોડો ભયભીત થઈ જાય છે.

એક બંધ રૂમમાં પોલીગ્રાફ સાથે છોડ જોડવામાં આવ્યા. એ રૂમમાં એક હેટમાં ચિઠ્ઠીઓ મૂકવામાં આવી હતી. છ વ્યક્તિઓને એક પછી એક જવા દેવામાં આવ્યા. પાંચ વ્યક્તિઓની ચિઠ્ઠીમાં કાંઈ લખવામાં આવ્યું ન હતું એટલે છોડમાં કોઈ પ્રતિક્રિયા જણાઈ નહિ. પરંતુ છેલ્લી ચિઠ્ઠીમાં એ છોડને નષ્ટ કરવાની વાત હતી. એ વ્યક્તિએ છોડને નષ્ટ કર્યો. એ દૃશ્યના કેટલાક બીજા છોડો સાક્ષી હતા. ત્રણ દિવસ પછી એ છ વ્યક્તિઓને એક પછી એકને બંધ રૂમમાં મોકલવામાં આવ્યા તો જ્યારે પાંચ વ્યક્તિઓ પસાર થઈ ત્યારે બીજા બધા છોડોએ કોઈ પ્રતિક્રિયા વ્યક્ત ન કરી, પરંતુ છઠ્ઠી વ્યક્તિ આવતા છોડ ભયભીત થઈ ઊઠ્યા.

આવા પ્રયોગો કૃષિ વિદ્યાપીઠના રૂમમાં પણ કરવામાં આવ્યા અને વૃક્ષ અને છોડોમાં રહસ્યપૂર્ણ વિગતોનો અભ્યાસ કરવામાં આવ્યો અને એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો. મુંબઈના એક વનસ્પતિ વિજ્ઞાની ગોપીકૃષ્ણાએ પ્રયોગો કર્યા અને છોડો સુખદુઃખનો અનુભવ કરે છે એવું સિદ્ધ કર્યું.

એવા અનેક પ્રયોગો કરવામાં આવ્યા છે. ફક્ત આપણે વનસ્પતિ સાથે વાતચીત કરી શકતા નથી. આ શોધો અને પરિણામોને કારણે આપણે એક દિવસ વનસ્પતિ જગત સાથે સંવાદની આપ-લે કરી શકીશું. આ સંવેદનશીલ વનસ્પતિ જગત સાથે માનવસ્નેહ, પ્યાર અને સંરક્ષણની ભાવનાને વિકસિત કરીએ. ✶✶✶

મો. નં. : ૯૮૯૨૧૬૩૬૦૯

## ઑગસ્ટ-સપ્ટેમ્બર અંકમાં ઉમેરો

'પ્રબુદ્ધ જીવન' ઑગસ્ટ-સપ્ટેમ્બરના વિશિષ્ટ અંકમાં પૃષ્ઠ ૧૦ ઉપર સંદર્ભ ગ્રંથોની યાદીમાં 'જિન સંદેશ વિશેષાંક-૧૯૮૫'નો ઉલ્લેખ કર્યો છે. એના તંત્રી હતા વિદ્વાન અને નિડર પત્રકાર શ્રી ગુણવંત શાહ. ઉપરોક્ત અંક 'સામાયિક' વિશેષાંક હતો. આ ઉપરાંત 'શ્રીપાળ કથા', 'ક્ષમાપના', 'પ્રતિક્રમણ', 'પ્રાર્થના-ઉપાસના' વગેરે શીર્ષકોથી એમણે એકલે હાથે અંકો પ્રસિદ્ધ કર્યા હતા જેને વિદ્વાનો, શ્રાવકો અને મુનિ ભગવંતોએ આવકાર્યા હતા. આ માસિક ઉપરાંત એઓ 'બુદ્ધિ પ્રભા' અને 'ત્રિશલા' માસિકના પણ તંત્રી હતા.

આ નિડર અને વિદ્વાન પત્રકારનો અમે ઋણ સ્વીકાર કરી એમને શબ્દ શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

–ડૉ. રશ્મિ ભેદા
–ભારતી બી. શાહ
માનદ સંપાદિકાઓ

# અહિંસા પ્રેમીઓ જાગો, કતલખાનાની વસ્તુના વપરાશ પર રોક લગાઓ

**❑ સુબોધિ મસાલિયા**

હમણાં હમણાં એવા કેટલાય મેસેજ વૉટ્સઅપ પર આવે છે કે ફલાણી સરકારને એક કરોડ કોલ કરો એટલે કતલખાના બંધ થાય. ફલાણો મેસેજ એટલો ફેલાવી દો કે મોદી સુધી પહોંચે ને કતલખાના બંધ કરાવે.

એક બહુ જ સીધી સાદી વાત સમજી લો કે કતલખાનાની વસ્તુઓ પણ વાપરવી છે અને કતલખાના બંધ કરવાની વાતો કરવી છે, તે કદી બનવાનું જ નથી. હું ગોળ ખાવાનું બંધ ન કરૂં ને ગોળની ફેક્ટરી બંધ કરવાની હિમાયત કરૂં એ સંભવ છે? હજી ગઈકાલની વાત તમે કેમ ભૂલી જાઓ છો કે ગાંધીજીને અંગ્રેજોને કાઢવા'તા તો અંગ્રેજોનો નહીં પણ વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કર્યો હતો... વિદેશી વસ્તુઓની ઠેરઠેર હોળીઓ સળગાવી હતી. ગાંધીજી એક એવું વ્યક્તિત્વ છે કે જેણે વિના શસ્ત્ર, વિના યુદ્ધ, આઝાદી લાવી આપી.

**દૂધ અને દૂધની વાનગીઓનો અતિશય વપરાશ, પણ કરોડો ઢોરોની કતલ માટે જવાબદાર છે.**

હે જીવદયા પ્રેમીઓ અગર તમારા હૃદયમાં પ્રાણીઓ પ્રત્યે દયાનો છાંટો પણ બચ્યો છે, ને જો તમે ખરેખર ઈચ્છો છો કે કતલખાના પર રોક લાગે તો સળગાવી દો ઠેર ઠેર કતલખાનાની વસ્તુઓની હોળી. ભારતભરના જીવદયા પ્રેમીઓ જાગો...બહુ મોડું થઈ જાય એ પહેલાં જાગો. ત્યાગ કરો ચામડાની વસ્તુઓનો જે સંપૂર્ણ પણ છોડી શકાય તેમ છે. તેના બદલે રેક્ઝીન અને બીજી ઘણી વસ્તુઓ મળે છે. ત્યાગ કરો પ્યોર સિલ્કની સાડીઓ, તેની અવેજીમાં તો હજારો સાડીઓ મળે છે જે સિલ્કની સાડીને ટક્કર મારે તેવી ઉપલબ્ધ છે. તો પછી કેમ ન છોડી શકાય? ન જ છોડી શકાતું હોય તો સમજજો કે તમે જીવદયાનો ફક્ત દેખાડો કરો છો તમારા હૃદયના ખુણામાં જીવદયાનો છાંટો પણ નથી. તો પછી પોતાની જાતને અહિંસક કહેવડાવવાનો શું અધિકાર છે? કાંતો ત્યાગ કરો, કાંતો દંભ ડોળમાંથી બહાર નીકળો, ને સ્વીકાર કરો કે, આવી હિંસામાં મને કોઈ વાંધો નથી. અરે...ઢોરને કપાતા વિડીયો નથી જોઈ શકતા, કોશેટોને ઉકળતા પાણીમાં નાખતા ફિલ્મમાં જુઓ છો ત્યારે આંખો બંધ કરી દો છો, તો પછી એજ ચામડાની વસ્તુ એજ સિલ્કની વસ્તુ હોંશે-હોંશે કેવી રીતે પહેરી શકો છો? તમને પોતાને તમારૂં આ વર્તન વિચિત્ર નથી લાગતું?

**એક મરેલું ઢોર તારા પગમાં લટકતું હોય, એક ખીસ્સામાં ને એક કમ્મરે...અને તે શું જીવદયાની વાતો કરે છે?** શું જીવદયાના ભંડોળ ભેગા કરે છે? શું પાંજરાપોળ ચલાવે છે? અરે...તારી અંદર જરા ડોકાઈને જો તો ખબર પડશે કે આ તારો નર્યો દંભ છે. જુઠ છે. કપટ છે. તારા જીવદયાના ભેગા કરેલા ભંડોળ કતલખાનાને બંધ નથી કરાવી શકતા, પણ પ્રોત્સાહન આપે છે. યાદ રાખો કતલખાનાવાળાને માંસની આટલી આવક એની બાયપ્રોડક્ટને લીધે થાય છે. બીજી બધી વસ્તુઓની માંગ એટલી બધી છે કે તેના માટે કરોડો ઢોરો કાપવા પડે છે. જેથી વધેલા માંસની નિકાશ થાય છે.

એક મસમોટો હૉલ ખીચોખીચ ભરાયેલો હતો. એક બેનને સ્ટેજ પર બોલાવવામાં આવ્યા...જીવદયામાં પાંચ લાખ રૂપિયા આપવા બદલ એમનું બહુમાન કરવાનું હતું. હજારો કોશેટોની લાશ આખા શરીરે વીંટાળેલી (Pure Silk Saree) અને હાથમાં એક મરેલું ઢોર લટકાવીને (Pure Leather Purse) બેન સ્ટેજ પર આવ્યા. લોકોએ એમનો તાળીઓથી વધાવી લીધા. મારા મને મારા આત્માને સવાલ કર્યો કે...આ જીવદયાનું સન્માન છે કે ફક્ત રૂપિયાનું? જીવદયા પ્રેમીઓ... હવે આંખ આડા કાન કર્યે નહીં ચાલે...શું આપણે એવા લોકોનું ટોળું જોઈએ છે જે જીવદયાને છાપરે ચઢાવી ફક્ત પૈસાના ઢગલા કરે?

જે જીવદયાના પાલન માટે જેમણે આખી જીંદગી સમર્પિત


## વિપશ્યના શિબિર

### પાલિતાણા–૧૮ થી ૨૯ નવેમ્બર

વિપશ્યના સાધના કેન્દ્ર વિલેપાર્લા દ્વારા તા. ૧૮ થી ૨૯ નવેમ્બર વિપશ્યના ધ્યાન શિબિરનું આયોજન સોનગઢથી અગિયાર કિલોમિટરે સોનગઢ-પાલિતાણા માર્ગ ઉપર ગામ ટોડીમાં ધમ્મ પાલિ કેન્દ્રમાં થયેલ છે.

**આ શિબિરનું સંચાલન પૂ. શ્રી જયંતિલાલ શાહ કરશે.**

જિજ્ઞાસુ સાધકોને ત્વરિત પોતાનું નામ લખાવવા વિનંતિ.

સંપર્ક : 098203 15434 / 098336 14329

કરી દીધી છે એવા સાધુસંતો, મહંતો જીવદયાના આગેવાનો, જીવદયાના મુદ્દે સહુ એકત્રિત થઈ એવા નિર્ણયો લો, એવા પગલાં ભરો કે જેથી આ સમાજ હિંસાની ઊંડી ખાઈમાં પડતા બચી જાય. સમસ્ત સમાજમાં એવો જુવાળ જગાવો, એવી મશાલ પેટાવો કે લોકોના હૃદય દ્રવી જાય...હિંસક વસ્તુઓ આપોઆપ છુટતી જાય. બાકી કતલખાના બંધ કરાવવાની ઠાલી વાતો આપણે વર્ષોથી કરીએ છીએ, જીવદયામાં કરોડો રૂપિયા વાપરીએ છીએ, પાંજરાપોળો ચલાવીએ છીએ. આજે વર્ષો પછી પણ એનું પરિણામ શું આવ્યું? કતલખાનામાં ઘટાડો થયો છે કે વધારો? કતલખાનામાં બનતી વસ્તુઓની વપરાશ એ મૂળ છે, અને જીવદયાના ભંડોળો એ ડાળી-ડાંખળા છે. જ્યાં સુધી મૂળ સાબૂત છે, ત્યાં સુધી ડાળી-ડાંખળા ગમે તેટલા કાપો, ફરી નવું ઝાડ ઊભું થઈ જશે. જે ઝડપથી કતલખાના વધી રહ્યા છે, એ જ ઝડપથી વડીલો માટે વૃદ્ધાશ્રમો બની રહ્યા છે. આ પણ હિંસક વસ્તુઓનો વપરાશ ને પેટમાં જતી હિંસક વાનગીઓનો પ્રતાપ છે. દૂધ અને દૂધની વાનગીઓનો અતિશય વપરાશ, પણ કરોડો ઢોરોની કતલ માટે જવાબદાર છે. દૂધ વધારવા માટે વારંવાર કરાતા ગર્ભાધાન, તેમને અપાતાં એન્ટીબાયોટિક, હોર્મોન્સ, ઑક્સિટોસિનના ઇંજેક્શનો તેમના હાડકાંને ગાળી નાંખે છે. જે ઢોર ૧૫-૨૦ વરસ જીવવાનું હોય, તે પાંચ-છ વરસમાં કતલખાને પહોંચી જાય છે. આમ દૂધ એ માણસ માટે એક ઝેર ને પ્રાણી માટે એક મૃત્યુ ઘંટ બની ગયું છે. આપણે કદાચ પાંજરાપોળ તો ન બંધાવી શકીએ પણ ઘરમાં ચાલતું મીની કતલખાનું તો જરૂર બંધ કરી શકીએ.જો તમારે કાંઈ છોડવું જ નથી તો મોદી તો શું ખુદ ભગવાન આવશે તોયે કતલખાના બંધ નહીં કરાવી શકે...

મો. નં. : ૯૮૯૨૧૬૩૬૦૯

# રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ની
# નિશ્રામાં ગુજરાત વિદ્યાપિઠમાં જ્ઞાનસત્ર

અમદાવાદમાં પહેલીવાર ગાંધીવિચાર અને જૈનદર્શનના સંદર્ભમાં બે-દિવસીય એક વિશિષ્ટ જ્ઞાનસત્ર યોજવામાં આવ્યું છે. એ વાત સર્વ વિદિત છે કે મહાત્મા ગાંધીજીના જીવન પર શ્રીમદ્ રાજચંદ્રજી અને એમના આધ્યાત્મિક વિચારોનો ઘણો પ્રભાવ પડ્યો હતો. અહિંસા, સત્ય, અનેકાંતવાદ જેવા જૈનદર્શનના સિદ્ધાંતોનો પરિચય શ્રીમદ્ રાજચંદ્રજી પાસેથી પ્રાપ્ત થયો હતો. પોતાની ધર્મજિજ્ઞાસા સંતોષવા માટે મહાત્મા ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રને ઘણાં પત્રો લખ્યાં હતાં. એમાં પણ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરથી લખેલા પત્રના ૨૭ પ્રશ્નોનો શ્રીમદ્ રાજચંદ્રજીએ ઉત્તર આપ્યો હતો તેના દ્વારા ગાંધીજીનું મન હિંદુ ધર્મમાં ઠર્યું હતું.

ગુજરાત વિદ્યાપીઠના 'આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા કેન્દ્ર'ના સહયોગથી પ્રાણગુરુ જૈન સેન્ટર - મુંબઈ, 'જૈન વિશ્વકોશ' અને 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી' દ્વારા તા. ૨૩ અને ૨૪ ઑક્ટોબર-૨૦૧૫ના **જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૩** અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાં યોજવામાં આવ્યું છે.

ગુણવંત બરવાળિયા સંયોજિત આ જ્ઞાનસત્ર યુગદિવાકર રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં યોજાશે.

મહાત્મા ગાંધીજીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠના હીરક મહોત્સવ ખંડમાં કુલનાયક ડૉ. અનામિક શાહ જ્ઞાનસત્રનું ઉદ્ઘાટન કરશે. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ પ્રમુખસ્થાનેથી 'શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી' વિશે વક્તવ્ય આપશે. આ પરિસંવાદમાં જૈન ધર્મ અને ગાંધીવિચાર વિશે તુલનાત્મક દૃષ્ટિકોણથી ૨૩ જેટલા વિદ્વાનો વક્તવ્ય આપશે તેમ જ ગાંધીવિચારના સંદર્ભે કાર્ય કરનારા જૈન સાધુઓ તથા ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે યોગદાન આપનારા જૈન વિદ્વાનો તથા ગુજરાત વિદ્યાપીઠે પ્રકાશિત કરેલાં જૈનદર્શનના પુસ્તકો અંગે વ્યાપક ચર્ચા થશે. આમાં શ્રી ગોવિંદભાઈ રાવળ, ડૉ. ધનવંતભાઈ શાહ, પૂ. શ્રી સુપાર્શ્વમુનિજી, પૂ. ડૉ. તરુલતાજીસ્વામી, ડૉ. ગીતાબહેન મહેતા, ડૉ. પૂર્ણિમા મહેતા વગેરે એકવીસ જેટલા આ વિષયના તજ્જ્ઞો બે દિવસ ચાલનારા જ્ઞાનસત્રમાં પોતાના અભ્યાસલેખો પ્રસ્તુત કરશે. એટલું જ નહીં, પરંતુ 'ઉપસર્ગ અને પરિસહપ્રધાન જૈન કથાનકો' પર પણ વિવિધ ક્ષેત્રના આઠ અભ્યાસીઓ પોતાના નિબંધો અને શોધપત્રો રજૂ કરશે. ડૉ. રતનબહેન ખીમજી છાડવા પ્રેરિત આ જ્ઞાનસત્ર પ્રસંગે પરમદાર્શનિક પૂ. જયંતમુનિ વિવૃત, ગુણવંત બરવાળિયા સંપાદિત 'કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન' ગ્રંથનું યોગેશભાઈ બાવીસીના હસ્તે વિમોચન થશે. વળી જ્ઞાનસત્રના વિષયોને અનુલક્ષીને એક ગ્રંથપ્રદર્શન પણ યોજવામાં આવશે.

આ વિશિષ્ટ પ્રકારના જ્ઞાનસત્ર અંગે ગુજરાતના વિદ્યાજગતમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે.

* * *

# અવસર

## ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના ૧૫૧મા જન્મદિવસ નિમિત્તે યોજાયેલ રાષ્ટ્રીય પરિસંવાદ

૧૯મી સદીના અંતભાગમાં વિદેશગમન કરીને ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મ વિશે જાગૃતિ ફેલાવનારા શ્રી વીરચંદ ગાંધીનો જન્મ સૌરાષ્ટ્રનું કાશ્મીર કહેવાતા મહુવામાં ઈ. સ. ૧૮૬૪ના ઑગસ્ટની ૨૫મી તારીખે થયો હતો. આ મહામાનવની ૧૫૧મી જન્મજયંતી પ્રસંગે ૨૫મી ઑગસ્ટ ૨૦૧૫ના રોજ તેમના વિશિષ્ટ પ્રદાન પ્રત્યે સમાજમાં સભાનતા કેળવાય તે માટે એક રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી (ભારત, લંડન), શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને જૈન વિશ્વકોશ (મુંબઈ, અમદાવાદ) – આ ત્રણ પ્રતિષ્ઠિત સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં, રાષ્ટ્રસંત પ. પૂ. ગુરુદેવશ્રી નમ્રમુનિજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં વિશ્વકોશ ટ્રસ્ટ (વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩)માં યોજેલ. આ રાષ્ટ્રીય પરિસંવાદમાં ૧૪ જેટલા વિદ્વાનો શ્રી વીરચંદ ગાંધીના જીવનના વિવિધ પાસાંઓ અંગે પોતાના અભ્યાસપૂર્ણ લેખો રજૂ કરવાના હતા. પરંતુ તે દિવસે અમદાવાદમાં પાટીદારોની મહાક્રાંતિરેલીનું ખૂબ મોટા પાયે આયોજન થયું હોવાથી તે માહોલને લક્ષમાં રાખીને આ પરિસંવાદ વિશ્વકોશ ટ્રસ્ટનું સ્થળ ફેરવીને ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી કેન્દ્ર ખાતેના હૉલમાં ટૂંકાવીને ગોઠવાયો. તેમજ મુંબઈના કેટલાક વિદ્વાન વક્તાઓ પણ આવી શક્યા નહીં.

પરિસંવાદના સંચાલનનો દોર ડૉ. નલિનીબેન દેસાઈએ સંભાળ્યા બાદ શ્રી ફાલ્ગુનીબેન શાહના નવકારમંત્રના ગાન સાથે કાર્યક્રમનો શુભારંભ થયો. શ્રી ચંપકભાઈ શેઠના આવકાર પ્રવચન બાદ જૈન ધર્મના ઊંડા અભ્યાસી શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ ત્રણેય નિમંત્રક સંસ્થાઓનો ટૂંકો પરિચય આપી આ પરિસંવાદનું મહત્ત્વ સમજાવ્યું. ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી અનામિકભાઈ શાહે પોતાની ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે આપત્તિ સમયે આ પરિસંવાદ ગુજરાત વિદ્યાપીઠમાં યોજાયો તેનો વિદ્યાપીઠ અને તેના વિદ્યાર્થીઓને અમૂલ્ય લાભ મળ્યો છે. શ્રી વીરચંદ ગાંધીએ જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મ કરતાં કઈ રીતે જુદો પડે છે તે બાબત આંતરરાષ્ટ્રીય મંચ ઉપરથી સમજાવી હતી. તેઓએ પોતાના અમેરિકા અને યુરોપના રોકાણ દરમિયાન ૧૫૦ જેટલાં વિષયો ઉપર ૬૫૦ જેટલાં વ્યાખ્યાનો આપ્યાં, તે ઐતિહાસિક હકીકત કહેવાય.

આ પ્રસંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત શાહ તથા મંત્રીશ્રી ડૉ. ધનવંત શાહે ખાસ મોકલેલા સ્વાગતસંદેશામાં જણાવ્યું હતું કે 'ભારતની અધ્યાત્મ વિદ્યાના જ્યોતિર્ધર સુશ્રાવકશ્રી વીરચંદ રાઘવજી ગાંધીનો ૧૫૧મો જન્મદિવસ વિદ્વદ્જનો અને શ્રુતપૂજકોની ઉપસ્થિતિમાં ઉજવાઈ રહ્યો છે એ વિધિ નિર્મિત ઘટના છે. કારણ કે આ પ્રસંગનું અનુસંધાન શ્રી વીરચંદ રાઘવજીના ગુરુ સંત આચાર્ય શ્રી આત્મારામજી મહારાજ અને અમેરિકાની સર્વધર્મ પરિષદમાં એમની સાથે સહભાગી થનાર સ્વામી વિવેકાનંદજી સાથે સંકળાયેલું છે. આ મંગળ પ્રસંગે અમે આપ સર્વનું હૃદયપૂર્વક સ્વાગત કરી, અહીં ઉપસ્થિત રહેવા માટે આપ સર્વની સંસ્કારિતાને અંતરથી વંદન કરીએ છીએ.'

વધુમાં આ સંદેશામાં જણાવ્યું કે, 'મહામાનવ વીરચંદ ગાંધી એક યુગપુરુષ હતા. આપણે જેટલાં વિવેકાનંદના શબ્દને યાદ કરીએ છીએ, એ માત્રામાં આપણે વીરચંદ ગાંધીના શબ્દ અને કર્મને યાદ નથી કર્યા. આ પરિસંવાદ આપણને ઋણમુક્ત કરશે.

મહામાનવ વીપરચંદ ગાંધીના શબ્દને, જીવનને અને જીવનસંઘર્ષને અત્રે પધારેલ વિદ્વદ્જનો શબ્દથી વાચા આપશે. આ સ્મરણાંજલિ આપણને ભૂતકાળની ભવ્યતાનું દર્શન તો કરાવશે જ, પણ સાથે સાથે આ દર્શન ભવિષ્યની પેઢી માટે પથદર્શક પણ બની રહેશે.'

આ પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરતાં, દેશ-વિદેશમાં જૈન ધર્મ અને ભારતીય સંસ્કૃતિ અંગે વ્યાખ્યાનો દ્વારા જાગૃતિ ફેલાવનાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે છેલ્લી ઘડીએ આ પરિસંવાદ ગુજરાત વિશ્વકોશના બદલે ગુજરાત વિદ્યાપીઠમાં યોજાયો તેનો મોટો ફાયદો એ થયો છે કે મહાત્મા ગાંધીજી, શ્રીમદ્ રાજચંદ્ર અને શ્રી વીરચંદ ગાંધી – આ ત્રણેય સમકાલીન પ્રતિભાઓને સંભારવાનો આ નિમિત્તે અવસર પ્રાપ્ત થયો છે. વીરચંદ ગાંધી અને ગાંધીજીએ મુંબઈમાં એક રૂમમાં સાથે રહીને આહારવિષયક પ્રયોગો કર્યા હતા. શ્રી વીરચંદ ગાંધીએ અમેરિકાના એમના પ્રવચનોમાં શ્રીમદ્ રાજચંદ્રની અવધાનશક્તિની વાત કરી હતી. જૈન સમાજ શ્રી વીરચંદ ગાંધી જેવી તેજસ્વી પ્રતિભાને ભૂલી ગયો છે તેને યાદ કરવાનો આ અવસર છે. સ્વામી વિવેકાનંદની પછી સ્વામી અભેદાનંદજી આવ્યા અને પછી અનુયાયીઓ દ્વારા અને શ્રી રામકૃષ્ણ મિશન દ્વારા સ્વામી વિવેકાનંદના વિચારોની મશાલ આગળ વધી, જ્યારે વીરચંદ ગાંધી ધૂપસળી બનીને વિસરાઈ ગયા. આવા પરિસંવાદ નિમિત્તે તેમના કાર્યની આભ જેવી વિશાળતાને ઓળખવાની આપણને તક પ્રાપ્ત થઈ છે.

આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવ શ્રી રાજેન્દ્ર ખીમાણીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં જણાવ્યું કે શ્રી વીરચંદભાઈએ અમેરિકામાં એકાગ્રતા ઉપર ૧૨ વ્યાખ્યાનો આપ્યા હતા. વિદ્યાપીઠમાં જે કાંતણની પ્રવૃત્તિ ચાલે

**આ પરિસંવાદ આપણને ઋણમુક્ત કરશે.**

છે તે કાંતણ એકાગ્ર થવાનું ઉત્તમ માધ્યમ છે. મંદબુદ્ધિનાં બાળકો પણ કાંતણ કરે છે અને આવું ખાદીનું વસ્ત્ર આપણને સ્પર્શે છે, ત્યારે સ્પંદનોનો અનુભવ થાય છે.

પરિસંવાદના પ્રથમ વક્તા શ્રી પ્રીતિબહેન એ. શાહે વીરચંદ ગાંધીનો સામાજિક બહિષ્કાર વિષય ઉપર પોતાનો અભ્યાસલેખ રજૂ કર્યો. શ્રી વીરચંદ ગાંધી ઈ. સ. ૧૮૯૩ના સપ્ટેમ્બરમાં શિકાગો ગયા તે પહેલાં ઈ. સ. ૧૮૯૩ના જુલાઈની સાતમી તારીખે મુંબઈની પત્રિકામાં તેમના વિદેશગમનનો વિરોધ રજૂ થયો હતો. મુંબઈથી અમેરિકા ગયા ત્યારે સ્ટીમરમાં પણ રસોઈ માટે મહુવાનો પ્રખ્યાત જાદુગર નથુ મંછા તેમની સાથે હતો. અમેરિકામાં મિ. વિલિયમ પાઈપે તેમના માટે ફળાહારની વ્યવસ્થા કરી, તો મારો ખર્ચ યજમાન શા માટે ઉપાડે એમ કહીને પોતાનો ખર્ચ પોતે જ ઉપાડ્યો. વિવેકાનંદને પણ આશ્ચર્ય થતું હતું કે આટલી ઠંડીમાં વીરચંદ ગાંધી કઈ રીતે માત્ર ફળાહર ઉપર રહી શકે છે?

જૈન ધર્મના સિદ્ધાંતોનું પૂરેપૂરું પાલન કરીને, ત્યાં ઝળહળતી સફળતા મેળવીને તેઓ અહીં ભારતમાં પાછા આવ્યા, ત્યારે તેમનો તિરસ્કાર થયો અને જ્ઞાતિ-બહિષ્કાર કરવામાં આવ્યો. તેઓ પાછા આવ્યા પછી અમુક સંસ્થાઓએ ખૂબ વિરોધ કર્યો. એક વિચિત્ર પરિસ્થિતિ એવી પેદા થઈ કે જ્ઞાતિબહિષ્કારને કારણે તેઓના સામાજિક સંબંધો કપાઈ ગયા. આવા વિરોધથી તેમને પરદેશ જવા માટે તૈયાર કરનાર પૂ. આત્મરામજી પણ વ્યથિત થયા. આ સમયે વીરચંદ ગાંધીને પ્રાયશ્ચિત આપવાની વાત આવી, ત્યારે ગુરુ મહારાજે જણાવ્યું કે કોઈ વ્યક્તિનો દોષ જ ન હોય અને તેને પ્રાયશ્ચિત આપવામાં આવે તો પ્રાયશ્ચિત આપનારને જ દોષ લાગે. છતાં પૂ. આત્મારામજીએ તેમને પ્રાયશ્ચિતરૂપે પાલીતાણાની યાત્રા કરવાનું અને પૂ. મોહનવિજયજી મહારાજે પૂજા ભણાવવાનું જણાવ્યું. આ તે કેવી રૂઢિચુસ્તતા કે જે તેજસ્વીના તેજને પણ ઝાંખું પાડે! તેમણે કરેલ શાસનરક્ષાના કામને પણ જૈન સમાજ જાણે ભૂલી ગયો!

ગુણવંતભાઈ બરવાળિયાએ તેમનું તીર્થરક્ષાનું કાર્ય અને તત્ત્વજ્ઞાન વિશે પોતાની રજૂઆતના પ્રારંભે જણાવ્યું કે શ્રી વીરચંદ ગાંધીના કામની સમાજે ઉપેક્ષા કરી તેમના જીવનના વણસ્પર્શ્યા પાસાંને જાણવાનો આ પ્રયાસ છે. રૂઢિચુસ્ત જૈન સમાજમાં પહેલાં દૃઢતા હોય છે અને તે દૃઢતા જ્યારે જડતામાં ફેરવાય, ત્યારે સમાજનો વિકાસ રૂંધાય છે, ત્યારે વિકાસના માર્ગ ખોલવા માટે મહાપુરુષની આવશ્યકતા હોય છે. વિશ્વધર્મ પરિષદમાં પોતાના વક્તવ્યનો પ્રારંભ શ્રી વીરચંદભાઈ પોતાના ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજને વંદન કરવાથી કરે છે. આ ગુરુવંદનાથી તેઓએ સૌના દિલ જીતી લીધા. જૈન તત્ત્વજ્ઞાનને તો તેઓએ ત્યાં સરળતાથી સુપાચ્ય બનાવીને અનેક વ્યાખ્યાનોમાં રજૂ કર્યું. સાથે સાથે ષડ્દર્શનનો અભ્યાસ હોવાથી ભારતીય તત્ત્વજ્ઞાનના વિષયોની પણ છણાવટ કરી. ભારત માત્ર મદારીઓ અને સાપનો દેશ નથી, પણ વિકસિત સંસ્કૃતિવાળો દેશ છે તેની પ્રતીતિ તેઓ પોતાના વક્તવ્યો દ્વારા કરાવી. આહારવિજ્ઞાનની અને યોગવિજ્ઞાનની ગૂઢ વાતો પણ તેઓએ ત્યાં રજૂ કરી.

તેઓની દૃઢ માન્યતા હતી કે તીર્થોનું રક્ષણ થવું જોઈએ અને તેની પવિત્રતા જળવાવી જોઈએ. તેમના તીર્થરક્ષાના અનેક કામોમાંથી બે જ કામ અત્રે યાદ કરીએ. પાલીતાણામાં યાત્રાળુઓ ઉપર જે મુંડકાવેરો નાખવામાં આવ્યો હતો, તે દૂર કરવા માટે પોતાના જાનના જોખમે પ્રયત્ન કરીને સફળતા મેળવી. આ જ રીતે સમ્મેતશિખર તીર્થમાં ડુક્કરની ચરબી કાઢવાનો પ્રયત્ન શરૂ કરવાની વાત આવી, ત્યારે તે કેસ હાથમાં લઈને બંગાળમાં છ મહિના રહી ભાષા શીખીને કેસ કર્યો અને ચુકાદો બદલાયો. ન્યાયાધીશે ચુકાદામાં નોંધ્યું કે જૈનોની દૃષ્ટિએ વિચારીએ તો સમ્મેતશિખરના પર્વતોની કણેકણ પવિત્ર છે.

'અમેરિકામાં વીરચંદ ગાંધીનો પ્રભાવ' એ વિષય ઉપર ડૉ. નલિની દેસાઈએ જણાવ્યું કે વિશ્વધર્મ પરિષદમાં જૈનધર્મનું પ્રતિનિધિત્વ કરવા માટે જે વ્યાખ્યાનો રજૂ કર્યા, તેમાં ભારોભાર સચ્ચાઈ હતી. તેઓએ જૈન ધર્મના નવ તત્ત્વો, છ પ્રકારના જીવો વગેરે વિષયોની છણાવટ કરી તેનાથી જૈનધર્મ વિષે ત્યાં જિજ્ઞાસા પેદા થઈ. સત્તર દિવસની પરિષદ પછી ૨૯ વર્ષના આ યુવાને જુદા જુદા વિષયો ઉપર ઠેર ઠેર જે વ્યાખ્યાનો આપ્યાં તેમાં માનવમહેરામણ ઉમટતો. તેની અસરથી ઘણાએ માંસાહાર છોડ્યો. સ્ત્રીઓને સમાન દરજ્જો મળે તે માટે પ્રયાસ કરીને નારીજાગૃતિનું કામ કર્યું અને સ્ત્રીઓની કેળવણી માટે ત્યાં સંસ્થા સ્થાપી. ગાયનવિદ્યા, આભામંડળ જેવા અનેક વિષયો ઉપર વ્યાખ્યાનો આપી સમગ્ર ભારતનું ગૌરવ વધાર્યું. ભારતીય સંસ્કૃતિ ઉપર થતી ટીકાઓના જવાબ આપ્યા. પોતાના સિદ્ધાંતમાં દૃઢ રહીને જૈન, બૌદ્ધ, સાંખ્ય, યોગ વગેરે વિષે જે વ્યાખ્યાનો આપ્યાં, તેનાથી ભારતીય સંસ્કૃતિ અને વિચારધારા વિષેની એક નવી હવા ફેલાઈ.

'રડવા કૂટવાની હાનિકારક ચાલ વિશે નિબંધ' એ વિશે ડૉ. છાયાબહેન શાહે ખૂબ અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. તેમણે જણાવ્યું કે શ્રી વીરચંદભાઈ તો ભારતમાતાના શ્રવણપુત્ર હતા. જેમ શ્રવણ પોતાના માતાપિતા માટે ગમે તે કરવા તૈયાર હતા, તેમ તેઓ ભારતમાતા માટે બધું જ કરી છૂટતા. ભારત દેશ ગરીબ છે એમ કીધું તો તેઓએ ભારતની સંસ્કૃતિનું ઊંડાણ, સંસ્કાર બતાવીને ત્યાંની સભાને સ્તબ્ધ કરી દીધી. ભારતની ગરિમા ઝાંખી પડે ત્યાં પોતે ઊભા થઈ જતા. તે જ રીતે

**જૈનોની દૃષ્ટિએ વિચારીએ તો સમ્મેત-શિખરના પર્વતોની કણેકણ પવિત્ર છે.**

ભારતમાં પણ અવિવેકી પ્રથા જોઈને પણ તેઓ વ્યથિત થઈ જતા.

આવી તે સમયના સમાજની એક પ્રથા તે રડવા કૂટવાની પ્રથા. કુટુંબમાં કોઈનું મૃત્યુ થાય ત્યારે રુદન થાય તે સ્વાભાવિક છે. પરંતુ ત્યારે કૂટનની પ્રથા હતી. છાતી-માથું-પેટ કૂટવાની આ અસંયમી પ્રથાથી ભારતનું ગૌરવ હણાય છે એમ લાગવાથી યુવાન વયે તેમણે આ માટે નિબંધ લખ્યો. જેમાં તેમણે વિવિધ કારણો આપીને આ પ્રથા છોડી દેવી જોઈએ તેમ જણાવ્યું.

(૧) કર્મસિદ્ધાંત પ્રમાણે જોઈએ તો આ પ્રથા આત્માને હણનારી છે. નોકષાય એ શોકના કષાયને ઉત્તેજન આપે છે, જેનાથી મોહનીય કર્મનો જોરદાર અનુબંધ પડે છે. વળી કૂટન કરવાથી આક્રંદ થાય, કષાયોને ઉત્તેજન મળે, આર્તધ્યાન થાય, દુર્ગતિનાં દ્વાર ખૂલે (૨) બીજી રીતે જોઈએ તો આ પ્રથા બિનસાંસ્કૃતિક છે. ચાર બહેનો રસ્તા ઉપર આવી કૂટન કરે. તે જાય પછી બીજી ચાર આવે. જમીન પર પછડાટ ખાય ત્યારે બીજી ઊભી કરે. આ આખી પ્રથા શરમજનક છે અને તેનાથી સારા ઘરની બહેનોની લજ્જા મૂકાઈ જાય. આ પ્રથાથી શરીરના અંગો સૂજી જાય. ક્યારેક લોહી પણ નીકળે. આ પ્રથાથી સગર્ભાનું ગર્ભહરણ પણ થાય અને શોકથી જો મન વધુ પડતું ઉદ્વિગ્ન થાય તો માનસિક રોગ પણ થાય. ઘરના સ્વજનો આ જોઈને વધુ દુઃખી થવાથી અંતે તો આ પ્રથામાં અસંસ્કારી પ્રદર્શન માત્ર છે. (૩) ત્રીજી રીતે આ માત્ર દંભી પ્રથા છે. આમાં મૃત્યુનો મલાજો પળાતો નથી. મસાણમાં લોકો ભેગા થઈને ગપાટાં મારે અને હાસ્ય કરે. મૃત પત્નીને આખરી વિદાય આપવા પતિ જાય પણ નહીં અને ક્યારેક તો તેનું બીજું લગ્ન ત્યાં જ નક્કી થઈ જાય. રડવા-કૂટવા વગર માત્ર રૂદનથી પણ શોક વ્યક્ત થઈ શકે. શ્રી વીરચંદભાઈ ઉપાય દર્શાવતા જણાવે છે કે સ્વજનને વારંવાર રડાવવાના ન હોય, તેને તો સાંત્વના આપવાની હોય, બેસણામાં આવનાર સૌને નવકારવાળી આપવી. તે એક નવકારવાળી ગણીને નીકળી જાય. શ્રી વીરચંદભાઈ અને તેમના જેવા પુરુષોએ ભારતને વખોડવાનો બદલે ભારતમાં રહેલ સડો દૂર કરવાનો પ્રયત્ન કર્યો તેની જેમ આપણે પણ આ કામ કરવાની જરૂર છે.

'શિકાગોમાં વીરચંદ ગાંધી' વિષય ઉપર પોતાનો સ્વાધ્યાય રજૂ કરતાં શ્રી પ્રીતિબહેન એન. શાહે તે સમયની આ સર્વધર્મપરિષદનું સ્વરૂપ સમજાવ્યું. આ વિશ્વધર્મ પરિષદની પરિકલ્પના કેવી રીતે થઈ? ઈ. સ. ૧૮૮૯માં અમેરિકામાં એક મોટા વિશ્વમેળાનું આયોજન કરવાનું નક્કી થયું. તે માટે શિકાગોની પસંદગી કરીને પ્રમુખ ચાર્લ્સ સી. બોનીને આ કામ સોંપવામાં આવ્યું. આ મેળો ખૂબ લાંબો સમય ચાલ્યો. તેને જોવા માટે માઈલો ચાલવું પડતું. પોણા ત્રણ કરોડ લોકોએ આ મેળો જોયો. આ વિશ્વમેળાના ભાગરૂપે તેમાં સંગીત, ધર્મ, કલા વગેરે વિભાગોમાં પ્રવૃત્તિઓ યોજાઈ. આ મેળામાં ધર્મ વિભાગની પ્રવૃત્તિરૂપે આ વિશ્વધર્મ પરિષદનું આયોજન થયું અને તેમાં જૈનધર્મની રજૂઆત માટે પૂ. આત્મારામજી મહારાજ સાહેબને આમંત્રણ આપવામાં આવ્યું. તેઓએ શ્રી વીરચંદ ગાંધી જેવા યુવાનને તૈયાર કરીને અહીં મોકલ્યા. તેઓએ જ્યારે સ્ટીમરમાં લંડનથી અમેરિકાનો પ્રયાસ કર્યો ત્યારે બૌદ્ધ ધર્મના મી. ધર્મપાલ, થિયોસોફીકલ સોસાયટીના ડૉ. એની બેસન્ટ જેવા અનેક અગ્રણીઓ તેમની સાથે હતા.

૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩ના રોજ આ પરિષદનો પ્રારંભ થયો. ત્યારે સૌ પોતપોતાના પહેરવેશમાં હાજર હતા. શ્રી વીરચંદ ગાંધી પ્રભાવશાળી કાઠિયાવાડી પહેરવેશમાં પહેલી હરોળમાં હતા. ૨૭મી સપ્ટેમ્બર સુધી ચાલેલી આ પરિષદમાં શ્રી વીરચંદભાઈના પ્રવચન ત્રણ વખત રજૂ થયા. પહેલા દિવસે સ્વાગત પ્રવચનમાં તેઓએ ગુરુને વંદન કરીને જૈન ધર્મ બૌદ્ધ ધર્મથી કઈ રીતે જુદો છે તે સમજાવ્યું. ૧૪મા દિવસે આ સભામાં હિંદુ ધર્મ ઉપર આક્ષેપો થયા. હિંદુ ધર્મની પૂજારી સ્ત્રીઓને વેશ્યાઓ કહેવામાં આવી. ૧૫મા દિવસે તા. ૨૫મી સપ્ટેમ્બરના રોજ શ્રી વીરચંદ ગાંધીનું મુખ્ય પ્રવચન હતું, જેમાં એમણે આ આક્ષેપોના શાલીનતાથી જવાબો આપ્યા. આ મંચ એક બીજાને સમજવા માટે છે, નહીં કે એકબીજા ઉપર આક્ષેપો માટે એમ જણાવ્યા પછી પોતાના મુખ્ય પ્રવચનમાં તેઓએ નવતત્ત્વ, છ પ્રકારના જીવો, દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નય વગેરે જૈન ધર્મના મહત્ત્વના સિદ્ધાંતો રજૂ કર્યા. તેઓએ આક્ષેપોના જે જવાબો આપ્યા તેની સભા ઉપર ખૂબ અસર થઈ. પછીના દિવસે તા. ૨૬ના રોજ 'શિકાગો ટાઈમ્સે' શ્રી વીરચંદ ગાંધીનો અહેવાલ અક્ષરશઃ છાપ્યો. ૨૯ વર્ષના આ યુવાનની હિંમતને તો દાદ દેવી પડે. પોતાના ત્રીજા સમાપન પ્રવચનમાં તેઓએ છૂટા પડવાથી થતાં દુઃખની પોતાની સંવેદના વ્યક્ત કરી. આ પરિષદમાં તેમની યશસ્વી કામગીરીના સન્માનરૂપે તેમને રૌપ્ય ચંદ્ર એનાયત કરવામાં આવ્યો.

ત્યારબાદ તેઓ શિકાગોમાં રહ્યા ત્યારે એક સન્નારીના નિવાસસ્થાને દર સોમવારે પૂર્વના તત્ત્વજ્ઞાનની શ્રેણીમાં વ્યાખ્યાનો આપતા. નવકાર મંત્રથી આ સન્નારીને અનુભૂતિ પણ થઈ હતી. શિકાગો વિમેન્સ કલબમાં તેમણે સંગીત ઉપર પ્રવચન આપ્યું. કર્મ, સ્વરોદયજ્ઞાન, યોગ, રત્નશાસ્ત્ર, અવધિજ્ઞાન, હિપ્નોટિઝમ વગરે અનેક વિષયો પર તેઓએ પ્રવચનો આપ્યા. અસાધારણ તેજસ્વી દિવ્યજ્યોત સમાન વીરચંદભાઈનું અવસાન ૩૭ વર્ષની યુવાન વયે થયું.

આ પ્રસંગે હાજર રહેલ શ્રી મહેશભાઈ ગાંધીએ જણાવ્યું કે વીરચંદ ગાંધી એક વિરાટ વ્યક્તિત્વ છે. શિકાગોમાં તેઓએ જૈન ધર્મને 'એ વે ઑફ લાઈફ' તરીકે રજૂ કર્યો. યોગ અને સાધનાનો વ્યક્તિ ઉપર પ્રભાવ પડે છે તે સમજાવ્યું. ૮ નવેમ્બર ૨૦૦૯ના રોજ શ્રી વીરચંદ ગાંધીની ટિકિટ બહાર પાડવામાં આવી. 'ગાંધી

બિફોર ગાંધી' નાટકના ૨૦૦ જેટલા શો થયા. પણ હજી ઘણું કરવાનું બાકી છે.

આ પરિસંવાદનું બીજરૂપ વક્તવ્ય રજૂ કરતાં શ્રી કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે વીરચંદ ગાંધીના જીવનના ઘણાં પ્રસંગો નોંધપાત્ર છે. તેમની પાસે જે યૌગિક શક્તિ હતી તેના ઉલ્લેખો બે જગ્યાએ મળે છે. તેઓ અમેરિકામાં એકવાર મોડા પડ્યા. તેઓએ સૌને પોતાની ઘડિયાળમાં સમય જોવાનું કહ્યું તો બધાની ઘડિયાળમાં સમય ફરી ગયો હતો.

શ્રી વીરચંદભાઈની બે પ્રતિમાઓ મૂકવામાં આવી છે. એક એમને જન્મસ્થાન મહુવામાં અને બીજી શિકાગોમાં. અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં 'શ્રી વીરચંદ રાઘવજી ગાંધી ચોક' જાહેર થયો. ખરેખર તો વિવેકાનંદની પ્રતિમાની સામે વીરચંદ ગાંધીની પ્રતિમા મૂકાવી જોઈએ. વીસ વર્ષની ઉંમરે આ યુવાને પિતાના મૃત્યુ વખતે એક રાતમાં નિબંધ લખ્યો. તેઓએ કોઈ પુસ્તકો નથી લખ્યાં. માત્ર તેમના ટાંચણો હતા. શ્રી ભગુભાઈ કારભારીએ પુસ્તક તૈયાર કર્યા.

શ્રી વીરચંદ ગાંધી સારા ચિત્રકાર હતા. સંગીત વિષે વિદેશમાં પ્રવચનો આપ્યાં. મિસીસ હાર્વર્ડને તેમણે જાતિસ્મરણ જ્ઞાન કરાવ્યું. શેઠ આણંદજી કલ્યાણજીનો કેસ બ્રિટનની પ્રીવી કાઉન્સિલમાં જઈને એક પૈસો લીધા વગર લડ્યા. છ મહિના કલકત્તા રહી ભાષા શીખ્યા. પાલીતાણામાં મુંડકાવેરાનો કેસ હાથમાં લીધો, ત્યારે તેમના માથા માટે તે સમયે રૂા. પાંચ હજારનું ઈનામ રાખવામાં આવેલ તેવી વાત મહુવામાં જાણવા મળી. પાલિતાણાના મુંડકાવેરાની બાબતમાં નગરશેઠની બગીમાં મિ. વૉટ્સનને મળવા ગયા ત્યારે તેમની ગેરહાજરીમાં તેમની પત્નીને વાત કરી કે ચર્ચમાં ટેક્સ નખાય તો શું થાય? બીજા દિવસે પત્નીના કહેવાથી મુંડકાવેરો દૂર કરવાનો ઠરાવ તૈયાર રાખ્યો હતો.

તેઓએ 'આર્ટ ઑફ ઇટિંગ'ની વાત કરી. એનિમલ ફૂડ ખાવ તો સ્વભાવ પણ એનિમલ જેવો થાય. મરવું પસંદ કરું પણ માંસ ન ખાઉં એમ કહેતા. કોઈપણ પ્રજાનો નાશ કરવો હોય, તો એની ભોજનશૈલીનો નાશ કરો. વીરચંદ ગાંધીએ ભારતની ભોજનશૈલીની વિશેષતા બતાવી. અમેરિકામાં હતા ત્યારે ભારતમાં દુષ્કાળ પડ્યો તો ત્યાંથી આર્થિક મદદ સાથે અનાજ વહાણમાં મોકલ્યું. તેઓ ધર્મના શિક્ષણ પર ભાર મૂકતા હતા. અમેરિકા અને ઈંગ્લેન્ડમાં ધર્મદર્શનના વર્ગો લીધા અને મુંબઈ પાછા આવીને હેમચંદ્રાચાર્ય અભ્યાસ વર્ગ ખોલ્યા.

પરિસંવાદના અંતે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટી શ્રી ગૌરવભાઈ શેઠે આભારવિધિ કરતાં જણાવ્યું કે ત્રણ સંસ્થાઓએ ભેગા થઈને આ સુંદર આયોજન કર્યું. આવા પરિસંવાદો થતા રહેવા જોઈએ. એવી લાગણી અને માંગણી સાથે સૌ છૂટા પડ્યા.

☐ **ડૉ. માલતી કે. શાહ** (ભાવનગર)
મો.:૦૯૮૨૪૮૯૪૬૬૯. ફોન:૦૨૭૮-૨૨૦૫૯૮૬

(૨)

## પ્રા. પ્રતાપકુમાર ટોલિયાના સંગીત-સાહિત્ય સર્જનોનું કર્ણાટકમાં સન્માન

'તમારી રૅકર્ડો અને કૅસેટો દ્વારા તમારો સુંદર, સુમધુર, પ્રશાંત અવાજ હું સર્વત્ર સાંભળતી આવી છું-અહીં ભારતમાં અને વિદેશોમાં અમેરિકા, યુરોપ વગેરેમાં કે જ્યાં જ્યાં મારું જવાનું થયું છે ત્યાં બધે. આનો પ્રારંભથી માંડીને આજસુધી ભારે મોટો આનંદ રહ્યો છે.'

'હવે લોકોએ, સમાજે તમારી ભાવિ યાત્રા માટે, તમારા સુખ સુવિધા માટે સુવ્યવસ્થિત પ્રબંધ કરવો જોઈએ. તમારા વણથાક્યા-વણથંભ્યા આજીવન મિશનને માટે તમને ઉપર્યુક્ત પ્રકારે પુરસ્કૃત કરવા ઘટે છે.'

**'જૈન સમાજે, ખાસ કરીને શ્રીમદ્ રાજચંદ્રજીના અનુયાયીઓએ, તમારા અસામાન્ય અને અવિશ્રામ સર્જનો માટે કંઈક કરવું જ જોઈએ.'**

**-વિમલાતાઈ**

'જૈનદર્શન કેન્દ્રમાં હોવા છતાં અન્ય દર્શનો પ્રત્યે પણ આદરભાવ હોવાને કારણે પ્રો. ટોલિયાએ ગીતા રામાયણ અને ખાસ તો ઈશોપનિષદ ઈ. પ્રસ્તુત કર્યાં છે. ૧૯૭૯માં એ વખતના વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈએ એનું વિમોચન કરેલું... વર્ધમાન ભારતી ગુજરાતથી દૂર રહ્યા પણ સંસ્કાર પ્રસારનું જ કાર્ય કરે છે એ સમાજોપયોગી અને લોકોપકારક હોઈ અભિનંદનીય છે.'

**-જનસત્તા-ડૉ. રમણલાલ જોષી**

**ટોલિયા દંપતીના સન્માનનો આ સમસ્ત કાર્યક્રમ તા. ૨૩-૮-૨૦૧૫ના દિવસે આયોજિત કરવામાં આવ્યો હતો.** 'મુકુટસપ્તમી'ના નામે ઉજવાતો આ દિવસ બેંગ્લોરમાં ભગવાન પાર્શ્વનાથના મોક્ષકલ્યાણકનો શુભ દિવસ મનાય છે.

**આ પછી તા. ૩૧ ઑગસ્ટના દિવસે શ્રી ગુજરાતી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ગાંધીનગર, બેંગ્લોર દ્વારા પણ શ્રી પ્રતાપકુમાર ટોલિયાનું સન્માન કરવામાં આવ્યું.** આ પ્રસંગે ટોલિયાજીએ 'જૈન સિદ્ધાંતો-ગીત કવિત'માં વિષય પર વ્યાખ્યાન આપ્યું, જે સહુને સ્પર્શી ગયું હતું. સંઘે શ્રોતાઓમાં વર્ધમાન ભારતીની સીડીની પ્રભાવના કરી. આ સંગીત કૃતિઓ અને પુસ્તકોની ગુજરાત, મુંબઈ, ઉત્તર ભારત સર્વત્ર પ્રભાવના થાય અને પ્રભાવના થાય અને પરમ ગુરુઓની વિતરાગવાણી વિશ્વભરમાં અનુગુંજિત કરવાની ભાવના પૂર્ણ થાય એ જ પ્રાર્થના.

☐ **સુમિત્રા પ્ર. ટોલિયા**, બેંગ્લોર
મો. : ૦૯૮૪૫૦૦૬૫૪૨

***

# ભાવ-પ્રતિભાવ

(૧)

આપનો જૂન-૨૦૧૫નો અંક-૩, હજુ ગયા અઠવાડિયે અમારા શ્રી સેટેલોઈટ સંઘમાં આવ્યો, વાંચવા મળ્યો. આપના દરેક માસિક અંકની અમારા શ્રી સંઘની પેઢીની ઑફિસે પૃચ્છા કરતો જ રહું છું. આપ આ માસિક દ્વારા જે જ્ઞાન, સમજ-જૈન સમાજને પીરસી રહ્યા છો તે ખૂબ જ ઉત્તમ પ્રકારનું અને ખૂબ ખૂબ અનુમોદનીય કાર્ય કરી રહ્યા છો.

જૂન-૨૦૧૫નો અંક વાચતા જે જ્ઞાન-સમજ મળી તે ખૂબ જ સુંદર છે. (૧) ઉત્તરાધ્યયન ઉપરનો લેખ જૈન સમાજ માટે ખૂબ જ પ્રેરણાદાયી છે. (૨) ધર્મ ગ્રંથોનું પુનઃ સંકલન (લેખાંક-બીજો) જેમાં સ્વામી વિવેકાનંદજી વિષે માહિતી આપી છે તેને આજના આ કાળના યુવાનો વાંચે, વિચારે, સમજે અને બીજાને પણ સ્વામી વિવેકાનંદજી વિષે માહિતગાર કરે તો તે સરાહનીય ગણાશે. તેમજ આ લેખની ઝેરોક્ષ કોપીઓ કરાવી આપણા દેશની સંસદ (પાર્લામેન્ટ)ના દરેક સાંસદો, મંત્રીઓ, પ્રધાનો, રાષ્ટ્ર પ્રમુખને જો આપવામા આવે તો તેઓના મનમાં સ્વામી વિવેકાનંદના વિચારોનો આવિષ્કાર કરી શકાય. (આ મારું અંગત મંતવ્ય છે.)

(૩) શ્રી વિજયશીલચન્દ્રસૂરિ લિખિત 'જૈન ધર્મ વિશેના અનધિકૃત વિધાનો પ્રત્યે અંગુલિનિર્દેશ' અન્ય ધર્મના લેખકો દ્વારા જે પણ કોઈ લખાણ લખાયું હોય તેના માટે આંખ ઉઘાડનારો સુંદર લેખ છે. તેઓ જૈન ધર્મ પ્રત્યેની ભારોભાર અજ્ઞાનતા દર્શાવી રહ્યા છે, તેમ જણાય છે. જૈન ધર્મ વિષે પૂર્વે થઈ ગયેલા પરદેશી આધ્યાત્મિકો, વૈજ્ઞાનિકો, અરે, ખુદ ભારતના જ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એસ. રાધાકૃષ્ણાન, પંડિત જવાહરલાલજી વગેરેએ તેમના લખેલ પુસ્તકોમાં કરેલા ઉલ્લેખો વાંચી જવા જોઈએ જેથી તેઓને ખ્યાલ આવે કે પોતે જૈન ધર્મ વિષે જે માન્યતા અથવા વિચારો ધરાવે છે તે યોગ્ય છે કે અયોગ્ય.

(૪) ગુરુ ભગવંતોનો ભોગ લેતા ગોઝરા અકસ્માતો પરનો શ્રી હિંમતલાલ ગાંધીનો લેખ વાંચ્યો. તેમાં ભારત સરકાર અને અન્ય રાજ્યોએ જે 'અનોપ મંડળ' નામના ગ્રુપ ઉપર પ્રતિબંધ મુકેલ છે તે જ રીતે ગુજરાત સરકારે પણ પ્રતિબંધ મુકવો જોઇએ. હું જાણું છું ત્યાં સુધી ગુજરાત સરકારે 'જૈન ધર્મના લોકોને' હજુ સુધી લઘુમતિમાં મુકવા માટેનું જાહેરનામું બહાર પાડ્યું નથી. (કદાચ હમણાં થોડા સમય પહેલાં જો જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હોય તો તે વાંચવામાં આવ્યું નથી.) કારણ કે તેઓને જૈનોને લઘુમતિમાં મુકવા માટે શરમ-સંકોચ નડતો હશે તેમ લાગે છે.

બીજું ગુરુ ભગવંતો વહેલી પરોઢે જે વિહાર કરે છે તેમાં આંશિક સુધારો કરી ભરભાંખળું થાય એટલે કે દિવસનો ઉજાસ શરૂ થાય ત્યારે કરવો જોઈએ. અથવા જો વહેલી પરોઢે વિહાર અનિવાર્યપણે કરવાનો હોય તો જે દિશામાંથી વાહનો આવતા હોય તે દિશામાં (સામી બાજુ) વિહાર કરવો જોઈએ. સાથે લાલ રેડીયમના પટ્ટા આગળ પાછળ દેખાય તે રીતે બંને ખભા ઉપર પહેરવા જોઈએ જેથી વાહન ચાલકોને વાહનની લાઈટમાં ખબર પડે કે કોઈક સામેથી આવી રહ્યું છે અથવા જઈ રહ્યું છે, તો કદાચ અકસ્માતો નિવારવા શક્ય બને.જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ વધુ પડતું લખાઈ ગયું હોય તો મિચ્છામી દુક્કડમ્.

**☐ દીપકભાઈ એમ. શાહ**
બી-૧/૧૨, પ્રસિદ્ધ એપાર્ટમેન્ટ, શ્યામલ રૉ-હાઉસ,
વિ. ૫. પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

(૨)

'પ્રબુદ્ધ જીવન' (૭-'૧૫) અંકમાં, 'શ્રી જૈન મહાવીર ગીતા' વિષેનો તમારો તંત્રી લેખ વિચાર્યો, તેમાં, આપણાં જૈન ધર્મીઓની ઘટતી જતી સંખ્યા, ચિંતાનો વિષય જણાઈ. ૨૫૦૦ વર્ષ પૂર્વે ૪૦ કરોડમાંથી એક કરોડ કેમ થઈ ગયા? ખરેખર તો તે સંખ્યા વધતી રહેવી જોઈએ! આજનો યુવા-વર્ગ, જૈન ધર્મ-કર્મમાંથી કેમ વિમુખ થઈ ગયો? તેનું ચિંતન કરવાને બદલે આપણે સૌ ભૂતકાળની ભવ્યતાને વાગોળ્યા કરીએ, તો કેવું પરિણામ આવે તે શ્રીમદ્ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજીના 'જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ' ગ્રંથ પૂરી પાડે છે.

આજે પણ 'જૈન-ધર્મ-કર્મ'નો ફેલાવો કરવા શું કરવું? એ વિષે વિચારવું જોઈએ. જો તેમાં કાળક્રમે દોષ પેસી ગયા હોય તો તેને દૂર કરીને ગુણ ઉમેરતાં જવું જોઈએ. 'દોષ મટાડે તે ધર્મ' બરાબર. ધારણ કરવુંનો અર્થ જ 'ટકી રહેવું', એવો થાય.

મૂળે વૃત્તિમાંથી-મનના વલણમાંથી પ્રવૃત્તિ-નિવૃત્તિ આદિ શબ્દો ઊતરી આવ્યા. જૈન ધર્મમાં પ્રવૃત્ત થયેલી સંકુચિતતાને દૂર કરવી રહી. ભવિષ્યની પેઢી તેનાથી વિમુખ ના થતી જાય એવી પ્રવૃત્તિ આદરવી રહી. સમયને માન આપવું રહ્યું અને તેની જરૂરિયાતોને પૂરી કરવી રહી. પ્રાચીનતા, અર્વાચીનતાનું ખાતર અવશ્ય બની રહે, ખોરાક નહીં તેની નોંધ લેશોજી.

**☐ હરજીવનદાસ થાનકી**
સીતારામનગર, પોરબંદર.

(૩)

ઉપનિષદમાં 'ગૃહસ્થના કર્મનો વિચાર' ડૉ. નરેશભાઈ વેદનો લેખ સુંદર, સરળ અને હૃદયસ્પર્શી રહ્યો. તેમાં યુવાન જૈન ભાઈ-

બહેનોને આકર્ષવાની અગાધ શક્તિ અને ભક્તિ દૃષ્ટિગોચર થઈ.

❑ **હરજીવનદાસ થાનકી**

(૪)

મીરા ભટ્ટના, 'આધ્યાત્મના ક-ખ-ગ', વિચાર્યા, પ્રસન્નતા થઈ. બાળ-સહજતા, બાળકનું હોવું જ પર્યાપ્ત. સ્વામી સહજાનંદ થઈ ગયા. તેઓ સહજ આનંદના ઉપાસક હતા. આનંદ આપ મેળે મળતો રહેવો જોઇએ, તેને મેળવવાનો પ્રયત્ન વ્યર્થ. જીવનમાં, આપણે જે કંઈ કરીએ, તેમાંથી સહજ રીતે આનંદ પ્રાપ્ત કરી લેવાનો રહે. મનગમતી પ્રવૃત્તિ કરનારને કામનો થાક લાગતો નથી, જો તે ના થાય તો તેને કંટાળો આવે છે! આમ જીવનલક્ષી કોઈપણ કલામાં, મન-હૃદય અને આત્માને ઓતપ્રોત કરવાથી સ્વામીત્વ પ્રાપ્ત થઈ શકે.

મીરાબેનની વાત, આત્મા, દેહથી ભિન્ન છે. દેહમાં આત્મા, ચોક્કસ સમય પૂરતો જ રહેવા આવ્યો છે, તે દેહનું બંધન તેને ગમતું ના હોવાથી તે મુક્તિ ઝંખતો રહે છે. એ તેને ક્યારે અને કેવી રીતે મળે એ વિષે ખૂબ ખૂબ વિચારાયું છે. આત્માને વિસ્તારીને, તેને ઊંચે ચડાવીને, ડહાપણ દ્વારા તેની અનુભૂતિ કરવી રહી. આત્માનું માન-સન્માન જાળવીને તેની ઓળખાણ કરવી રહી. તેને ગમે તે કરવું રહ્યું. ના ગમે તે ત્યજવું રહ્યું. આમ, આત્માનો અવાજ સાંભળતાં શીખીએ તો ઘણાં ખોટાં કર્મોથી સહેજે બચી શકીએ. તેની ચેતવણીનો, તેના ઝબકારનો સમયસર પ્રતિભાવ આપવો રહ્યો.

❑ **હરજીવનદાસ થાનકી**

(૫)

'પ્રબુદ્ધ જીવન' દ્વારા જીવન સમૃદ્ધ બને તેવા વિચારોનું દાન મળે છે. જીવન ઘડતર થતું જાય. અંકમાં વિવિધતા આકર્ષે છે. બકરી ઈદ વિષેની નોંધ જોઈ. ડૉ. મહેબૂબ દેસાઈ આ અંગે વધુ પ્રકાશ પાથરે તે જરૂરી છે. અંકમાં શ્રી મનસુખભાઈ સુવાગિયાની મુલાકાત નોંધ ગોપાલનની તાકીદની જરૂરિયાત ઉપરના મંતવ્યો જોયા. આપે તે નોંધ છાપીને ઉપકારક કામ કર્યું. ડૉ. નિરંજન રાજ્યગુરુ પ્રાચીન ભજનો, સંતોની વાણી અને મર્મ વિશેના તજજ્ઞ છે. માણવા જેવા મહાનુભાવ છે. આપે તે તક જવા ન દીધી. તેમના લેખો 'પ્રબુદ્ધ જીવન'માં આવકાર્ય છે. છેલ્લે પાને પંથે પંથે પાથેય એક સચોટ દૃષ્ટાંત દ્વારા ઉત્તમ વિચારો આપે છે. શ્રી ઇંદિરાબેન સોની કુષ્ટયજ્ઞમાં ઉમદા સેવા આપી રહેલ છે ત્યારે તેમના વિશાળ અનુભવોની ઝલક તો ગમે જ ને! જિનશાસનમાં અનેકાંતવાદનો સ્વીકાર છે એ તેની વિશિષ્ટતા છે. બીજે તેવું જાણવા મળ્યું નથી. તેમાં અન્ય ધર્મના વિશે સદ્‌ભાવપૂર્વક લખાતું હોય છે. આભાર.

❑ **શંભુ યોગી**

૧૯, રશિયન સોસાયટી, પાટણ

(૬)

'પ્રબુદ્ધ જીવન'ની રાહ જોવાય છે. તેને વાંચી વિચારતા થવાની તક તેમાંથી મેળવું છું. આગામી અંક પર્યુષણ મહાપર્વ વિશે છે. તેમાંથી જીવનનો ઉઘાડ મેળવીશ જ. હું ભલે જૈન નથી પણ જિન શાસન, જિન વિચારસરણી તથા જૈન ધર્મમાં અનેકાન્તવાદની અનિવાર્યતા સ્વીકારાઈ છે ને દરેક પ્રત્યેનો સમભાવ, અન્યને સમજવાની તાલાવેલી અને ઔદાર્ય છે. સામાન્ય રીતે સંપ્રદાય મગજને તાળું મારતા હોય છે. આમ જ છે, તે સિવાય બીજું કાંઈ જ નથી. આજ સાચું છે જણાવી તાળાં બંધ કરતા હોય છે. જૈન કોઈ જ્ઞાતિ નથી, પણ વિચાર છે, જીવન છે. ભગવાન મહાવીરની અહિંસા એ દરેક જીવને જીવવાના મનોરથ છે તે મુદ્દા ઉપર કોઈ જીવને હાનિ ન પહોંચાડવી એ તાત્પર્ય છે. મને 'પ્રબુદ્ધ જીવન' આકર્ષે છે.

❑ **શંભુ યોગી**

(૭)

જૂલાઈ-૧૫ના અંકમાં ઈંદિરા સોનીએ આલેખેલ રક્તપિત્તગ્રસ્ત માનવીની કથા સવિશેષ ગમી.

આજે માનવ જીવનની સમાજ વ્યવસ્થા એવી થઈ ગઈ છે કે પરિવારમાં આદરભર્યું સ્થાન મેળવનાર વ્યક્તિ પણ કોઈ રહસ્યમય રોગમાં સપડાઈ જાય, આ બિમારી લાંબી ચાલે, વ્યક્તિ ઈચ્છે તો પણ તેનો છૂટકારો ન થાય ત્યારે તેની સેવા ચાકરી કરતા પરિવારજનો પણ આ કામમાં જલ્દી છૂટકારો માગે, ગુસ્સા સાથે ન ગમતો વ્યવહાર કરવા લાગે ત્યારે વિચાર આવે કે આ પરિવારની સ્નેહભાવના ક્યાં ગઈ? વાણી, વર્તનમાં એકાએક પરિવર્તન કેમ આવ્યું?

❑ **ગોવિંદ ખોખાણી**

પ્રજ્ઞા જ્યોતિ, નવો વાસ, મુ. પો. માધાપર,
તા. ભુજ, જિ. કચ્છ-૩૭૦ ૦૨૦.
મોબાઈલ : ૦૯૪૨૬૯૬૭૮૧૮

(૮)

ગુરુ ભગવંતોનો ભોગ લેતા ગોઝારા અકસ્માતો વિષે આપને થોડુંક મારા પંદર વર્ષના અનુભવોમાંથી જણાવું છું. મારા અનુભવો વિચારો કદાચ આપને માનવામાં નહીં આવે છતાં લખું છું. યુધિષ્ઠિરને દુનિયામાં કોઈ ખરાબ માણસ દેખાતો નહોતો જ્યારે દુર્યોધનને દુનિયામાં કોઈ સારો માણસ દેખાતો નહોતો. આપતો સાક્ષાત્ ભગવાન છો આપને કોઈ ખરાબ માણસ દેખાશે નહીં. જૈન સાધુ-સાધ્વીનો જ ભોગ કેમ લેવાય છે?

દુનિયામાં ઘણાં બધાં ધર્મો છે. ઘણાં બધાં સાધુસંતો છે. એમાં એક જ ધર્મ મહાન છે જે જૈનધર્મ અને જૈન ધર્મના સાધુ-સાધ્વીઓ મહાન છે. તેમના સંત્સંગમાં પહેલો શબ્દ અહિંસાનો હોય છે. દરેક જીવ પ્રત્યે દયાભાવ રાખવો દરેક જીવને જીવવાનો અધિકાર જૈન ધર્મે અપાવ્યો છે. કીડીથી હાથીના જીવ સુધીની દુનિયામાં હિંસા બંધ કરાવવા માટે પોતે જીવન અર્પણ કરતા હોય છે. કતલખાના બંધ કરાવવા માટે ઉપવાસ, ભૂખ હડતાલ આંદોલન કરતા હોય

છે; એટલે મુસલમાન કસાઈઓને જૈન સાધુઓ આંખમાં કણાની જેમ ખૂંચતા હોય છે. મુસ્લિમ કસાઈઓ એક ગૌમાતા પકડીને લઈ જાય. એક ગૌમાતામાંથી એસી કિલો મટન નીકળે. ગૌમાંસની કીમત એક કિલોના ચારસો રૂપિયા થાય. ૮૦x૪૦૦=૩૨૦૦૦ રૂા. થાય. એક ગૌમાતા પાછળ એમને ૩૨૦૦૦ રૂા. મળતા હોય છે. આટલા બધા પૈસા બીજા ધંધામાં મળતા નથી એટલે ગમે તે ભોગે આજ ધંધો પંસદ કરતા હોય છે. પૈસાથી આ લોકો મોટા મોટા અધિકારીઓને તથા રાજનેતાઓને ખરીદી લે છે. તેમના વચ્ચે આવતા દરેક માણસને ખરીદી લે છે. જે અધિકારીઓ તેમનું માનતા નથી એ તેમના દુશ્મન બની જાય છે. સાધુ-સાધ્વીઓ તો એમના પહેલેથી જ દુશ્મન હોય છે. એમને બીજી રીતે મારે તો કેસ થાય. જિંદગીભર જેલમાં રહેવું પડે. જ્યારે ગાડીથી રોડ ઉપર મારે તો અકસ્માતમાં ગણાય એટલે આ લોકો સાધુ-સાધ્વીઓનો રોડ ઉપર અકસ્માત કરતા હોય છે.

હું તમને ખાતરીપૂર્વક કહું છું સિત્તેર ટકા અકસ્માત જાણી જોઈને મુસલમાન કસાઈઓ કરે છે અને ત્રીસ ટકા ડ્રાઈવરની બેદરકારીને લીધે થાય છે. હમણાં અમારા વિસ્તારમાં પીએસઆઈવાળા સાહેબને ગાડી ઉપર ચડાવીને મારી નાખ્યા.

ભાદરવાની પૂનમે અંબાજી આઠથી દસ લાખ ભક્તો ચાલીને આવે છે. રણુજામાં પંદર વીસ લાખ ભક્તો ચાલીને આવે છે. એક પણ અકસ્માત થતો નથી. સાધુ-સાધ્વીઓને જાણી જોઈને અકસ્માત કરે છે.

સાધુ-સાધ્વીઓને બચાવવા શું કરવું જોઈએ.

સાધુ-સાધ્વીઓ વિહાર કરતા હોય ત્યારે નજીક નજીક એક જ લાઈનમાં ચાલવું જોઈએ. તેમની આગળ બે માણસો રેડીયમ ડ્રેસ પહેરીને ચાલે તથા પાછળ બે માણસો રેડીયમ ડ્રેસ પહેરીને ચાલે. એક ગાડી તેમની આગળ પાછળ પેટ્રોલીંગ કરતી રહે. ગાડી પેટ્રોલીંગ કરતી હોય એટલે તેમના ઉપર કોઈ હુમલો ના કરે. જે વિસ્તારમાં વિહાર કરતા હોય ત્યાં નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવાની એટલે તેમની મદદ મળે. જે વિસ્તારમાં વિહાર કરતા હોય એ વિસ્તારના સેવાભાવી ભક્તોએ સાધુભગવંતોની રક્ષા કરવી જોઈએ. દા. ત. અમારા વિસ્તારમાં શામળાજીથી હિંમતનગર પચાસ કિ.મી. સુધી અમે સાધુભગવંતોની રક્ષા કરીશું. એવી જ રીતે બધા સેવાભાવી ભક્તો પોતપોતાના વિસ્તારમાં સાધુભગવંતોની રક્ષા કરે તો અકસ્માત ઓછા થઈ જાય અને આપણા સાધુભગવંતો બચી જાય.

સંઘના કાર્યકરો સાથે હોય તો પણ અકસ્માતોથી બચાવી શકે તેવી શક્યતા ઓછી છે.

જે તે વિસ્તારના અનુભવી કાર્યકરો જોડે હોય તો અકસ્માતથી બચાવી શકીએ; કારણ કે પોતાના વિસ્તારમાં ગુંડા તત્ત્વો કોણ છે તે એમને ખબર હોય એટલે તેમનાથી સાવધાનીપૂર્વક પસાર થઈ જવાય. હજારો જૈનોએ નહીં પરંતુ લાખો માણસોએ સ્વામીનારાયણ સંપ્રદાય સ્વીકારી લીધો છે. જે માણસો જૈન ધર્મ સ્વીકારવા માગતા હતા એ પણ સ્વામીનારાયણ સંપ્રદાયમાં ગયા છે. ગામડાના માણસોમાં એવી માન્યતા છે કે વાણિયા હોય એજ જૈન ધર્મ પાળે બીજા માણસોને જૈન ધર્મમાં સ્વીકારતા નથી.

એક નાના ગામડામાં અંદાજે વીસ માણસો જૈન ધર્મ અપનાવવા તૈયાર છે. જો ગામડામાં માણસો જૈન ધર્મ અપનાવશે તો ગામડામાં જૈન પરિવારોને વસાવવાની જરૂર નહીં પડે. ગામડામાં ગુરુ ભગવંતોની ગોચરી તેમજ રાત્રી રોકાણની સગવડ થઈ શકે. દરેક ગામમાં જૈન ધર્મ પાળતા હોય એટલે સાધુભગવંતોની ગોચરી તેમજ રાત્રી રોકાણની સગવડ થઈ શકે. દરેક ગામમાં જૈન ધર્મ પાળતા હોય એટલે સાધુભગવંતોની રક્ષા કરવા સામેથી માણસો તૈયાર થશે. ગામડાના માણસો બહુ જ ભોળા અને ધાર્મિક હોય છે. આશારામ જેવા ગુરુની સેવા રક્ષા કરવા માટે ગામડાના હજારો માણસો તૈયાર છે. જ્યારે જૈન ગુરુભગવંતો સાક્ષાત્ ભગવાન છે અને ગામડાના માણસો ભગવાનની શોધમાં છે અને ભગવાનની રક્ષા કરવા માટે જરૂરથી આવશે. ગામડાના માણસોનું અને જૈન ધર્મનું મિલન કરાવવું આપના જેવા મહાન પુરુષોનું કામ છે.

મા. સાહેબ ઘણાં વર્ષો પહેલાં 'પ્રબુદ્ધ જીવન' વાંચવામાં આવ્યું. વાંચ્યા પછી સેવાની લગની લાગી. જૈન ધર્મની પ્રેરણાથી જય મા ખોડીયાર સેવા ટ્રસ્ટ નામની સંસ્થાની સ્થાપના કરી. અત્યારે જંગલમાં વસતા ગરીબ પરિવારોની તથા ગરીબ બાળકોની અને રોડ ઉપર કામ કરતા મજૂરોની મદદ કરીએ છીએ તથા અશક્ત અપંગ બિમાર ગાયો માટે ગૌશાળા ચલાવીએ છીએ તથા કતલખાને જતી ગૌમાતાઓને બચાવવા કામ કરીએ છીએ. સેવા કરવી અમારો ધર્મ છે. હું ક્ષત્રીય કૂળમાં જન્મેલ છું એટલે ગુરુભગવંતોની સેવા કરવી, રક્ષા કરવી અમારી ફરજ છે.

મા. સાહેબ અમારી સંસ્થા ઉપર લક્ષ્મીમૈયાએ કૃપા વરસાવી નથી. સંસ્થા ગરીબીની રેખા નીચે પસાર થઈ રહી છે. નહીંતર ગુરુભગવંતોની ગોચરી, રાત્રીરોકાણની સગવડ અને ગુરુભગવંતોની રક્ષા શામળાજીથી હિંમતનગર સુધી નહીં પરંતુ આખા ગુજરાતમાં અમે કરતા હોત.

અમારા વિસ્તારમાં સાધુસાધ્વીઓ વિહાર કરવા નીકળે તો અમને જણાવશો. અમે આપને વચન આપીએ છીએ, અમે ગમે તે સમયે રાત્રે બે વાગે પણ અમે એમની જોડે રક્ષા કરવા જઈશું–શામળાજીથી હિંમતનગર સુધી પચાસ કી.મી.

□ **સોલંકી પરબતસિંહ બી.**

જય મા ખોડીયાર સેવા ટ્રસ્ટ, મુ. રાયગઢ,

તા. હિંમતનગર જિ.સાબરકાંઠા.

મો. નં. : ૯૭૧૨૧૨૫૭૩૧

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

શ્રાદ્ધ વગેરે નિમિત્તે અગાઉથી બુકીંગ થવા લાગ્યું. દાનદાતાને ઈચ્છા હોય તો એમના સ્વહસ્તે નાસ્તો પીરસવાનું આમંત્રણ પણ અપાય. સવારે ૭ થી ૯ વાગ્યા સુધીમાં આ રીતે નાસ્તો પીરસાય.

'કામ કામને શીખવે' એ રીતે પોલીયોવાળા બાળકોના ઑપરેશન માટે ફંડની જરૂર ઊભી થતાં 'પલખ મુછ્છાલ'નો ગીત-સંગીતનો કાર્યક્રમ ગોઠવી ૧૮ બાળકોના સફળ ઑપરેશન કરાવ્યા.

દરરોજ બે વેનથી નાસ્તો મહિને દસ હજાર બાળકો સુધી પહોંચે છે. સાથોસાથ નોટબુક્સ, સ્કુલડ્રેસ, દવાઓ વગેરે પણ પૂરી પાડવામાં આવે છે. ૩૦૦ બાળકોને રોજ દૂધ આપવામાં આવે છે. કુલ ૨૩ આશ્રમોને આમાં આવરી લેવામાં આવ્યા છે. અનાથાલય, માનસિક, શારીરિક વિકલાંગ આશ્રમ, મૂંગા-બહેરા ઘરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

એન્ડ્રુ કોર્નેગીનું વાક્ય યાદ આવે છે-'સંપત્તિ કેટલી છે તે ઉપરથી નહિ પણ તે સંપત્તિ સમાજ કલ્યાણમાં કેટલી વાપરી છે તેની જ સમાજમાં સંપત્તિવાન તરીકેની પ્રતિષ્ઠા નક્કી થાય છે.'

'અન્નક્ષેત્રમ્'ને ૧૧ વર્ષ પૂર્ણ થયા છે અને આ મોટી સિદ્ધિ છે.

કોઈપણ પ્રાપ્તિની ખુશી નવી પ્રાપ્તિ સુધી જ અનુભવાતી હોય છે. ફરી કંઈક નવું મળે છે એમ જીવનની ઘટમાળ ચાલે છે. પણ નિકિતાબેટી અમેરિકામાં હોવા છતાં પોતાના ૯૫% માર્ક્સને ખુશ થઈને નિયમિત યાદ કરી લેતી હશે કે નાની ઘટનાના નાના બીજમાંથી આજે ઘટાટોપ વૃક્ષ મહોરી ઊઠ્યું છે!

✷ ✷ ✷

૧૨, હીરા ભુવન, કુણાલ જૈન ચોક,
વી. પી. રોડ, મુલુંડ (પ.) મુંબઈ-૪૦૦ ૦૮૦.
મો.: ૯૯૬૯૧૧૦૯૫૮.

**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ३०० |
| ૮ | जैन धर्म दर्शन | ३०० |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થસ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |

**નવું પ્રકાશન**

**પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજી સંપાદીત**
**શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વર રચિત**
**શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૩૯ | **.ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | રૂા. ૩૦૦ |
| ૪૦ | **ઈલા દીપક મહેતા સંપાદિત સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ | રૂા. ૩૫૦ |

ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.
રૂપિયા અમારી બેંકમાં-બેંક ઑફ ઈન્ડિયા-કરંટ એકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

# ડૉ. રશ્મિભાઈ ઝવેરી : એક વિનીત પુરુષનું અરિહંતશરણ

(૧)

અપ્પં ચ અહિવિકખ વઈ, પ્રબન્ધં ચ ન કુવ્વઈ ।
મેત્તિજ્જમાણો ભયઈ, સુયં લદ્દ્રં ન મજ્જઈ ।।

-ઉત્તરાધ્યયન સૂત્ર ૧૧/૧૧

ઉત્તરાધ્યયન સૂત્રમાં વિનીત પુરુષની આ વ્યાખ્યા આપી છે: 'જે કોઈનો જરા પણ તિરસ્કાર કરતા નથી, ક્રોધાદિનો પ્રબંધ ચિરકાળ સુધી રાખતા નથી, મિત્રની મિત્રતાનું પાલન કરે છે, શ્રુત-શાસ્ત્ર ભણીને તેનો અહંકાર કરતા નથી.' ઉપરાંત આગળના શ્લોકમાં વિશેષ કહ્યું છે કે, 'આવા વિનીત પુરુષ કોઈ ઉપર દોષારોપણ કરતા નથી અને અન્યના ગુણોનો ગુણાનુરાગ કરે છે.

ડૉ. રશ્મિભાઈ આવા વિનીત પુરુષ હતા. જેમનો ધર્મ મેંતિ ભૂએસુ કપ્પણ-મૈત્રી મારો ધર્મ છે.

તત્ત્વજ્ઞાન અને જૈનદર્શનના બહુશ્રુત શ્રુતપૂજક રશ્મિભાઈ આત્મશુદ્ધિ અને સિદ્ધિના યાત્રિક હતા. રશ્મિભાઈ એક લીલાછમ વૃક્ષ જેવા હતા. ઘણી ડાળીઓ, ઘણાં પર્ણો અને ફળ ફૂલથી ભર્યા ભર્યા હતા. આ વૃક્ષ ઉપર કોઈ પણ પોતાનો માળો બાંધી શકે એવા એ પરગજુ અને પ્રેમાળ.

આ સંસ્થા અને 'પ્રબુદ્ધ જીવન' સાથે એમનો હૃદય સંબંધ. 'પ્રબુદ્ધ જીવન'ના ૨૦૧૩નો 'ગણધરવાદ' વિશેના વિશિષ્ટ અંકનું એમણે માનદ્ અને યશસ્વી સંપાદન કાર્ય કર્યું હતું.

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું જેમના જીવનમાં સતત વહેતું રહ્યું હતું એવા આ ડૉ. રશ્મિભાઈ ઝવેરીને તમે એક વાર સહજ મળો તો વધુ વખત મળ્યાનો આનંદ અનેક વારમાં પલટાઈ જાય. એમને મળવું એટલે જાણે આપણી એક જ્ઞાન ભંડારની મુલાકાત. હૂંફ તો એવી આપે કે જાણે શિયાળાની કડકડતી ઠંડીમાં ઉષ્માભર્યા તાપણા પાસે આપણું આસન, જે જ્ઞાનનું તેજ પણ અપાવે. એમના ઘરની અગાસીમાં ફૂલના કુંડા વચ્ચે આકાશની છત નીચે આ દંપતીનું સાન્નિધ્ય મ્હાણીએ ત્યારે શોધવું પડે કે આ સુગંધ એ કુંડાના ફૂલની છે કે આ દંપતીના જ્ઞાન અને સ્નેહની છે! ચંદ્ર તારાના તેજમાં આપણે બાગબાગ થઈ જઈએ.

રશ્મિભાઈએ જીવનની કારકીર્દિ તો ઘડી આંકડા સાથે. મુંબઈ યુનિવર્સિટીમાંથી વાણિજ્ય શાખામાં માસ્ટર ડીગ્રી મેળવી સી.એ. થયા અને ધન પ્રાપ્તિ કરવા સી.એ.ની સફળ પ્રેકટિસ કરી, આયુષ્યના સાંઠ વરસની ઉંમર સુધી.

૧-૧૦-૧૯૩૫માં કચ્છ અંજારમાં ઉદ્યોગપતિ અને ધર્મ ચિંતક પિતા જેઠાભાઈ ઝવેરીને ત્યાં માતા સૂરજબેનની કુખે અવતરનાર આ રશ્મિભાઈને સી.એ.ની આંકડા લીલાથી સંતોષ ન થયો એટલે આત્મવિકાસ માટે એમણે ઝાલ્યો શબ્દનો હાથ. પાંસઠ વર્ષની ઉંમરે જૈનોલોજીમાં એમ.એ. કર્યું અને 'પ્રેક્ષાધ્યાન' ઉપર શોધ પ્રબંધ લખી પીએચ.ડી.ની ઉપાધિ પણ ગ્રહણ કરી. આમ 'આંક' અને 'શબ્દ'ના બે ગજરાજો ઉપર સવારી. શુભ કર્મોદયની આ પરિણતિ.

ઉપરાંત આ રશ્મિભાઈ એવા સદ્ભાગી કે આ યુગના મહાન જૈન ચિંતક આચાર્ય મહાપ્રજ્ઞજીનું એમને સાન્નિધ્ય સાંપડ્યું.

જૈન ધર્મના આગમો અને અનેક ગ્રંથોના અભ્યાસી તેમજ ૨૫ થી વધુ પુસ્તકો અને અનેક લેખના કર્તા અને પ્રભાવક વક્તા ડૉ. રશ્મિભાઈની જીવન છાબમાં અનેક ઉપલબ્ધિઓ અને સાફામાં પણ એક કરતાં વધુ યશકલગીઓ છે.

વ્યવસાય ક્ષેત્રે જૈન સી.એ. ફાઉન્ડેશન તેમજ ફોરમ ઓફ જૈન ઈન્ટેલેકચ્યુઅલના સ્થાપક પ્રમુખ, ઈન્કમ ટેક્સ ટ્રીબ્યુનલ બોર્ડના ખજાનચી, સામાજિક ક્ષેત્રે, વેજીટેરિયન કોંગ્રેસના પ્રમુખ, લાયન કલબના સેક્રેટરી, પત્રકાર ક્ષેત્રે, 'જૈન જગત', 'મંગલયાત્રા' અને 'શ્રી જીવદયા'ના એક સમયે તંત્રી, સાહિત્ય ક્ષેત્રે આચાર્ય મહાપ્રજ્ઞના સૂત્રકૃતાંગના ગુજરાતી અનુવાદક, જૈન પ્રચાર ક્ષેત્રે વિદેશોમાં જૈન ધર્મના આરાધક, પ્રેક્ષાધ્યાનના સંચાલક અને પ્રચારક, તેમજ જૈન ધર્મના વિવિધ વિષયો ઉપરના પ્રભાવક વક્તા.

ડૉ. રશ્મિભાઈને મહારાષ્ટ્ર સરકારે ગિરનાર એવોર્ડથી નવાજ્યા છે, અને અનેક સંસ્થાએ એમને જૈનરત્નથી સંબોધ્યા છે.

મૌન, મંત્ર અને ધ્યાનના આરાધક આ વિદ્વદ્ શ્રાવકે કેન્સરના મહારોગને પાંચ વર્ષ સુધી હંફાવ્યો, પણ અંતે એ રોગે એમના દેહને હંફાવ્યો.

રશ્મિભાઈના ઉદ્યોગપતિ પિતા જેઠાભાઈએ 'સંથારો' ગ્રહણ કર્યો હતો. લઘુબંધુ મહેન્દ્રકુમારજી તેરાપંથ સમુદાયના આચાર્ય મહાપ્રજ્ઞજીના દીક્ષિત શિષ્ય. આમ પૂરો પરિવાર ધર્મમય.

રશ્મિભાઈ પોતાના ક્ષીણ થતા દેહથી સભાન હતા. જેમ જેમ દેહ ક્ષીણ થતો ગયો તેમ તેમ આત્માની શાશ્વતતા જાગૃત થતી ગઈ અને સંપૂર્ણ ધર્મમય જીવનની દિનચર્યા એમણે છેલ્લા દાયકામાં ઓઢી લીધી હતી.

આવું સમાધિ મૃત્યુ વિરલ આત્માને જ પ્રાપ્ત થાય.

ડૉ. રશ્મિભાઈના કયા પરિવારને આપણે સાંત્વના આપીએ?

ડૉ. રશ્મિભાઈ અને અંજનાબેનના રળિયામણા દામ્પત્યની એક ડાળ વિખૂટી પડી પણ સુગંધ તો શાશ્વત રહેશે જ. આ સૌભાગ્ય વિરલ છે.

ૐ શાંતિ શાંતિ શાંતિ!

**-ધનવંત શાહ અને**
**મુંબઈ જૈન યુવક સંઘ**
**તેમજ પ્રબુદ્ધ જીવન પરિવાર**

# નિર્ગ્રંથ સ્થિતિ : ઉચ્ચ જીવનનો રાજમાર્ગ

❑ શાંતિલાલ ગઢિયા

જેણે ગ્રંથિમાંથી અથવા બંધનમાંથી મુક્તિ મેળવી છે, તે નિર્ગ્રંથ વ્યક્તિ છે. તેથી સ્વાભાવિક આપણને ક્ષપણક (બૌદ્ધ યા જૈન સાધુ) પ્રત્યે પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે. સાંસારિક જીવનું લક્ષ્યબિંદુ આ જ હોવું જોઈએ. આપણું મન કેટલાંય વળગણોથી લપેટાયેલું હોય છે. આ મજબૂત જંજીરમાંથી છૂટીએ તો જ આત્મસ્વરૂપની ઓળખ થાય. ઉચ્ચ જીવનનો આ રાજમાર્ગ કઈ રીતે મળે?

**(૧) વિષય ભોગ પર સંયમ**

દેહધર્મ પૂરતી કેટલીક સ્થૂળ જરૂરતો તૃપ્ત કરવી જ રહી, પરંતુ તેમનો અમર્યાદ વિનિયોગ ઉચિત નથી.દા. ત. પતિધર્મ બજાવવો એક વાત છે અને પત્નીમાં વિષયાસક્ત રહેવું, જુદી વાત છે. આવું જ આહાર, વિહાર, નિદ્રા વગેરે માટે કહી શકાય. પ્રમાદ છોડી વહેલા ઊઠવું જોઈએ. રાત વ્યતીત થયા બાદ પ્રભાતના સોનેરી કિરણોમાં સદ્‌વિચારનો પ્રવેશ ભળવો જોઈએ. ત્યારબાદ સદાચારયુક્ત કર્મ-ભક્તિથી આખા દિવસને રમણીય બનાવવો જોઈએ. એમ કરવામાં વ્યક્તિગત સુખનો ભોગ આપવો પડે, તો તેની પણ તૈયારી હોવી જોઈએ, કારણ વાસ્તવિક સુખ રાગ-અનુરાગમાં નહિ, વિરાગમાં છે.

સવારમાં ફક્ત જાગવું પર્યાપ્ત નથી. કેટલાક દેહનિદ્રા સમાપ્ત થવા છતાં મનોનિદ્રામાંથી બહાર આવી શકતા નથી. મનને સાત્ત્વિક વિચારોથી જાગૃત કરવું જોઈએ.

**(૨) વૃત્તિ-પ્રવૃત્તિનું ઊર્ધ્વીકરણ**

અનેક પુણ્યના પ્રતાપે શુભ માનવદેહ મળ્યો છે. તેથી એવા કામ કરવાં કે રાતે સુખેથી સુવાય. સત્ત્વશીલવાનને જ સુખની નિદ્રા આવે છે, દુરાચારીને નહિ. આપણે સુખ અને આનંદ માટે પ્રવૃત્તિઓ કરીએ છીએ, પણ સુખ-આનંદ નિર્દોષ હોવાં જોઈએ. આપણી વૃત્તિઓ-પ્રવૃત્તિઓ સંસારપ્રયોજન પૂરતી સીમિત ન રહેતાં પરલક્ષી બનવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, તેમનું ઊર્ધ્વીકરણ થવું જોઈએ. ઘણું કરીને માણસ ચાવી ચડાવેલ રમકડાં જેવો છે. ચાવીની ઊર્જા પૂરી થતાં રમકડાની ગતિ બંધ થઈ જાય છે. આપણે પણ વૃત્તિઓની ચાવીથી ગતિશીલ રહીએ છીએ અને એમાં જ જીવન સમાપ્ત થઈ જાય છે. પશુપંખી આ જ કરે છે ને? કહેવાનું તાત્પર્ય એ કે વૃત્તિઓને ઊંચે લઈ જઈ સમાજહિત તરફ અને ઈશ્વરભક્તિ તરફ વાળવી જોઈએ. નદીનાળાનું પાણી આમતેમ વ્યર્થ વેડફાઈ ન જાય એટલા માટે એને યોગ્ય દિશામાં વાળી જીવસૃષ્ટિ અને ફળદ્રુપ જમીન માટે લાભકારી બનાવવામાં આવે છે. તે જ પ્રમાણે વૃત્તિઓનું ઈષ્ટ માર્ગાંતર કરવું જોઈએ.

**(૩) શાસ્ત્રો-સંતોનો સમાગમ**

સર્વ શાસ્ત્રોનો એકમત છે કે માનવે સર્વાત્મા તરફ સમદૃષ્ટિ રાખવી જોઈએ. નિર્વેર અને તૃષ્ણાત્યાગી બનવું જોઈએ. આપણાથી અઘટિત કૃત્યો ન થાય એટલા માટે શાસ્ત્રો અને સંતો દીવાદાંડીની ગરજ સારે છે. મન, વચન અને કાયાથી નિત્ય પવિત્ર કાર્યો કરતા રહીએ, તેની પ્રેરણા આપણને તેમની પાસેથી મળે છે. જ્ઞાનીઓનાં અનુભવસિદ્ધ વચન વ્યક્તિએ આત્મસાત્ કરવા ઘટે, કારણ તેના થકી પરમતત્ત્વ તરફનો માર્ગ દૃશ્યમાન થાય છે. ફળસ્વરૂપ શુદ્ધ સચ્ચિદાનંદ અને કરૂણામય પરમેશ્વરની ભક્તિ ચિત્તને નિર્ગ્રંથ બનાવે છે. સદ્‌ગ્રંથોનું ઉપરછલ્લું વાંચન કે ગુરુ-સંત-મહાત્મા સાથેની સ્થૂળ નિકટતા અપેક્ષિત પરિણામ લાવી શકતી નથી. વ્યક્તિની અંતઃચેતના એ માટે પૂર્ણ જાગૃત હોવી જોઈએ. ઉક્ત પરિબળો તો ચેતનાની વાટને સંકોરી દિવ્ય પ્રકાશ રેલાવવાનું કાર્ય કરે છે

એ-૬, ગુરુકૃપા સોસાયટી,
ઈન્દ્રપુરી પાછળ, હરણી રોડ,
વડોદરા-૬.
ફોન: ૨૪૮૧૬૮૦.

**મારી ફર્ટીલાઈઝરની શોધ અને સિદ્ધાંત ખોટો હતો**

**ફર્ટીલાઈઝરના શોધક જર્મન વૈજ્ઞાનિક શ્રી જસ્ટન લીબીગે**

'ભગવાન મને માફ કરે મેં ફર્ટીલાઈઝરની શોધ કરીને બહુ મોટું પાપ કર્યું છે.'

'મારો કેમિકલ ફર્ટીલાઈઝરનો સિદ્ધાંત, થીયરી અને શોધ તદ્દન ખોટી હતી. તેના કારણે જમીનમાં રહેલા કરોડો બેક્ટેરીયા અને અર્થવર્મ (અળસીયા) જેવા જીવો મરી જાય છે. તેમની હત્યા થઈ જાય છે. જમીન નિર્જીવ (ડેડ) બની જાય છે. ફર્ટીલાઈઝરો ગરમ હોવાથી જમીનનો ભેજ ખતમ થઈ જાય છે. પાકોને નુકશાન થાય છે. સેંન્દ્રિય તત્ત્વોનો નાશ થાય છે.

ફર્ટીલાઈઝરથી ઉત્પન્ન અન્ન, ફળો વગેરે ખાવાથી મનુષ્યોમાં રોગો અને મૃત્યુનું પ્રમાણ વધ્યું છે. તેના કારણે પાકોમાં પણ જીવાતો અને રોગોનું પ્રમાણ વધ્યું છે.

મારી શોધના વિનાશક અને ભયાનક પરિણામો જોયા પછી મને ખૂબ જ પસ્તાવો અને દુઃખ થઈ રહ્યું છે.

હું સમગ્ર માનવજાતિનો, કુદરત અને ભગવાનનો ગુનેગાર છું.'

[ **સૌજન્ય : 'ગૌરક્ષાપાત્ર'** ]

# સર્જન –સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **ગીતા જીવનની આચાર સંહિતા**
લેખક - ડૉ. મૃદુલા મારફતિયા
પ્રકાશક : ગૂર્જર પ્રકાશન. ઉલ્લાસ મનુભાઈ શાહ, ૨૦૨, તિલકરાજ, પંચવટી લેન, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન નં. : ૦૭૯-૨૨૧૪૧૬૬૩
મૂલ્ય-રૂા. ૧૦૦/-. પાના-૧૪+૧૮૬.
આવૃત્તિ - પહેલી, ઇ. સ. ૨૦૧૪.

ડૉ. મૃદુલબહેને ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી, જન્મભૂમિ પ્રવાસીની રવિવારની આવૃત્તિમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' ઉપર લખેલ ૫૮ લેખો આ પુસ્તકાકારે પ્રકટ થયા છે.

આ ગ્રંથમાં લેખિકાએ ભાવાનુવાદ કે સમજૂતી આપવાની પરંપરાને છોડી દરેક અધ્યાયમાં એના રચનાકારનો પ્રતિપાદ્ય મુદ્દો કયો છે તેને રજૂ કર્યો છે. અનેક લેખકો અને વિચારકોના મંતવ્યો તથા અર્થઘટનો ઉપયોગમાં લીધાં છે. પરંતુ ક્યાંય વિષયાન્તર કે બિનજરૂરી વિસ્તાર નથી કર્યો. ગીતામાં રજૂ થયેલ વિચારો સરળ રીતે રજૂ કરી સુગમ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાના ગુજરાતી ભાષામાં થયેલા અધ્યયનોમાં મૃદુલાબહેનનું આ અધ્યયન મૂલ્યવાન ઉમેરણ સમાન છે. આ ગ્રંથની વિશેષતા એ છે કે વિષયવસ્તુ ઉપરની પકડ, વિષયને નિહાળવાનો બૌદ્ધિક અભિગમ અને અભિવ્યક્તિની સ્પષ્ટતા તથા સ્વચ્છતા અને વિશદતા છે. મૃદુલાબહેન માને છે 'ગીતા માનવ જીવનની આચારસંહિતા છે એમ કહી શકાય. મનુષ્યનો માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ ઉચ્ચત્તમ કક્ષા સુધી સધાય તે કાજે ગીતાકારે સમગ્ર ગ્રંથ દરમ્યાન પ્રયત્ન કરેલો જણાય છે. સામાન્ય માનવીને તેના સુખદુઃખના સમયે તટસ્થ રહી પોતાનું કર્તવ્યકર્મ કરતા રહેવાનું અનેરું બળ ગીતા આપે છે. આ વાણી કેવળ અર્જુન માટે જ નહિ બલ્કે મનુષ્ય માત્રને દિલાસારૂપ નીવડે એવી અમર વાણી છે જેમાં વ્યવહાર અને અધ્યાત્મ જ્ઞાન બંને સાંકળી લેવામાં આવ્યા છે.'

ગીતાના અર્થરહસ્યને સમજાવવાની મથામણ કરતો આ ગ્રંથ લોકોને માર્ગદર્શન આપે તેવો છે.

x x x

પુસ્તકનું નામ : **ધ્યાન : એક પરિશીલન**
લેખક : સુનંદાબહેન વોહોરા
પ્રકાશક : શ્રી દીપકભાઈ અને ધર્મીબહેન શાહ ૫૮૨, રીજલાઈન રન, લોન્ગવુડ ફ્લોરિડા, ૩૨૭૫૦ યુ.એસ.એ. ફોન : ૪૦૭-૨૬૦-૨૩૦૩.
મૂલ્ય : રૂા. ૧૨૫/-; પાના : ૨૧૬.
આવૃત્તિ-ત્રીજી, ૨૦૧૫. વૈશાખ સુદ-૧૦.
પ્રાપ્તિસ્થાન : સુનંદાબહેન વોહોરા
૫, મહાવીર સોસાયટી, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭. (ગુજરાત) ફોન નં. : (૦૭૯) ૨૬૫૮૯૩૬૫. સમય : સાંજે ૫ થી ૬.

માનનીય સુનંદાબહેને જ્ઞાની અને વિદ્વત્‌જનોના પ્રાચીન અને અર્વાચીન અનેક ગ્રંથોનો આશ્રય લઈ સ્વયં સ્ફુરણાથી આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથની ઉડીને આંખે વળગે એવી વિશેષતા એ છે કે તેની શૈલી સરળ, સરસ અને પ્રવાહી છે જેથી વિશાળ વાચક વર્ગને ઉપયોગી થઈ શકે તેમ છે. રોજિંદા જીવનના દૃષ્ટાંતોને કારણે મધ્યમ કક્ષાના સાધકોને પણ ઉપયોગી થઈ શકે તેમ છે.

ગ્રંથનું પ્રયોજન મધ્યમ કક્ષાના ધ્યાનના સાધકોને માર્ગદર્શન અને પ્રેરણા મળે તે છે. વિષયની રજૂઆત આધ્યાત્મિક દૃષ્ટિથી કરી છે. ભાષા સાદી અને સરળ છે જેથી સામાન્ય જનસમૂહ પણ સમજી શકે. ગૂઢ રહસ્યોથી ભરેલા ધ્યાનમાર્ગના વિષયને સરળ શૈલીમાં રજૂ કરવાનું કપરું કાર્ય સાવધાનીપૂર્વક લેખિકાએ કર્યું છે. યોગના વિવિધ પાસાંઓનું કરેલું સ્પષ્ટીકરણ જનસમૂહને ઉપયોગી, રસપ્રદ અને વિચારપ્રેરક થાય તેવું છે. ધ્યાનનું મહાત્મ્ય અને તે માર્ગની સાધનામાં જે ઉત્સાહપ્રેરક પ્રેરણા આપી છે તે સાધકવર્ગના હૃદયને સ્પર્શી જાય તેવી છે.

આ ગ્રંથમાં સૌથી મહત્ત્વનો વિભાગ પૂર્તિનો છે જેમાં પ્રાચીન અને અર્વાચીન મહાપુરુષો દ્વારા પ્રણીત વિવિધ ગ્રંથોમાંથી ચૂંટી કાઢેલું ઉત્તમ ધ્યાન વિષયક સાહિત્ય સરળ ભાષામાં અવતરિત કરેલ છે.

ગુજરાતી ભાષી સમસ્ત અધ્યાત્મ પ્રેમી જનતાને આત્મજ્ઞાન, આત્મવિચારણા અને આત્મધ્યાનની પ્રેરણા આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય તેમ છે.

x x x

પુસ્તકનું નામ : **શ્રી કૃષ્ણ ચરિત્ર**
(ઉદયગિરિના યોગેશ્વર તપસ્વી પૂ. જગજીવન સ્વામી વિરચિત પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ મ.સા. વિજયજી વિવૃત્તિ)
લેખક : ગુણવંત બરવાળિયા
પ્રકાશક : પ્રવીણ પબ્લિકેશન, લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન નં. : (૦૨૮૧) ૨૨૩૨૪૬૦/ ૨૨૩૪૬૦૨.
મૂલ્ય-રૂા. ૩૦૦/-, પાના-૨૯૪.
આવૃત્તિ-પ્રથમ-૨૦૧૫.

પૂ. તપસ્વી જગજીવન સ્વામી મહારાજે શ્રી કૃષ્ણ ચરિત્ર કાવ્યનું આલેખન કર્યું છે અને તેમાં દરેક પાત્રને ન્યાય મળે તે રીતે શબ્દોનો ખૂબ જ વિવેક જાળવ્યો છે. તેઓશ્રીએ લોકસાહિત્યના ભાવ ઠેકઠેકાણે ઉજાગર કર્યા છે. કાવ્યમાં અલંકારો મોતીની જેમ ચમકે છે. સમગ્ર ચારિત્ર જૈન સિદ્ધાંતોના આધારે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણ પ્રાચીન ઇતિહાસના મહિમાપૂર્ણ અવતારી પુરુષ હતા અને પવિત્ર ગીતા તેમના મુખેથી પ્રગટ થઈ છે. જૈન ગ્રંથોમાં વાસુદેવ કોઈ વ્યક્તિ નથી. રાજાધિરાજ ત્રણ ખંડના અધિપતિ હોય તેવી સત્તાને ધારણ કરનારને વાસુદેવની પદવી અપાય છે. શ્રીમદ્ ભાગવતના મહાન કૃષ્ણ તે જ જૈન સાહિત્યના કૃષ્ણ વાસુદેવ છે.

સંપૂર્ણ ચરિત્ર શ્રીકૃષ્ણ વાસુદેવને દૃષ્ટિમાં રાખીને જૈન કથાઓના આધારે પૂ. તપસ્વીજી મહારાજે કાવ્યરૂપે આલેખ્યું છે. પૂજ્યશ્રીએ બહુ જ સૂક્ષ્મ વિવેક વાપરીને ભગવાન શ્રી કૃષ્ણના જીવનચરિત્ર સાથે બંધ ન બેસે તેવી હકિકતને છોડી દીધી છે. તેનો ઉલ્લેખ ન કરતાં સૌમ્ય ભાષામાં વૃત્તાંત પ્રગટ કર્યું છે. શ્રીમદ્ ભાગવતના મહાન કૃષ્ણ અને જૈન સાહિત્યના કૃષ્ણ વાસુદેવ બંનેના વૃત્તાંતમાં સૈદ્ધાંતિક અંતર જોવામાં આવે છે, જેનો તપસ્વી મહારાજે સૌમ્ય ભાવે ઉલ્લેખ કર્યો છે.

કાઠિયાવાડી ભાષાના જૂના શબ્દો અને લોકજીવન વ્યવહારૂ શબ્દો દ્વારા કાવ્યને ઉત્તમ રીતે શણગાર્યું છે.

x x x

પુસ્તકનું નામ : **શ્રી સહજાનંદઘન ગુરુ ગાથા (હિન્દી)**

લેખક : પ્રા. પ્રતાપકુમાર ટોલિયા
પ્રકાશક : જિનભારતી,
વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન,
પ્રભાત કોમ્પ્લેક્સ, કે.જી. રોડ,બેંગલોર-૫૬૦૦૭૪
ફોન : ૦૮૦-૨૬૬૬૭૮૮૨. મૂલ્ય-રૂા. ૨૫૦/-
પાના-૧૪૬. આવૃત્તિ-પ્રથમ ૨૦૧૫.

આ પુસ્તકના લેખક શ્રી પ્રતાપભાઈ કહે છે કે પરમગુરુ અને માની પરમછાયા ગયા પછી વિદુષી વિમલાતાઇએ સાથ આપ્યો અને જીવનપ્રસંગો અને પ્રત્યક્ષ સત્સંગો દ્વારા મા અને ગુરુદેવના જીવનને અધિક રીતે જાણવાનો સમજવાનો ઉપક્રમ સધાયો. એમના મહાજીવનને થોડાંક અંશોમાં અહીં પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કર્યો છે. ગુરુદેવના આ મહાજીવનને અને એમના યુગપ્રભાવક યુગપ્રધાન પદને સિદ્ધ કરવાનો અને વિરાટ રૂપમાં પ્રસ્તુત કરવાનો ઉપક્રમ આ પુસ્તકમાં સાધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અન્ય દૃષ્ટિથી જોઈએ તો ગુરુદેવનો જન્મ કચ્છમાં, ઉત્તર અને ભારતભરમાં, કર્ણાટકમાં જે યુગપ્રધાન ભદ્રબાહુની યોગભૂમિ અને મુનિસુવ્રત ભગવાનની સિદ્ધ ભૂમિમાં શેષ જીવન વિતાવવું વગેરે બાબતો મહત્ત્વપૂર્ણ છે. તેથી આ ગ્રંથમાં મહાપ્રભાવક ગુરુદેવની આ મહાજીવનગાથા વિદ્વત્જનો અને સામાન્યજનોને ઉપયોગી થાય તેમ છે. ખાસ કરીને સાધનાક્ષેત્રમાં સંશોધન કરનાર યુવાનોને પ્રેરણારૂપ છે.

આ રીતે પૂજ્ય ગુરુદેવની આ પાવન જીવનકથા પૂજ્ય 'મા'ના થોડાંક બહુમૂલ્ય દુર્લભ જીવનપ્રસંગો વગેરે પ્રેરણાદાયી છે.

x x x

પુસ્તકનું નામ : **પર્યાવરણ, વૈશ્વિક તાપમાન અને ધર્મ**
લેખક-સંપાદન : ગુણવંત બરવાળિયા
પ્રકાશક : પ્રવીણ પબ્લીકેશન, લાભ ચેમ્બર્સ, મ્યુનિસિપલ કોર્પોરેશન સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : (૦૨૮૧) ૨૨૩૨૪૬૦/૨૨૨૩૪૬૦૨.
મૂલ્ય-રૂા. ૧૭૫/-, પાના-૧૬૮, આવૃત્તિ-પ્રથમ, ૨૦૧૫.

શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ લખેલ અને સંપાદન કરેલ પુસ્તક 'પર્યાવરણ, વૈશ્વિક તાપમાન અને ધર્મ' એક વિશિષ્ટ પુસ્તક છે.

આ પુસ્તકમાં કહેવાયું છે કે અધિક આવશ્યકતા, અધિક માગ, અધિક ખપત અને અધિક ઉપભોગ પર્યાવરણ પ્રદૂષણમાં કારક તત્ત્વો છે. બધાં જ ધર્મોએ પર્યાવરણને મહત્ત્વ આપ્યું છે પણ જૈન ધર્મ પર્યાવરણનો જ ધર્મ છે. પૃથ્વી પર જે પર્યાવરણ પ્રદૂષિત થયું છે જેની પાછળ અનાવશ્યક ઉપભોગ છે. જે સંયમી જીવનથી નિયંત્રિત કરી પર્યાવરણને શુદ્ધ બનાવી શકાય. આ પુસ્તકમાં બધા ધર્મોમાં પર્યાવરણની વિભાવના આપી છે અને પર્યાવરણની સમસ્યા ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કરી છે. વધતા વૈશ્વિક તાપમાનમાં ભારતનું યોગદાન છે. ગ્લોબલ વોર્મિંગની પ્રતિકૂળ અસર, કુદરતી સંપત્તિનો વિવેકપૂર્વક ઉપયોગ એ માનવધર્મ, પૃથ્વીરૂપ આપણાં માળાને બચાવીએ, જળ એ જીવન, ધર્મ અને પર્યાવરણ વગેરે ૩૭ શીર્ષક તળે આ વિષયની અદ્ભુત છણાવટ કરી છે. આ પુસ્તક દ્વારા લેખકે પ્રાચીન સમયથી ભારતીઓની વસુધૈવ કુટુંમ્બકમ્‌ની ભાવનાને ઉજાગર કરી છે. આ ગ્રંથમાં ધાર્મિક, આર્થિક, સામજિક વિચારોનો ત્રિવેણી સંગમ છે.

આ પુસ્તકમાં ઉડીને આંખે વળગે એવી વાત એ છે લેખકનો પુરુષાર્થ અને વિષયની સર્વગ્રાહી રજૂઆત છે. આવા અભ્યાસપૂર્ણ અને માહિતીપ્રદ આ પુસ્તક પર્યાવરણ જાગૃતિના કાર્યોમાં

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા સોમવાર તા. ૧૬-૧૧-૨૦૧૫ના રોજ સાંજના ૫-૦૦ કલાકે **મારવાડી વિદ્યાલય** હાઈસ્કૂલ, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ખાતે મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.
(૨) ગત વર્ષ ૨૦૧૪-૧૫ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના વૃત્તાંત તથા ઑડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૩) સને ૨૦૧૫-૧૭ ની સાલ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની નિમણૂંક કરવી.
(૪) સને ૨૦૧૫-૧૬ ની સાલ માટે સંઘ માટે ઑડિટરની નિમણૂંક કરવી.
